परोपकाराय सतां विभूतयः

ॐ

# श्री तत्त्वार्थाधिगमसूत्रम्

सरहस्यम्

प्रकाशक-

श्री जैन श्रेयस्कर मंडळ,

म्हेसाणा.

॥ परोपकाराय सतां विभूतयः ॥

॥ श्रीउमास्वातिवाचकविरचितम् ॥

# ॥ तत्त्वार्थाधिगमसूत्रम् ॥

રહસ્યાર્થ સાથે.

સ્વધર્મી ભાઇઓ બ્હેનોને વાંચવા ભણવા નિમિત્તે
શ્રી પાટણનિવાસી શા સેવંતિલાલ નગીનદાસ
તરફથી બાઇ દીવાળીબાઇના સ્મરણાર્થે ભેટ.

છપાવી પ્રસિદ્ધકર્તા
શ્રી જૈન શ્રેયસ્કર મંડળી-મ્હેસાણા
તરફથી શા વેણીચંદ સુરચંદ.

શ્રી વિજય નેમિસૂરિ-
શાસન સમ્રાટ
૧૦૮
સ્થાન: ૦૯
હઠીસિંહની વાડી

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

રીચીરોડના પુલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાભાઇએ છાપ્યું.

અમદાવાદ.

સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. સને ૧૯૧૬.

# સૂચના.

પુસ્તકને જેમ તેમ જ્યાં ત્યાં રખડતું મૂકવું નહિ,
અશુદ્ધ હાથે પુસ્તકને અડકવું નહિ, તેમજ
ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ.

पूर्णपुण्यनयप्रमाणरचना–पुष्पैः सदास्थारसैः
तत्त्वज्ञानफलैः सदा विजयते स्याद्वादकल्पद्रुमः ।
एतस्मात् पतितैः प्रवादकुसुमैः षट्दर्शनारामभू–
र्भूयः सौरभमुद्वमत्यभिमतैरध्यात्मवार्तालवैः ॥ १ ॥

પૂર્ણ પવિત્ર સાત નય અને ચાર પ્રમાણની રચના રૂપ ફૂલો, નિરંતર શ્રદ્ધા રૂપ રસ અને તત્ત્વ જ્ઞાન રૂપ ફળો વડે સ્યાદ્વાદ મત રૂપ કલ્પવૃક્ષ સદા જયવંત વર્તે છે. એ સ્યાદ્વાદ મત રૂપ કલ્પવૃક્ષથી ખરી પડેલાં પ્રવાદરૂપી ફૂલોવડે ષટ્ દર્શનરૂપ બગીચાની ભૂમિ પોતે માની લીધેલા અધ્યાત્મની વાર્તાઓના લેશવડે વારંવાર સૌગંધ્યને પ્રકટ કરે છે.

—अध्यात्मसारे.

# ઉપોદ્‌ઘાત.

જન્મ મરણરૂપ સંસારચક્રના ભ્રમણવડે શ્રાંત થયેલ જીવોનાં સંતપ્ત હૃદયોને શાંતિ આપી, તેની આધ્યાત્મિક ભાવનાઓને સતેજ કરી, તે ભાવનાદ્વારા પરમપદને અનુકૂળ પ્રવૃત્તિમાં તેને જોડી, અપવર્ગની પ્રાપ્તિ કરાવનાર સદ્‌જ્ઞાન છે. પુસ્તકો તેવા સદ્‌જ્ઞાનની પ્રાપ્તિના સાધનભૂત હોવાથી પૂર્વકાળના મહા સમર્થ જ્ઞાની પુરૂષોના રચેલા ગ્રંથો-મૂળ અથવા ચાલુ જમાનાની કસાયેલી કલમથી લખાયેલા તેના ભાષાંતર (વિવેચન) સાથે અથવા નવીન પદ્ધતિથી વિદ્વાન્ મુનિવર્ય તથા શ્રાવકવર્યના લખેલા કે સંશોધન કરી સંગ્રહ કરેલા ગ્રંથો ઉદાર સદ્‌ગૃહસ્થોની દ્રવ્ય સહાયથી છપાવી વિના મૂલ્યે કે અલ્પ મૂલ્યે આપી ગામો ગામ અને ઘરોઘર તેનો લાભ આપવાનો અમારો આ પ્રયાસ વર્ષો થયાં ચાલુ છે.

૨ તત્ત્વ જ્ઞાનની પ્રાપ્તિદ્વારા મોક્ષપદ સરળતાથી મેળવી શકાય એ વાત સિદ્ધ હોવાથી તત્ત્વજ્ઞાનમય મોક્ષ માર્ગ—"તત્ત્વાર્થાધિગમ" નામનો આ ઉત્તમ દાર્શનિક ગ્રંથ તેના રહસ્ય સાથે અમારી ગ્રંથમાળાના ૩૧ મા મણકા તરિકે અમોએ પ્રકટ કરેલ છે.

૩ આ ગ્રંથમાં સિદ્ધાંતના ગંભીર અર્થોનો નાના સંસ્કૃત સૂત્રોમાં બહુ સરળ રીતે સમાવેશ કરેલ હોવાથી દરેક મુમુક્ષુ ભવ્યાત્માઓને ખાસ અભ્યાસ કરવા લાયક આ ગ્રંથ છે, તેથી મૂળ સૂત્રો, તેનો ભાવાર્થ અને ભાષ્યનો ટુંક સાર સરળ રીતે ગુજરાતી ભાષામાં આપવામાં આવેલ છે. અન્ય સંસ્થા તરફથી

આ ગ્રંથ સભાષ્ય ભાષાંતર સાથે છપાવવામાં આવેલ છે; પરંતુ તે હિંદી ભાષામાં હોવાથી તેમજ ભાષાન્તર શાસ્ત્ર રહસ્યના અજાણ પાસે કરાવેલ હોવાથી તાત્ત્વિક બાબતની તેમાં ઘણીએક સ્ખલનાઓ થયેલ છે; તેથી નવીન અભ્યાસીઓને તેના અભ્યાસની સરળતાને ખાતર અમોએ આ ગ્રંથ સરળ ગુર્જરભાષામાં તૈયાર કરી છપાવ્યો છે.

૪ આ ગ્રંથના દશ અધ્યાય છે. શરૂઆતમાં પ્રસ્તાવનારૂપે ૩૧ કારિકાઓ ગ્રંથકારે પોતેજ ભાષ્યની ભૂમિકામાં રચેલ છે, જે ખાસ મનન કરવા લાયક છે. તે પછી પહેલા અધ્યાયમાં સમ્યક્ત્વ, તત્ત્વો, નિક્ષેપાદિ, નિર્દેશાદિ તથા સદાદિદ્વારો, જ્ઞાન અને સાત નયનું સ્વરૂપ વર્ણવેલ છે. બીજા અધ્યાયમાં જીવોનું લક્ષણ, ઔપશમિકાદિ ભાવના ૫૩ ભેદ, જીવના ભેદ, ઈંદ્રિય, ગતિ, શરીર, તેનાં પ્રયોજનો–હેતુઓ, આયુષ્યની હીયમાન અને અન્યથા સ્થિતિ વગેરે વર્ણવેલ છે. ત્રીજા અધ્યાયમાં નરક પૃથ્વી, નારક જીવોની વેદના તથા આયુષ્ય, મનુષ્યક્ષેત્રનું વર્ણન અને તિર્યંચના ભેદ તથા સ્થિતિ વગેરે આવે છે. ચોથા અધ્યાયમાં દેવલોક અને દેવતાઓની ઋદ્ધિ, જઘન્યોત્કૃષ્ટ આયુષ્ય વગેરે બાબતો બતાવી છે. પાંચમા અધ્યાયમાં ધર્માસ્તિકાયાદિ અજીવનું તથા દ્રવ્યનાં લક્ષણનું, છઠ્ઠામાં આસ્રવનું, સાતમામાં દેશ અને સર્વ વિરતિનું, આઠમામાં મિથ્યાત્વાદિ હેતુથી થતા બંધનું, નવમામાં સંવર તથા નિર્જરાનું અને દશમા અધ્યાયમાં મોક્ષ તત્ત્વનું વર્ણન છે. તે પછી આખા ગ્રંથના સાર રૂપ મોક્ષમાર્ગ ટુંકમાં વર્ણવેલ છે. ઉપસંહારમાં ૩૨ શ્લોકવડે સિદ્ધનું સ્વરૂપ બહુ સારી રીતે વર્ણવેલ છે, અને પ્રાંતે ગ્રંથકારની પ્રશસ્તિ આપવામાં આવેલ છે.

૫ પાંચશેં પ્રકરણના કર્તા પૂર્વધારી શ્રીમાન્ ઉમાસ્વાતિ

વાચકે આ ગ્રંથ તેના ભાષ્ય સહિત રચ્યો છે આ ગ્રંથમાં સૂત્રો-ના કાંઇક ન્યૂન બસો શ્લોક અને ભાષ્યના ૨૨૦૦ શ્લોક છે. શ્રી સિદ્ધસેન ગણિકૃત [ ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ ] ટીકા અને શ્રીમદ્ હરિભદ્રસૂરિકૃત ( ૧૧૦૦૦ શ્લોક પ્રમાણ ) ટીકા આ સૂત્ર ઉપર થયેલ લભ્ય છે. આ બંને ટીકાઓ ભાષ્યાનુસારી છે, એટલે સૂત્ર તથા ભાષ્ય ઉપર ટીકા છે. શ્રી સિદ્ધસેન ગણિકૃત ટીકામાં દેવગુપ્તાચાર્યે શરૂઆતની ૩૧ કારિકાઓ ઉપર ટીકા રચી છે અને બાકીની આખી ટીકા સિદ્ધસેન ગણિએ રચી છે.—

इतीयं कारिकाटीका शास्त्रटीकां चिकीर्षुणा,
संदब्धा देवगुप्तेन प्रीतिधर्मार्थिना सता.

હરિભદ્રસૂરિકૃત ટીકામાં હરિભદ્રસૂરિએ ૫ાા અધ્યાયની ટીકા કરેલી છે, અને બાકીની યશોભદ્રે પૂર્ણ કરી છે. મલયગિરી મહારાજ પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્ર ઉપરની પોતાની ટીકામાં કહે છે કે—*यथा च प्रमाणबाधित्वं तथा तत्त्वार्थटीकायां भावितमिति ततोऽवधार्यं ॥ આ ઉપરથી સંભવિત છે કે મલયગિરી મહારાજે પણ તત્ત્વાર્થ ઉપર ટીકા બનાવી હશે.

૬ દિગમ્બર આમ્નાયમાં આ ગ્રંથ ઘણો પ્રચલિત હોવાથી સૂત્રોના કેટલાક ફેરફાર સાથે આ ગ્રંથ તેઓ પોતાના સંપ્રદાયમાં થયેલા ઉમાસ્વામીજીનો બનાવેલ માને છે. આ સૂત્રની સંસ્કૃત તથા ભાષા ટીકાઓ તેમનામાં પણ ઘણી રચાયેલ છે.

*જૂઓ બાબુ ધનપતસિંહજી તરફથી છપાયેલ પ્રત પાનું ૩૬૫ अ

૭. આ ગ્રંથકારે ૫૯૦ પ્રકરણ રચ્યાં કહેવાય છે, તે પૈકી તત્ત્વાર્થાધિગમ સૂત્ર, પ્રશમરતિ પ્રકરણ અને જંબૂદ્વીપ સમાસ પ્રકરણ માત્ર હાલમાં લભ્ય છે. ક્ષેત્રવિચાર જેના ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી છે તે પણ ઉક્ત ગ્રંથકારનો લખેલ છે એમ માનવાને કારણો છે.

૮ કલકત્તાની રોયલ એસીયાટીક સોસાઇટી મારફત છપાયેલ તત્ત્વાર્થ ભાષ્યની એપેન્ડીક્ષ ડી ( પૃષ્ટ ૪૪–૪૫ ) માં બીજા ગ્રંથોમાં ઉમાસ્વાતિ મહારાજના વચનો ( જે લભ્ય ગ્રંથમાં નથી તે ) કહીને જે ફકરા આપ્યા છે તેથી ૫૦૦ ગ્રંથો ઉમાસ્વાતિ મહારાજે બનાવેલ કહેવામાં આવે છે તે વાતને ટેકો મળે છે. તેમાં આપેલ ઉપરાંત નીચેના ફકરાઓ પણ તેમના ગ્રંથોના હોય એમ જણાય છે. આ ફકરાઓમાં વાચક શબ્દ વાપર્યો છે તેથી ઉમાસ્વાતિ મહારાજના આ વચન છે એમ માની આ ફકરા ઉતાર્યા છે–

( એ ) ભાવવિજયજી વિરચિત ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં નીચે મૂજબ લખાણ છે.

અધ્યયન ૧૦, શ્લોક ૧, પૃષ્ઠ ૨૪૪ બી ( ૨ )

उक्तं वाचकमुख्यैः—

परिभवसि किमिति लोकं, जरसा परिजर्जरीकृतशरीरम् ।
अचिरात्त्वमपि भविष्यसि, यौवनगर्वं किमुद्वहसि ॥ १ ॥

[ બી ] શાન્ત્યાચાર્ય વિરચિત ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં નીચે મૂજબ લખાણ છે—

૧ અધ્યયન ૨, શ્લોક ૧૩, પાનું ૯૩ એ [ ૧ ]—

सम्यक्त्वज्ञानशीलानि, तपश्चेतीह सिद्धये ।
तेषामुपग्रहार्थाय, स्मृतं चीवरधारणम् ॥ १ ॥
जटी कूर्ची शिखी मुण्डी, चीवरी नग्न एव च ।
तप्यन्नपि तपः कष्टं, मौढ्याद्धि सो न सिद्ध्यति ॥ २ ॥
सम्यग्ज्ञानी दयावांस्तु, ध्यानी यस्तप्यते तपः ।
नग्नश्चीवरधारी वा, स सिद्ध्यति महामुनिः ॥ ३ ॥

इति वाचकवचनम् ।

૨ અધ્યયન ૨, શ્લોક ૧૩, પાનું ૯૫ બી ( ૮ )

उक्तं च वाचकैः—

शीतवातातपैर्दंशै-र्मशकैश्चापि खेदितः ।
मा सम्यक्त्वादिषु ध्यानं, न सम्यक् संविधास्यति ॥ १ ॥

૩ અધ્યયન ૪ પૃષ્ઠ ૧૮૦ ( એ ) "सूरिभिरुक्तम्—"

धर्मोपकरणमेवैतत्, न तु परिग्रहस्तथा ॥
जन्तवो बहवस्सन्ति, दुर्दृशा मांसचक्षुषाम् ।
तेभ्यः स्मृतं दयार्थं तु, रजोहरणधारणम् ॥ १ ॥
आसने शयने स्थाने, निक्षेपे ग्रहणे तथा ।
गात्रसङ्कोचने चेष्टं, तेन पूर्वं प्रमार्जनम् ॥ २ ॥
तथा—सन्ति सम्पातिमाः सत्त्वाः, सूक्ष्माश्च व्यापिनोऽपरे ।
तेषां रक्षानिमित्तं च, विज्ञेया मुखवस्त्रिका ॥ ३ ॥

किंच–भवन्ति जन्तवो यस्मा–दन्नपानेषु केषुचित् ।
तस्मात्तेषां परीक्षार्थं, पात्रग्रहणमिष्यते ॥ ४ ॥

अपरं च–सम्यक्त्वज्ञानशीलानि, तपश्चेतीह सिद्धये ।
तेषामुपग्रहार्थाय, स्मृतं चीवरधारणम् ॥ ५ ॥
शीतवातातपैर्दंशै–र्मशकैश्चापि खेदितः ।
मा सम्यक्त्वादिषु ध्यानं, न सम्यक् संविधास्यति ॥ ६ ॥
तस्य त्वग्रहणे यत् स्यात्, क्षुद्रप्राणिविनाशनम् ।
ज्ञानध्यानोपघातो वा, महान् दोषस्तदैव तु ॥ ७ ॥

૪ અધ્યયન ૪, શ્લોક પાનું ૧૯૧ એ [ ૩ ]

आह च वाचकः—इह चेन्द्रियप्रसक्ता निधनमुपजग्मुः तद्यथा–गार्ग्यः सत्यकिर्नैकर्द्धिगुणं प्राप्तोऽनेकशास्त्रकुशलोऽनेकविद्याबलसम्पन्नोऽपि ॥

૫ અધ્યયન ૪, શ્લોક ૧, પાનું ૧૯૧ બી ( ૮ )

उक्तं च वाचकैः—

मङ्गलैः कौतुकैर्योगै–र्विद्यामन्त्रैस्तथौषधैः ।
न शक्ता मरणात् त्रातुं, सेन्द्रा देवगणा अपि ॥

૯ ઉમાસ્વાતિ મહારાજના સમયનો ચોક્કસ નિર્ણય નથી. તત્ત્વાર્થ ભાષ્યની પ્રશસ્તિના ૭ શ્લોક જે અમોએ આ ગ્રંથને પ્રાંતે અર્થ સાથે આપેલ છે તેની મતલબ એ છે કે–શિવશ્રી વાચકના પ્રશિષ્ય અને ઘોષનંદિક્ષમણના શિષ્ય ઉચ્ચ નાગરી શાખામાં થયેલ ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમ શાસ્ત્ર રચ્યું. વાચના ગુ-

રુની અપેક્ષાએ ક્ષમણમુંડપાદના પ્રશિષ્ય અને મૂળ વાચકાચાર્યના શિષ્ય તેઓ હતા. તેમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો. વિહાર કરતાં કરતાં કુસુમપુર (પાટલીપુત્ર-પટના) નામના નગરમાં આ ગ્રંથ રચ્યો. તેમનું ગોત્ર કૌભીષણિ અને તેમની માતાનું ગોત્ર વાત્સી હતું. તેમના પિતાનું નામ સ્વાતિ અને માતાનું નામ ઉમા હતું.

૧૦ ઉમાસ્વાતિ મહારાજકૃત જંબૂદ્વીપ સમાસ પ્રકરણના ટીકાકાર વિજયસિંહસૂરિ તે ટીકાની આદિમાં જણાવે છે કે-ઉમા માતા અને સ્વાતિ પિતાના સંબંધથી તેમનું ઉમાસ્વાતિ નામ પડ્યું. વાચકનો અર્થ પૂર્વધર લેવો કેમકે, પન્નવણા સૂત્રની ટીકામાં કહેલ છે કે—**वाचकाः-पूर्वविदः**

૧૧ નન્દીસૂત્ર, ચન્દ્રગચ્છપટ્ટાવલી, તથા કલ્પસૂત્ર પ્રમાણે મહાવીર પછી લગભગ ૧૦૦૦ વરસ સુધીની નન્દીસૂત્રના કર્તા દેવવાચકની, ચંદ્રગચ્છના સૂરિઓની તથા કલ્પસૂત્રવાળો દેવર્ધિ-ગણિક્ષમાશ્રમણની પટ્ટાવલી નીચે મુજબ છે.

શ્રીમન્મહાવીર વીરાત્
|
૧ સુધર્માસ્વામી (૨૦)
|
૨ જંબૂસ્વામી (૬૪)
|
૩ પ્રભવસૂરિ (૭૫)
|
૪ શય્યંભવ (૯૮)
|
૫ યશોભદ્ર (૧૪૮)

યશોભદ્ર

૬ સંભૂતિવિજય ( ૧૫૬ )　　૬ ભદ્રબાહુ ( ૧૭૦ )

૭ સ્થૂલભદ્ર ( ૨૧૫ )　　ગોદાસ

૮ આર્યમહાગિરિ (૨૪૫)　　૮ આર્યસુહસ્તિ (૨૯૧)

૯ બહુલ　બલિસ્સહ　　૯ સુસ્થિત ( ૩૭૨ )　　૯ સુપ્રતિબુદ્ધ

૧૦ સ્વાતિ (હારીત ગોત્ર)　　૧૦ ઇંદ્રદિન્ન ( ૪૨૧ )

૧૧ શ્યામાર્ય (હારીત ગોત્ર)　　૧૧ દિન્ન

૧૨ શાણ્ડિલ્ય (જીતધર)　　૧૨ શાંતિશ્રેણિક (ઉચ્ચ નાગરીશાખા નિકળી)　　૧૨ સિંહગિરિ (૫૪૭)

જીતધર　　૧૩ વજ્ર (૫૮૪)

સમુદ્ર

મંગુ

ધર્મ

ભદ્રગુપ્ત

વજ્ર

આર્યરક્ષિત

૧૪ વજ્રસેન (૬૨૦)　પદ્મ　રથ

૧૫ ચંદ્ર (વગેરે)　　પુષ્પગિરિ

૧૬ સામંતભદ્ર　　ફલ્ગુમિત્ર

૧૭ વૃદ્ધદેવસૂરિ　　ધનગિરિ

૧૮ પ્રદ્યોતનસૂરિ　　શિવભૂતિ

નંદિલક્ષપણ
નાગહસ્તિ
રેવતિ
સિંહ (બ્રહ્મદ્વીપિકશાખા)
સ્કન્દિલાચાર્ય (વાચના માથુરી)
હિમવત્
નાગાર્જુન
ગોવિંદ
ભૂતદિન્ન
લોહિત્ય
દૂષ્યગણિ
દેવવાચક (નંદીસૂત્ર ના કર્તા)

પ્રદ્યોતનસૂરિ
૧૯ માનદેવ
૨૦ માનતુંગ
૨૧ વીર
૨૨ જયદેવ
૨૩ દેવાનંદ
૨૪ વિક્રમસૂરિ
૨૫ નરસિંહસૂરિ
૨૬ સમુદ્રસૂરિ
૨૭ માનદેવ
૨૮ વિબુધપ્રભ
૨૯ જયાનંદ
૩૦ રવિપ્રભસૂરિ
૩૧ યશોદેવસૂરિ

શિવભૂતિ
દુર્જય કૃષ્ણ કોટિક
ભદ્ર
નક્ષત્ર
નાગ
જેહિલ
વિષ્ણુ
કાલક
સંપલિત ભદ્ર
વૃદ્ધ
સંઘપાલિત
હસ્તિન (કાશ્યપગોત્ર)
ધર્મ (સુવ્રત ગોત્ર)
હસ્ત
ધર્મ

સિંહ
|
ધર્મ
|
શાણ્ડિલ્ય

(જંબૂ નન્દિત દેશિગણિ સ્થિરગુપ્ત કુમારધર્મ દેવાર્ધિગણિક્ષમાશ્રમણ)

## ૧૨ યુગપ્રધાન.

### પ્રથમ ઉદય ( વીરાત્ )

| | | |
|---|---|---|
| ૧ | સુધર્મા | ૨૦ |
| ૨ | જંબૂ | ૬૪ |
| ૩ | પ્રભવ | ૭૫ |
| ૪ | શય્યંભવ | ૯૮ |
| ૫ | યશોભદ્ર | ૧૪૮ |
| ૬ | સંભૂતિ વિજય | ૧૫૬ |
| ૭ | ભદ્રબાહુ | ૧૭૦ |
| ૮ | સ્થૂલભદ્ર | ૨૧૫ |
| ૯ | મહાગિરિ | ૨૪૫ |
| ૧૦ | સુહસ્તિ | ૨૯૧ |
| ૧૧ | ગુણ (ધન) સુંદર | ૩૩૫ |
| ૧૨ | શ્યામાર્ય | ૩૭૬ |
| ૧૩ | સ્કન્દિલાચાર્ય | ૪૧૪ |
| ૧૪ | રેવતિ મિત્ર | ૪૫૦ |

| | સંવત્ |
|---|---|
| ૧૫ ધર્મ | ૨૪ (૪૯૪) |
| ૧૬ ભદ્રગુપ્ત | ૬૩ (૫૩૩) |
| ૧૭ ગુપ્ત | ૭૮ (૫૪૮) |
| ૧૮ વજ્ર | ૧૧૪ (૫૮૪) છેલ્લા દશ પૂર્વધર |
| ૧૯ આર્ય રક્ષિત | ૧૨૭ (૫૯૭) |
| ૨૦ પુષ્પમિત્ર | ૧૪૭ (૬૧૭) |
| | દ્વિતીય ઉદય |
| ૨૧ વજ્રસેન | ૧૫૦ |
| ૨૨ નાગહસ્તિ | ૨૧૯ |
| ૨૩ રેવતિમિત્ર | ૨૭૮ |
| ૨૪ સિંહ | ૩૫૬ |
| ૨૫ નાગાર્જુન | ૪૩૪ |
| ૨૬ ભૂતદિન્ન | ૫૧૩ |
| ૨૭ કાલિક | ૫૨૪ ( ત્રીજા કાલિકાચાર્યે વિદ્યાધર ગચ્છે પાંચમની ચોથ વીરાત્ ૯૯૩ વર્ષે દક્ષિણમાં પૈઠણપુરે કરી. ) |
| ૨૮ સત્ય મિત્ર | ૫૩૧ (અહીંઆં સુધી ૧ પૂર્વનું જ્ઞાન હતું ) |
| ૨૯ હારિલ | ૫૮૫ |
| ૩૦ જિનભદ્ર | ૬૪૫ |
| ૩૧ ઉમાસ્વાતિ | ૭૨૦ |
| ૩૨ પુષ્પમિત્ર | ૭૮૦ |
| ૩૩ સંભૂતિ | ૮૨૯ |
| ૩૪ માઢર સંભૂતિ | ૮૮૯ |
| ૩૫ ધર્મ રત્ન | ૯૨૯ |

| | | |
|---|---|---|
| ૩૬ | જયેષ્ઠાંગ | ૧૦૦૦ |
| ૩૭ | ફલ્ગુમિત્ર | ૧૦૪૯ |
| ૩૮ | ધર્મઘોષ | ૧૧૨૭ |
| ૩૯ | વિનયમિત્ર | ૧૨૧૩ |
| ૪૦ | શીલમિત્ર | ૧૨૯૨ |
| ૪૧ | રેવતિમિત્ર | ૧૩૭૦ |
| ૪૨ | સ્વપ્નમિત્ર | ૧૪૪૮ |
| ૪૩ | અર્હન્મિત્ર | ૧૪૯૩ |

૧૩ તત્ત્વાર્થાધિગમ ભાષ્યમાં ઉમાસ્વાતિ ઉચ્ચ નાગરી શાખાના હતા તેમ લખાણ છે. ઉચ્ચ નાગરી શાખા શ્રીમન્મહાવીર પરમાત્માની પાટે થયેલા આર્યદિન્નના શિષ્ય આર્ય શાંતિ શ્રેણિકના વખતમાં નીકળી છે, તેથી મહાવીરસ્વામીના નિર્વાણ પછી પાંચમા છઠ્ઠા સૈકા પહેલા ઉમાસ્વાતિ થયેલા નથી એમ માનવાને ઘણાં કારણ છે. આ સિવાય ઉમાસ્વાતિ વાચકના સમયના સંબંધમાં વધારે ચોક્કસ હકીકત હજુ પ્રાપ્ત થયેલ નથી.

૧૪ ॥ नंदीसूत्र ॥

सुहम्मं अग्गिवेसाणं जंबूनामं च कासवं ।
पभवं कच्चायणं वंदे वच्छं सिज्जंभवं तहा ॥ २५ ॥
जसभद्दं तुंगियं वंदे संभूयं चेव माढरं ।
भद्दबाहुं च पाइन्नं थूलभद्दं च गोयमं ॥ २६ ॥
एलावच्चसगोत्तं वंदामि महागिरिं सुहत्थिं च ।
तत्तो कोसियगोत्तं बहुलस्स सरिव्वयं वंदे ॥ २७ ॥

---

१ बालस्सहं इत्यपि पाठः

हारियगोत्तं साइं च वंदिमो हारियं च सामज्जं ।
वंदे कोसियगोत्तं संडिल्लं अज्जजीयधरं ॥ २८ ॥
तिसमुद्दक्खायकित्तीं दीवसमुद्देसु गहियपेयालं ।
वंदे अज्जसमुद्दं अक्खुभियसमुद्दगंभीरं ॥ २९ ॥
भणगं करगं ज्झरगं पभावगं णाणदंसणगुणाणं ।
वंदामि अज्जमंगु सुयसागरपारगं धीरं ॥ ३० ॥
वंदामि अज्जधम्मं तत्तो वंदे य भद्दगुत्तं च ।
तत्तो य अज्जवइरं तवनियमगुणेहिं वयरसमं ॥ ३१ ॥
वंदामि अज्जरक्खिय खमणे रक्खियचरित्तसव्वस्से ।
रयणकरंडगभूओ अणुओगो रक्खिओ जेहिं ॥ ३२ ॥
नाणंमि दंसणंमि य तवविणए निच्चकालमुज्जुत्तं ।
अज्जनंदिलक्खवणं सिरसा वंदे पसन्नमणं ॥ ३३ ॥
वड्ढउ वायगवंसो जसवंसो अज्जनागहत्थीणं ।
वागरणकरणभंगियकम्मपयडीपहाणाणं ॥ ३४ ॥
जच्चं-जणधाउसमपहाणमुद्दियकुवलयनिहाणं ।
वड्ढउ वायगवंसो रेवइनक्खत्तनामाणं ॥ ३५ ॥
अयलपुराणिक्खंते कालियसुयआणुओगिए धीरे ।
बंभद्दीवगसीहे वायगपयमुत्तमं पत्ते ॥ ३६ ॥
जेसिं इमो अणुओगो पयरइअज्जावि अड्ढभरहंमि।
बहुनयरनिग्गयजसे ते वंदे खंदिलायरिए ॥ ३७ ॥
तत्तो हिमवंतमहंत-विक्कमे धिइपरक्कममणंते ।

सज्झायमणंतधरे हिमवंते वंदिमो सिरसा ॥ ३८ ॥
कालिअसुयअणुओगस्स धारए धारए य पूव्वाणं ।
हिमवंतखमासमणे वंदे णागज्जुणायरिए ॥ ३९ ॥
मिउमद्दवसंपन्ने अणुपुव्विं वायगत्तणं पत्ते ।
ओहसुयसमायारे नागज्जुणवायए वंदे ॥ ४० ॥
गोविंदाणं पि नमो अणुओगो विउलधाराणिंदाणं ।
निच्चं खंतिदायाणं परूवणे दुल्लभिंदाणं ॥ ४१ ॥
तत्तो य भूयदिन्नं निच्चं तवसंजमे अ निव्विण्णं ।
पंडियजणसामण्णं वंदामि य संजमविहिण्णुं ॥ ४२ ॥
वरकणगतवियचंपग विउमलवरकमलगब्भसरिवण्णे ।
भवियजणहिययदइए दयागुणविसारए धीरे ॥ ४३ ॥
अड्ढभरहप्पहाणे बहुविहसज्झायसुमुणियप्पहाणे ।
अणुओगियवरवसहे नाइलकुलवंसनंदिकरे ॥ ४४ ॥
भूयहियअप्पगब्भे वंदेऽहं भूयदिन्नमायरिए ।
भवभयवुच्छेयकरे सीसे नागज्जुणरिसीणं ॥ ४५ ॥
सुमुणियनिच्चानिच्चं सुमुणियसुत्तत्थधारयं निच्चं ।
वंदेऽहं लोहिच्चं सब्भावुब्भावणातच्चं ॥ ४६ ॥
अत्थमहत्थखाणिं सु-समणवक्खाणकहणनिव्वाणिं ।
पयइए महुरवाणिं पयओ पणमामि दूसगणिं ॥ ४७ ॥
तवनियमसच्चसंजमविणयज्जवखंतिमद्दवरयाण ।
सीलगुणगहियाणं अणुओगे जुगपहाणाणं ॥ ४८ ॥

सुकुमालकोमलतले तेसिं पणमामि लक्खणपसत्थे ।
पाए पावयणीणं पाडिच्छगसएहिं पणिवइए ॥ ४९ ॥
जे अन्ने भगवंते कालियसुयअणुओगिए धीरे ।
ते पणमिऊण सिरसा नाणस्स परूवणं वोच्छं ॥ ५० ॥

## १५ नन्दीसूत्र-मलयगिरिकृत टीका.

स्थूलभद्रस्यापि द्वौ प्रधानशिष्यौ बभूवतुः, तद्यथा ऐलापत्यगोत्रो महागिरिः वाशिष्ठगोत्रः सुहस्ती तौ द्वावपि प्रणिनंसुराह । एलावच्चेत्यादि, इह यः स्वापत्यसन्तानस्य स्वव्यपदेशकारणमाद्यप्रकाशकपुरुषस्तदपत्यं सन्तानो गोत्री, इलापतेरपत्यं ऐलापत्यः ( पत्युत्तरपदयमादित्यादित्यदितेञ्योऽणपवादे वा स्वे इति ञ्यप्रत्ययः ) एलापत्येन सह गोत्रेण वर्तते यः स ऐलापत्यसगोत्रः, तं वन्दे महागिरिं सुहस्तिनं च प्रागुक्तगोत्रं । तत्र सुहस्तिन आरभ्य सुस्थितसुप्रतिबुद्धादिक्रमेणावलिका विनिर्गता सा यथा दशाश्रुतस्कन्धे तथैव द्रष्टव्या, न तयेहाधिकारः, तस्यामावलिकायां प्रस्तुताध्ययनकारकस्य देववाचकस्याभावात्, तत इह महागिर्यावलिकयाधिकारस्तत्र महागिरेर्द्वौ प्रधानशिष्यौ अभूतां, तद्यथा—बहुलो बलिस्सहश्च तौ च द्वावपि यमलभ्रातरौ कौशिकगोत्रौ च, तयोरपि मध्ये बलिस्सहः प्रवचनप्रधान आसीत्, ततस्तमेव निनंसुराह, ततो महागिरेरनन्तरं कौशिकगोत्रं बहुलस्य सदृशवयसं समानवयसं द्वयोरपि यमलभ्रातृत्वाद्वन्दे नमस्करोमि ॥ २७ ॥

हारियेत्यादि, बलिस्सहस्यापि शिष्यं हारीतगोत्रं स्वातिं स्वातिनामानं, च समुच्चये, वन्दे । तथा स्वातिशिष्यं हारीतगोत्रं, च समुच्चये, स च भिन्नक्रमः, श्यामार्यं च वन्दे । तथा श्यामार्यशिष्यं कौशिकगोत्रं शाण्डिल्यं शाण्डिल्यनामानं वन्दे, किंभूतमित्याह, आर्यजीतधरं, आरात्सर्वहेयधर्मेभ्योऽर्वाक् यातं आर्यं, जीतमिति सूत्रमुच्यते, जीतं स्थितिः कल्पो मर्यादा व्यवस्थेति हि पर्यायाः, मर्यादाकारणं च सूत्रमुच्यते, तथा धृञ धारणे ध्रियते धारयतीति धरः "लिहादिभ्यः" इत्यच्प्रत्ययः । आर्यजीतस्य धर आर्यजीतधरस्तम्, अन्ये तु व्याचक्षते शाण्डिल्यस्यापि शिष्य आर्यगोत्रो जीतधरनामा सूरिरासीत् ॥ २८ ॥ × × ×

तथा धीया राजते इति धीरस्तं, तथा श्रुतसागरपारगम् । (३०) । नाणंमीत्यादि आर्यमङ्गोरपि शिष्यं आर्यनंदिलक्षपणं प्रसन्नमनसम् ॥

× × ओघश्रुतसमाचारकास्तान् नागार्जुनवाचकान्वन्दे । (४०) । वरतवियेत्यादि गाथात्रयं वरं प्रधानं सार्धं षोडशवर्णिकारूपं तापितं

× × × तं दूष्यगणिनं प्रयतः प्रयत्नपरः प्रणमामि । पुनरपि दूष्यगणिनां एव स्तुतिमाह । ४७ । सुकुमालेत्यादि तेषां दूष्यगणिनां प्रावचनिकानां × × × ×

નન્દિસૂત્ર ઉપરના હરિભદ્રસૂરિ અને મલયગિરિ બન્ને ટીકાકારો ૨૫ મી ગાથાથી ૫૦ મી ગાથાઓ સુધીમાં ૩૧-૩૨-૪૧-૪૨-૪૮ ગાથાઓ ઉપર અર્થ કરતા નથી. એટલુંજ નહિ પણ

તેમના સમજમાં તે ન હોય તેમ ગણી વ્યાખ્યા કરી છે તેથી તે થી તે ગાથાઓ કદાચ પ્રક્ષેપ હોય.

१६ लोकप्रकाश सर्ग ३४ युगप्रधान

विषमेऽपि च कालेऽस्मिन् भवन्त्येवं महर्षयः ।
निर्ग्रन्थैः सदृशाः केचिच्चतुर्थारकवर्तिभिः ॥ १०० ॥

× × × × ×

श्री सुधर्मा च जम्बूश्च प्रभवः सूरिशेखरः ।
शय्यंभवो यशोभद्रः संभूतिविजयाह्वयः ॥ ११४ ॥
भद्रबाहूस्थूलभद्रौ महागिरिसुहस्तिनौ ।
धनसुंदरश्यामार्यौ स्कन्दिलाचार्य इत्यपि ॥ ११५ ॥
रेवतीमित्र धर्मोऽथ भद्रगुप्ताभिधो गुरुः ।
श्रीगुप्तवज्रसंज्ञार्यरक्षितौ पुष्पमित्रकः ॥ ११६ ॥
प्रथमस्योदयस्यैते विंशतिः सूरिसत्तमाः ।
त्रयोविंशतिरुच्यन्ते द्वितीयस्याथ नामतः ॥ ११७ ॥
श्रीवज्रो नागहस्ती च रेवतीमित्र इत्यपि ।
सिंहो नागार्जुनो भूतदिन्नः कालकसंज्ञकः ॥ ११८ ॥
सत्यमित्रो हारिलश्च जिनभद्रो गणीश्वरः ।
उमास्वातिः पुष्पमित्रः संभूतिः सूरिकुंजरः ॥ ११९ ॥
तथा माढरसंभूतो धर्मश्रीसंज्ञको गुरुः ।
ज्येष्ठांगः फल्गुमित्रश्च धर्मघोषाह्वयो गुरुः ॥ १२० ॥

सूरिर्विनयमित्राख्यः शीलमित्रश्च रेवतीः ।
स्वप्नमित्रो हरिमित्रो ( ऽर्हन्मित्रो ) द्वितीयोदयसूरयः ॥१२१॥
स्युस्त्रयोविंशतिरेवमुदयानां युगोत्तमाः ।
चतुर्युक्ते सहस्रे द्वे मिलिताः सर्वसंख्यया ॥ १२२ ॥
एकावताराः सर्वेऽमी सूरयो जगदुत्तमाः ।
श्रीसुधर्माश्च जंबूश्च ख्यातौ तद्भवसिद्धिकौ ॥ १२३ ॥
अनेकातिशयोपेता महासत्त्वा भवन्त्यमी ।
घ्नन्ति सार्धद्वियोजन्यां दुर्भिक्षादीनुपद्रवान् ॥ १२४ ॥

## १७ कल्पसूत्र स्थविरावली.

कोडियकाकंदएहिंतो वग्घावच्चसगुत्तेहिंतो इत्थ णं कोडियगणे नामं गणे निग्गए–तस्स णं इमाओ चत्तारि साहाओ, चत्तारि कुलाइं च एवमाइज्जंति,–से किं ते साहाओ ? साहाओ एवमाहिज्जंति, तं जहा, उच्चानागरी विज्जाहरी वइरी य मज्झिमिल्ला य । कोडियगणस्स एया हवंति चत्तारि साहाओ ॥

× × × × ×

थेरस्स णं अज्जदिन्नस्स गोयमसगुत्तस्स इमे दो थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया हुत्था, तं जहा–थेरे अज्जसंतिसेणिए माढरसगुत्ते, थेरे अज्जसीहगिरी जाइस्सरे कोसियगुत्ते ॥ थेरेहिंतोणं अज्जसंतिसेणिएहिंतो माढरसगुत्तेहिंतो एत्थ णं उच्चनागरी साहा

निग्गया ॥ थेरस्स णं अज्जसंतिसेणियस्स माढरसगुत्तस्स इमे चत्तारि थेरा अंतेवासी अहावच्चा अभिन्नाया हुत्था, तं जहा—थेरे अज्जसेणिए, थेरे अज्जतावसे, थेरे अज्जकुबेरे, थेरे अज्जइसिपालिए ॥

× × ×

थेरस्स णं अज्जवइरस्स गोयमसगुत्तस्स अंतेवासी थेरे अज्जवइरसेणे उक्कोसियगुत्ते ॥ थेरस्स णं अज्जवइरसेणस्स उक्कोसियगुत्तस्स अंतेवासी चत्तारि थेरा—थेरे अज्जनाइले, थेरे अज्जपोमिले, थेरे अज्जजयंते, थेरे अज्जतावसे ॥ थेराओ अज्जनाइलाओ अज्जनाइला साहा निग्गया, थेराओ अज्जपोमिलाओ अज्जपोमिला साहा निग्गया, थेराओ अज्जजयंताओ अज्जजयंती साहा निग्गया, थेराओ अज्जतावसाओ अज्जतावसी साहा निग्गया ॥

× × × × ×

वंदामि फग्गुमित्तं गोयमं धणगिरिं च वासिट्ठं ।
कुच्छं सिवभूइं पि कोसिय दुज्जंत कन्हे अ ॥ १ ॥
तं वंदिऊण सिरसा भद्दं वंदामि कासवंगुत्तं ।
नक्खं कासवगुत्तं रक्खं पि य कासवं वंदे ॥ २॥
वंदामि अज्जनागं च गोयमं जेहिलं च वासिट्ठं ।
विण्हुं माढरगुत्तं कालगमवि गोयमं वंदे ॥ ३ ॥
गोयमगुत्तकुमारं संपलियं तह य भद्दयं वंदे ।
थेरं च अज्जवड्ढं गोयमगुत्तं नमंसामि ॥ ४ ॥

तं वंदिऊण सिरसा थिरसत्तचरित्तनाणसंपन्नं ।
थेरं च संघवालिय कासवगुत्तं पणिवयामि ॥ ५ ॥
वंदामि अज्जहत्थिं कासवं खंतिसागरं धीरं ।
गिम्हाण पढममासे कालगयं चेव सुद्धस्स ॥ ६ ॥
वंदामि अज्जधम्मं च सुव्वयं सीललद्धिसंपण्णं ।
जस्स निक्खमणे देवो छत्तं वरमुत्तमं वहइ ॥ ७ ॥
हत्थं कासवगुत्तं धम्मं सिवसाहगं पणिवयामि ।
सीहं कासवगुत्तं धम्मं पि य कासवं वंदे ॥ ८ ॥
तं वंदिऊण सिरसा थिरसत्तचरित्तनाणसंपन्नं ।
थेरं च अज्जजंबुं गोयमगुत्तं नमंसामि ॥ ९ ॥
मिउमद्दवसंपन्नं उवउत्तं नाणदंसणचरित्ते ।
थेरं च नंदियं पि य कासवगुत्तं पणिवयामि ॥ १० ॥
तत्तो य थिरचरित्तं उत्तमसम्मत्तसत्तसंजुत्तं ।
देसिगणिखमासमणं माढरगुत्तं नमंसामि ॥ ११ ॥
तत्तो अणुओगधरं धीरं मइसागरं महासत्तं ।
थिरगुत्तखमासमणं वच्छसगुत्तं पणिवयामि ॥ १२ ॥
तत्तो य नाणदंसणचरित्ततवसुट्ठियं गुणमहंतं ।
थेरं कुमारधम्मं वंदामि गणिगुणोववेयं ॥ १३ ॥
सुत्तत्थरयणभरिए खमदममद्दवगुणेहिं संपन्ने ।
देवड्ढिखमासमणे कासवगुत्ते पणिवयामि ॥ १४ ॥

१८ વજ્રસેનસૂરિના શિષ્યો સંબંધમાં સંશયનો નિર્ણય નિચે મુજબ બતાવેલ છે.

# विजयसेनसूरिप्रश्नोत्तर ( शुभविजय संग्रहीत ).

तथा श्रीवज्रसेनशिष्याश्चन्द्रादयः स्थविरावल्यां कथं नोक्ता अन्ये शिष्यास्तूक्ताः, ते त्वात्मपट्टावल्यां न सन्ति तत्किं कारणं तत्परंपरा च कथं मिलतीति प्रश्नः । अत्रोत्तरं, यदा माथुरी वालभी चेति वाचनाद्वयं जातं तदा स्थविरावल्या अपि पाठभेदो जातः संभाव्यते, ततः कस्यांचिद्वाचनायां केचित् श्रीवज्रसेनसूरिशिष्याः श्री चन्द्रसूर्यादय उक्ता भविष्यन्ति कस्यांचिच्च नेतिः परं नागेन्द्रचन्द्रनिर्वृतिविद्याधरनामाश्चत्वारोऽप्याचार्याः श्रीवज्रसेनसूरिशिष्या एव; अतस्तद्वंशीश्चतुरशीतिरपि सुविहिता एव प्रत्येकं एकविंशतिसूरयः तेषामासन् सगोत्रीयास्त्वेक–सामाचारीधारकाः पूर्वविदः, ततः परंपरा न त्रुटति, कथमन्यथा आत्मीयपट्टावल्ल्यनुक्रमेण पूर्वाचार्याः स्वस्वग्रन्थेषु तत्तदाचार्याणां नामान्यलिखन्, ते हि बहुश्रुताः पूर्वापरग्रन्थानविमृश्य न लिखन्तीति ।। १–७९ ।।

१९ મહાગિરિ તથા સુહસ્તિ મહારાજ આર્યબિરૂદથી શાથી ઓલખાણા તે સંબંધમાં હેમચન્દ્રસૂરિ મહારાજ પરિશિષ્ટ પર્વમાં નીચે મુજબ કહે છે.

स्वामिना स्थूलभद्रेण शिष्यौ द्वावपि दीक्षितौ ।<br>
आर्यमहागिरिरार्यसुहस्ती चाभिधानतः।।(९–३७ परिशिष्टपर्व)

तौ हि यक्षार्यया बाल्यादपि मात्रेव पालितौ ।
इत्यार्योपपदौ जातौ महागिरिसुहस्तिनौ ( ९–३८ ).

२० પ્રજ્ઞાપના ( પન્નવણા ) સૂત્રની પહેલા પાનની ત્રીજી તથા ચોથી ગાથા નીચે મુજબ છે.

[1]वायगवरवंसाओ, तेवीसइमेण[2] धीरपुरिसेण ।
दुद्धरधरेण मुणिणा, पुव्वसुयसमिद्धबुद्धीणं[3] ॥ ३ ॥

( वाचकवरवंशे, त्रयोविंशतितमेन धीरपुरुषेण;
दुर्धरधरेण मुनिना, पूर्वश्रुतसमृद्धबुद्धिना ).

सुयसागरा विणेऊण ( विएऊण ), जेण सुयरयणमुत्तमं दिन्नं ।
सीसगणस्स भगवओ, तस्स नमो अज्जसामस्स ॥ ४ ॥

( श्रुतसागरात् विनयित्वा, येन श्रुतरत्नमुत्तमं दत्तं;
शिष्यगणाय भगवते, तस्मै नमो आर्यश्यामाय ).

२१ श्रीसुहस्तिनो पट्टे नवमौ, श्रीसुस्थितसुप्रतिबुद्धौ कौटिककाकन्दिकौ, कोटिशः सूरिमन्त्रजापात्, कोशे-भाण्डागारे सूरिमन्त्रधारित्वाद्वा, ताभ्यां कोटिकनाम्ना गच्छोऽभूत् । अयं भावः । श्रीसुधर्मास्वामिनोऽष्टौ सूरीन् यावत् निर्ग्रन्थाः साधवोऽनगारा इत्यादि सामा-

---

१ वाचकाः पूर्वविदः  २ त्रयोविंशतितमेन—सुधर्मस्वामिन आरभ्य भगवानार्यश्यामास्त्रयोविंशतितमे एव  ३ वाचकवरवंशान्तरगतः पूर्वश्रुतसमृद्धिबुद्धिरेव भवति. —मलयगिरिवृत्तिः

न्याभिधायिन्याख्यासीत्, नवमे च पट्टे कौटिका इति विशेषार्थाव-बोधकं द्वितीयं नाम प्रादुर्भूतम्। श्रीआर्यमहागिरिसुशिष्यौ बहुलबलि-स्सहौ यमलभ्रातरौ। तत्र बलिस्सहस्य शिष्यः स्वातिः तत्त्वार्थादयो ग्रन्थास्तु तत्कृता एव संभाव्यन्ते। तच्छिष्यः श्यामाचार्यः प्रज्ञापना-कृत् श्रीवीरात् षट्सप्तत्यधिकशतत्रये (३७६) स्वर्गभाक्। तच्छिष्यः शाण्डिल्यो जीतमर्यादाकृदिति नन्दिस्थविरावल्यामुक्तमस्ति परं सा पट्टपरम्परान्येति बोध्यम्।

–श्रीधर्मसागरगणिविरचिता श्रीतपोगच्छपट्टावलीसूत्रवृत्तिः।

( આ વૃત્તિ શ્રી હીરવિજયસૂરિના નિર્દેશથી ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિ, ઉપાધ્યાય શ્રી સોમવિજયગણિ તથા પં૦ લબ્ધિસાગરગણિ વગેરે ગીતાર્થોએ એકઠા થઈ સંવત્ ૧૬૪૮ ના ચૈત્ર વદી ૬ ને શુક્રવારના રોજ અહમ્મદાવાદ નગરમાં શ્રીમુનિ-સુંદરસૂરિ રચિત ગુર્વાવલી, જીર્ણ પટ્ટાવલી, દુષમાસંઘસ્તોત્રયંત્ર વગેરે અનુસારે શોધી છે.)

૨૨ આત્મારામજી મહારાજ જૈન તત્ત્વાદર્શ ગ્રંથના ૧૨ મા પરિચ્છેદમાં નીચે મૂજબ લખે છે—" શ્રી સ્થૂલભદ્રજી પછી તેમના બે શિષ્યો એક આર્ય મહાગિરી અને બીજા આર્ય સુહસ્તિસૂરિ આઠમી પાટે બેઠા. આર્ય મહાગિરીને બે શિષ્ય હતા તેમાં એકનું નામ બહુલ અને બીજાનું નામ બલિસ્સહ હતું. બલિસ્સહને ઉમાસ્વાતિ નામના શિષ્ય હતા. તેમણે તત્ત્વાર્થ સૂત્ર નામનો ગ્રંથ રચ્યો છે. ઉમાસ્વાતિજીને શ્યામાચાર્ય નામના શિષ્ય હતા, જેમણે પન્નવણા સૂત્રની રચના કરી છે. શ્યામાચાર્ય શ્રી મહાવીર પછી ૩૭૬ વર્ષ સ્વર્ગમાં ગયા. આર્ય મહાગિરીજીએ ત્રીશ વર્ષ ગૃહ-

વાસમાં કાઢયા, ચાળીશ વર્ષ વ્રતપર્યાય પાળ્યો અને ત્રાશ વર્ષ યુગ પ્રધાન પદવી ભોગવી, એકંદર સો વર્ષનું આયુષ્ય ભોગવી સ્વર્ગમાં ગયા. ”

૨૩ હેમચન્દ્રાચાર્ય સિદ્ધહેમ વ્યાકરણમાં ઉમાસ્વાતિમહારાજ જેવા સંગ્રહકર્તાઃઅન્ય નથી એમ કહે છે તેના શબ્દો નીચે મુજબ છેઃ—

उत्कृष्टेऽनूपेन ॥ २ । २ । ३९ ॥ उत्कृष्टेऽर्थे वर्तमानात् अनूपाभ्यां युक्ताद्गौणान्नाम्नो द्वितीया भवति । अनु सिद्धसेनं कवयः । अनु मल्लवादिनं तार्किकाः । उपोमास्वातिं संग्रहीतारः । उप जिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः । तस्मादन्ये हीना इत्यर्थः ॥

૨૪ પેરા ૬૨ માં યુગપ્રધાન મહારાજોની જે સાલો આપી છે તે સાલોમાં જુદી જુદી પ્રતોમાં જુદી જુદી છે તેથી બરોબર ખરી નથી પણ આશરે ખરી છે. તેમજ પેરા ૧૧ માં ચોરસની અંદર આચાર્ય ભગવાનોનાં નામો આપેલાં છે તે નામના આચાર્યો ખરેખર થએલા કે નહિ તે સંશય પડતી વાત છે.

૨૫ આ ગ્રંથની પ્રેસ કોપી તપાસવામાં પંન્યાસજી શ્રીમદાનંદસાગરજી તથા મુનિ શ્રી કર્પૂરવિજયજીએ, પ્રુફશીટ તપાસવામાં શ્રીયુત કુંવરજી આણંદજીએ અને આ ઉપોદ્‌ઘાત લખવામાં શ્રીયુત વકિલ કેશવલાલ પ્રેમચંદે જે અમૂલ્ય સહાય આપી છે તે ખાતે તે મહાશયોનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે. આ ગ્રંથની ઉપયોગિતા સહાયક મહાશયોને આભારી છે અને જે કાંઇ ભૂલો રહી હોય તે અમારી અલ્પમતિનું પરિણામ જાણવું.

૨૬ આ ગ્રંથ છપાવવામાં મતિમાંદ્યાદિ દોષથી કે પ્રેસની ગડબડથી જે કાંઈ ભૂલ, ચૂક કે અશુદ્ધિ રહી હોય તે માટે ત્રિ-કરણ યોગે મિથ્યા દુષ્કૃત આપી પ્રાંતે મદદ કર્તાઓનો આભાર માની વિરમીએ છીએ.

મહેસાણા તા. ૩૧–૭–૧૯૧૬.

લી. પ્રસિદ્ધકર્તા.

# શુદ્ધિ પત્રક.

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૮ | कृतार्थोऽहं० | कृतार्थोऽप्यहं० |
| ૬ | ૧૪ | जीगीषेच्च० | जिगीषेच्च० |
| ૧૦ | ૧૬ | આ ભાંગો | અથવા આ ભાંગો |
| ૩૧ | ૮ | વગ્રહવાળી | વિગ્રહવાળી |
| ૩૮ | ૧૦ | ધર્મા | ઘર્મા |
| ૪૨ | ૧૫ | વૈ ૂર્ય | વૈડૂર્ય |
| ૭૩ | ૧૪ | अशुभ | अशुभः |
| ૮૨ | ૧૮ | પદાર્થનું ગ્રહણ તથા | વસતિ (ક્ષેત્ર) નું |
| ૮૨ | ૧૮ | નિરંતર | વારંવાર |

# વિષયાનુક્રમ.


| | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| | ઉપોદ્ઘાત. | ૩ |
| ૧ | સંબંધ કારિકા મૂળ અને રહસ્યાર્થ ... ... | ૧ |
| ૨ | અધ્યાય પહેલો ... ... ... ... | ૯ થી ૨૪ |
| | ૧ સમ્યગ્ દર્શનનું સ્વરૂપ ... ... ... | ૯ |
| | ૨ નિક્ષેપાનું સ્વરૂપ ... ... ... ... | ૧૦ |
| | ૩ મત્યાદિ પાંચ જ્ઞાનના ભેદ અને તેનું સ્વરૂપ... | ૧૩ |
| | ૪ ત્રણ અજ્ઞાનનું સ્વરૂપ ... ... ... | ૨૦ |
| | ૫ નયના ભેદ અને તેનું સ્વરૂપ ... ... | ૨૧ |
| ૩ | અધ્યાય બીજો. ... ... ... ... | ૨૫થી ૩૭ |
| | ૧ પાંચ ભાવ અને તેના ભેદ... ... ... | ૨૫ |
| | ૨ જીવનું લક્ષણ અને ભેદ ... ... ... | ૨૭ |
| | ૩ ઇંદ્રિયોના ભેદ અને સ્વરૂપ ... ... ... | ૨૮ |
| | ૪ ત્રણ પ્રકારે જન્મ ... ... ... ... | ૩૨ |
| | ૫ પાંચ પ્રકારના શરીરનું સ્વરૂપ ... ... | ૩૩ |
| | ૬ અપવર્તન અનપવર્તન આયુષ્ય ... ... | ૩૬ |
| ૪ | અધ્યાય ત્રીજો. ... ... ... ... | ૩૮ થી ૪૮ |
| | ૧ નરક પૃથ્વીનાં નામ... ... ... ... | ૩૮ |
| | ૨ નારક જીવોની વેદના ... ... ... | ૩૯ |
| | ૩ આયુષ્ય સ્થિતિ ... ... ... ... | ૪૧ |
| | ૪ મનુષ્ય ક્ષેત્રનું વર્ણન ... ... ... | ૪૧ |
| | ૫ તિર્યંચના ભેદ અને સ્થિતિ... ... ... | ૪૮ |
| ૫ | અધ્યાય ચોથો... ... ... ... ... | ૪૯ થી ૬૨ |
| | ૧ દેવલોક અને દેવોની ઋદ્ધિ વગેરે ... ... | ૪૯ |

૨ દેવોનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય ... ... ૫૯
૩ નારકીનું જઘન્ય આયુષ્ય ... ... ... ૬૧
૬ અધ્યાય પાંચમો... ... ... ... ... ૬૩ થી ૭૨
૧ અજીવના ભેદ. ... ... ... ... ૬૩
૨ દ્રવ્યનું સ્વરૂપ ... ... ... ... ૬૩
૩ દ્રવ્યનાં લક્ષણો ... ... ... ... ૬૬
૪ સત્નું લક્ષણ ... ... ... ... ૬૯
૭ અધ્યાય છઠ્ઠો આશ્રવનું વર્ણન... ... ... ૭૩ થી ૮૧
૮ અધ્યાય સાતમો ... ... ... ... ૮૨ થી ૯૧
૧ સર્વ વિરતિનું વર્ણન ... ... ... ૮૨
૨ દેશ વિરતિનું વર્ણન ... ... ... ૮૫
૩ અણુવ્રતના અતિચારો ... ... ... ૮૭
૪ દાનનું સ્વરૂપ ... ... ... ... ૯૧
૯ અધ્યાય આઠમો ... ... ... ... ૯૨ થી ૯૮
૧ મિથ્યાત્વાદિ બંધ હેતુ ... ... ... ૯૨
૨ બંધનું સ્વરૂપ ... ... ... ... ૯૨
૩ કર્મની સ્થિતિ ... ... ... ... ૯૬
૪ કર્મનું ફળ... ... ... ... ... ૯૭
૫ કર્મ પ્રદેશ આત્મ પ્રદેશો સાથે કેવી રીતે બંધાય
છે તેનું વર્ણન ... ... ... ... ૯૮
૧૦ અધ્યાય નવમો સંવર અને નિર્જરાનું સ્વરૂપ ... ૯૯
૧૧ અધ્યાય દશમો... ... ... ... ૧૧૫ થી ૧૩૨
૧ મોક્ષનું સ્વરૂપ ... ... ... ... ૧૧૫
૨ ઉપસંહાર... ... ... ... ... ૧૨૦
૩ પ્રશસ્તિ ... ... ... ... ... ૧૩૧

# હાલમાંજ પ્રસિદ્ધ થયેલા ઉત્તમ ગ્રંથો.

**સ્તુતિસંગ્રહ સાવચૂરિક**—જેમાં બપ્પભટ્ટીકૃત ચતુર્વિંશતિકા, જિનપ્રભસૂરિકૃત ચોવિશી, મૌનૈકાદશી સ્તુતિ, રત્નાકર પચ્ચીશી, સંસાર દાવા, પંચમી–ચતુર્દશીની સ્તુતિ વગેરે સ્તુતિઓ સંસ્કૃત અવચરિ સાથે નિર્ણયસાગર પ્રેસમાં પ્રતના આકારે છપાવેલ છે, કિંમત રૂ. ૦–૬–૦

**સ્તોત્ર રત્નાકર પ્રથમ ભાગ સટીક**—જેમાં ધર્મઘોષ સૂરિકૃત ચોવિશી, માનતુંગ સૂરિકૃત રચેલા ભક્તામરસ્તોત્રની પાદપૂર્તીવાળાં વીરભક્તામર, નેમિભક્તામર, સરસ્વતિ ભક્તામર અને રત્નસિંહ સૂરિશિષ્ય ઉદય ધર્મ મુનિપ્રણીત વાક્યપ્રકાશ સંસ્કૃત ટીકા સાથે નિર્ણયસાગર પ્રેસમાં પ્રતના આકારે છપાવેલ છે, કિંમત રૂ. ૦–૭–૦

**સ્તોત્ર રત્નાકર દ્વિતીય ભાગ સટીક**—જેમાં જિનવલ્લભ સૂરિકૃત પ્રશ્નોત્તરૈકષષ્ટિશત, જય તિલકસૂરિકૃત હારાવાળી ચિત્રસ્તવ ચાર, પ્રશ્નાવલી, પાર્શ્વચંદ્ર કવિકૃત મહાવીરસ્તોત્ર, વર્ધમાનસ્તોત્ર બે, પાર્શ્વજિનસ્તોત્ર છ, નેમિસ્તવ, વિહરમાણસ્તવ, એકાક્ષરવિચિત્રકાવ્ય, ષટ્શ્લોકી, ચતુઃશ્લોકી વગેરે અપ્રસિદ્ધ અને સુંદર પદ લાલિત્યવાળા સ્તોત્રો તેની ટીકાઃસાથે નિર્ણયસાગર પ્રેસમાં પ્રતના આકારે છપાવેલ છે. કિંમત ૦–૯–૦

**જીવવિચાર સટીક**—વાદી વેતાલ શ્રી શાંતિસૂરિ પ્રણીત જીવવિચાર પ્રકરણ, પાઠક રત્નાકરકૃત મોટી ટીકા સાથે પાનાના આકારે છપાવેલ છે. કિંમત રૂ. ૦–૪–૦

**દંડક પ્રકરણ સટીક**—ગજસારમુનિ પ્રણીત દંડક પ્રક-

રણુ, રૂપચંદ્રમુનિ વિરચિત ટીકા સાથે પાનાના આકારે છપાવેલ છે, કિંમત રૂ. ૦–૨–૦

**પંચપ્રતિક્રમણ સાર્થ સાવચૂરિક**—જેમાં પંચપ્રતિક્રમણ અને નવ સ્મરણ મૂળ, તેની સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ, વિશેષ સમજ માટે ફુટનોટ, પ્રતિક્રમણ સંબંધી અનેક ઉપયોગી બાબતો અને પ્રતિક્રમણના હેતુઓ વગેરે અનેક બાબતોનો સમાવેશ છે. મુળ અને સંસ્કૃત છાયા શાસ્ત્રી ટાઇપમાં અને બાકીનું ગુજરાતી ટાઇપમાં છે. સુપરરોયલ ૧૬ પેજી ૩૭ ફારમના પાકા બાઇન્ડીંગના દળદાર પુસ્તકની કિં. ફકત રૂ.૦–૧૦–૦

**કર્મગ્રંથ સાર્થ પ્રથમ વિભાગ**—જેમાં **શ્રીમદ્દેવેંદ્ર સૂરિકૃત** ચાર કર્મગ્રંથ મૂળ, શબ્દાર્થ અને વિવેચનને ઠેકાણે મુનિશ્રી જીવવિજયકૃત બાલાવબોધ ( જે શેઠ ભીમસિંહ માણેક તરફથી પ્રસિદ્ધ થયેલ યશઃસોમસૂરિકૃત બાલાવબોધ કરતાં જુદોજ અને અપ્રસિદ્ધ છે ), ફુટનોટ અને યંત્રો વગેરેનો સમાવેશ કરેલ છે. બાલાવબોધની ભાષા બને તેટલી સરળ કરીને ગુજરાતી ટાઇપમાં છપાવેલ હોવાથી નવા અભ્યાસીને બહુ ઉપયોગી છે. પાકા બાઇન્ડીંગના ક્રાઉન સાઇઝ ૨૨ ફારમના દળદાર પુસ્તકની કિંમત રૂ.૦–૬–૦

**દેવસિરાઇ પ્રતિક્રમણ સાર્થ** ગુજરાતી—**આવૃતિ ત્રીજી** શબ્દાર્થ, ભાવાર્થ, ફુટનોટ, ઉપયોગી વિષયો અને હેતુઓ સાથે મોટા ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે. કિંમત રૂ. ૦–૩–૬

**સમાધિવિચાર**—આવૃત્તિ બીજી અને બ્રહ્મચર્યવ્રત આવૃત્તિ ત્રીજી છપાઇ ગયેલ છે અને દેવસિરાઇ પ્રતિક્રમણસાર્થ ગુજરાતીની ઢબનુ **પંચપ્રતિક્રમણસાર્થ** અને કર્મગ્રંથ વિભાગ ૨ જો એ ગ્રંથો છપાય છે.

લી વેણીચંદ સુરચંદ શાહ—મ્હેસાણા.

श्रीउमास्वातिवाचकविरचितम्

# ॥ तत्त्वार्थाधिगमसूत्रम् ॥

## ॥ सम्बन्धकारिका ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति;
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म. १

जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम्;
कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः २

परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु;
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म. ३

कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते;
इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम्. ४

परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा;
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः ५

यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति;
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव. ६

तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके;
देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम्. ७

अभ्यर्चनादर्हतां मनःप्रसादस्ततः समाधिश्च;
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम्. ८

तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम;
तस्योदयात्कृतार्थोऽर्हंस्तीर्थं प्रवर्तयति. ९

तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम्;
तीर्थप्रवर्तनाय प्रवर्तते तीर्थकर एवम्. १०

જે પુરૂષ, સમ્યગ્ દર્શનવડે શુદ્ધ એવા જ્ઞાન અને વિરતિને પ્રાપ્ત કરે છે તે પુરૂષને દુઃખના નિમિત્તભુત એવો આ જન્મ પણ લાભદાયક નીવડે છે. ૧

કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં જેવી રીતે કર્મ ક્લેશનો અભાવ થાય તે પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ, એજ પરમાર્થ છે. ૨

આરંભકારી સ્વભાવવાળા કષાયરૂપ દોષોને લીધે જો પરમાર્થ–મોક્ષની પ્રાપ્તિ ન થાય તો જેવી રીતે મોક્ષને અનુકૂલ એવા પુણ્યનો અનુબંધ થાય તેવી રીતે નિરવદ્ય (પાપ રહિત) કાર્ય કરવાં. ૩

અધમતમ ( અત્યંત હલકો ) મનુષ્ય આલોક અને પરલોકમાં દુઃખદાયી થાય એવા કામનો આરંભ કરે છે, અધમ પુરૂષ આ

લોકમાં ફળદાયક કર્મોનો કેવળ આરંભ કરે છે અને વિમધ્યમ પુરૂષ તો ઉભયલોકમાં ફળદાયક કામ આરંભે છે. ૪

મધ્યમ પુરૂષ પરલોકના હિતને માટેજ નિરંતર ક્રિયામાં પ્રવર્તે છે અને વિશિષ્ટ મતિવાળો ઉત્તમ પુરૂષ તો મોક્ષને માટેજ પ્રયત્ન કરે છે. ૫

વળી જે પુરૂષ ઉત્તમ ધર્મ ( કેવળજ્ઞાન સ્વરૂપ ) ને પામીને પોતે કૃતાર્થ થયા છે અને બીજાઓને નિરંતર ધર્મનો ઉપદેશ કરે છે તે ઉત્તમોથકી પણ ઉત્તમ ( ઉત્તમોત્તમ ) છે અને સર્વને પૂજવા યોગ્ય ( પૂજ્યતમ ) છે, એમ જાણવું. ૬

તે માટે ઉત્તમોત્તમ એવા અર્હંતજ, લોકમાં અન્ય પ્રાણીઓને પૂજ્ય ( મનાતા ) એવા દેવર્ષિ અને રાજાઓવડે પણ પૂજાવાને યોગ્ય છે. ૭

અરિહંતોની પૂજાથકી મનની પ્રસન્નતા થાય અને તે ( મનની પ્રસન્નતા ) થી સમાધિ થાય અને તે થકી વળી મોક્ષ પ્રાપ્તિ થાય. આ કારણથી અરિહંતોની પૂજા કરવી એ યોગ્ય છે. ૮

તીર્થંકર નામકર્મનું તીર્થ પ્રવર્તાવવારૂપ ફળ ( શાસ્ત્રમાં ) કહ્યું છે, તેના ( તીર્થંકર નામકર્મના ) ઉદયથી કૃતાર્થ અરિહંત પણ તીર્થ પ્રવર્તાવે છે. ૯

જેમ સૂર્ય તેના સ્વભાવે કરીનેજ લોકને પ્રકાશ કરે છે, તેમ તીર્થંકર પણ તીર્થ પ્રવર્તાવવાને પ્રવર્તે છે. કેમકે તીર્થ પ્રવર્તાવવું એ તીર્થંકર નામકર્મનો સ્વભાવ છે. ૧૦

यः शुभकर्मासेवन–भावितभावो भवेष्वनेकेषु;
जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपः. ११

ज्ञानैः पूर्वाधिगतैरप्रतिपतितैर्मतिश्रुतावधिभिः-
त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः १२
शुभसारसत्त्वसंहननवीर्यमाहात्म्यरूपगुणयुक्तः
जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः १३
स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः
अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः १४
जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम्;
स्फीतमपहाय राज्यं, शमाय धीमान्प्रवव्राज. १५
प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम्;
कृतसामायिककर्मा, व्रतानि विधिवत्समारोप्य. १६
सम्यक्त्वज्ञानचारित्रसंवरतपःसमाधिबलयुक्तः
मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि. १७
केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ;
लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम्. १८
द्विविधमनेकद्वादशविधं, महाविषयममितगमयुक्तम्;
संसारार्णवपारगमनाय दुःखक्षयायालम्. १९
ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः
अनभिभवनीयमन्यैर्भास्कर इव सर्वतेजोभिः २०

અનેક ભવોમાં શુભ કર્મના સેવનવડે વાસિત કર્યો છે ભાવ જેણે એવા અને સિદ્ધાર્થરાજાના કુળમાં દીપક સમાન એવા તે ભગવાન જ્ઞાત ઇક્ષ્વાકુવંશને વિષે ઉત્પન્ન થયા. ૧૧

પૂર્વે પ્રાપ્ત કરેલાં અપ્રતિપાતિ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે શુદ્ધ જ્ઞાનોવડે યુક્ત; શીતળતા, દ્યુતિ અને કાંતિવડે ચંદ્ર શોભે તેમ શોભતા; ૧૨

શુભ શ્રેષ્ઠ સત્ત્વ, સંઘયણ, વીર્ય અને માહાત્મ્યરૂપ ગુણયુક્ત અને દેવતાઓએ ગુણથકી જગતને વિષે મહાવીર એ પ્રકારે નામ સ્થાપન કર્યું છે જેનું એવા; ૧૩

પોતેજ તત્ત્વના જાણ, પ્રાણીઓના હિતને માટે તત્પર, અચળ સત્ત્વવાળા અને ઇંદ્રો સહિત લોકાંતિક દેવોએ પ્રશંસા કરેલો છે શુભ સત્ત્વ ગુણ જેમનો એવા; ૧૪

જન્મ, જરા અને મરણથી પીડિત જગતને અશરણ અને અસાર દેખીને વિશાળ રાજ્યનો ત્યાગ કરીને સમતાને (કર્મનો નાશ તેને ) માટે બુદ્ધિમાન્ એવા મહાવીરદેવ દીક્ષા લેતા હવા. ૧૫

અશુભ ( પાપ ) ને શમાવનાર અને મોક્ષનો સાધક એવો જે સાધુવેષ તેને ગ્રહણ કરીને, કર્યું છે સામાયિક જેણે એવા વીર પરમાત્મા વિધિપૂર્વક વ્રતોને આરોપણ કરી (ગ્રહણ કરી )ને; ૧૬

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ, સમાધિ અને બળવડે યુક્ત છતા મોહનીયાદિ ચાર અશુભ ( ઘાતી ) કર્મનો સર્વથા નાશ કરીને; ૧૭

સ્વયમેવ અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામીને પ્રભુ મહાવીર દેવ કૃતાર્થ છતા પણ લોકહિતને માટે આ તીર્થ ( પ્રવચન ) ને પ્રકાશતા હવા. ૧૮

અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારે, ( અંગ બાહ્ય ) અનેક પ્રકારે, ( અંગ પ્રવિષ્ટ ) બાર પ્રકારે, મહાન્ વિષયવાળું, અનેક આલાવાએ સહિત, સંસાર સમુદ્રનો પાર પામવાને અને દુઃખનો નાશ કરવાને સમર્થ એવું તીર્થ ( પ્રભુ દેખાડી ગયા છે. પ્રભુએ પ્રકાશ્યું છે.) ૧૯

જેમ બીજાં સર્વ તેજવડે સૂર્ય પરાભવ ન પામે તેમ, ગ્રંથોના અર્થ નિરૂપણ કરવામાં પ્રવીણ અને પ્રયત્નવાન એવા નિપુણ વાદિઓવડે પણ ખંડન કરી શકાય નહિ એવું આ તીર્થ ( પ્રભુએ) પ્રવર્તાવ્યું છે. ૨૦

कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम्;
पूज्यतमाय भगवते, वीराय त्रिलीनमोहाय. ૨૧

तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थम्;
वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य. ૨૨

महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थभाष्यपारस्य;
कः शक्तः प्रत्यासं जिनवचनमहोदधेः कर्तुम्. ૨૩

शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च सक्षितिं दोर्भ्याम्;
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण. ૨૪

व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत्;
गत्यानिलं जीगीषेच्चरमसमुद्रं पिपासेच्च. ૨૫

खद्योतकप्रभाभिः सोऽभिबुभूषेच्च भास्करं मोहात्;
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं संजिघृक्षेत. ૨૬

एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति;
श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ૨૭

तस्मात्तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम्;
श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च. ૨૮

न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ;
ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति. २९
श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ;
आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति. ३०
नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ;
तस्मात्परमिममेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि. ३१

પરમ ઋષિ અને પરમ પૂજ્ય એવા વીરભગવાનને ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર કરીને; અલ્પ શબ્દો છતાં ઘણા અર્થને સંગ્રહ કરનાર આ તત્ત્વાર્થાધિગમ નામના લઘુ ગ્રન્થને શિષ્યના હિતને માટે હું ( ઉમાસ્વાતિ વાચક ) વર્ણન કરીશ, જે અરિહંત વચનના એક દેશ ( ભાગ ) તુલ્ય છે. ૨૧—૨૨

મહાન્, ઘણા મોટા વિષયવાળા અને દુર્ગમ ( મુશ્કેલીથી સમજાય તેવો ) છે ગ્રંથ અને ભાષ્યનો પાર જેનો, એવા જિનવચનરૂપી મહાસાગરનો સંગ્રહ કરવાને કોણ સમર્થ થઇ શકે ? ૨૩

જે પુરૂષ અતિ વિશાળ ગ્રંથ અને અર્થવડે પૂર્ણ જિનવચનને સંપૂર્ણ રીતે સંગ્રહ કરવાની ઇચ્છા કરે છે, તે મૂઢ મસ્તકવડે પર્વતને તોડવાને ચાહે છે, બે ભુજાવડે પૃથ્વીની સાથે પર્વતને ખેંચવાને ચાહે છે, સમુદ્રને બે ભુજાઓવડે તરી પાર પામવાને ચાહે છે અને વળી ડાભના અગ્રભાગવડે સમુદ્ર (જળ) ને માપવા ચાહે છે, આકાશમાં ઉછળી ચંદ્રને ઉલ્લંઘન કરવા ચાહે છે, મેરૂ પર્વતને હાથવડે કંપાવવા ચાહે છે, ગતિવડે વાયુથકી પણ આગળ જવા ચાહે છે, અંતિમ ( સ્વયંભૂરમણ ) સમુદ્રને પીવાને ચાહે છે અને ખજુઆની પ્રભાથી સૂર્યને પરાભવ કરવા ચાહે છે. ૨૪–૨૫–૨૬

જે માટે જિનવચનનું એક પણ પદ, ઉત્તરોત્તર જ્ઞાનપ્રાપ્તિ-

દ્વારા સંસારના પારને પ્રાપ્ત કરાવનાર થાય છે. કેમકે સામાયિક માત્ર પદવડે કરીને અનંત (જીવો) સિદ્ધ થયેલા છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે. ૨૭

તે કારણથી તે જિનવચનને સંક્ષેપથી અને વિસ્તારથી ગ્રહણ કરવું તે કલ્યાણકારક છે, એમ સમજી તે જિનવચનને સંદેહ રહિત ગ્રહણ કરવું, ધારી રાખવું અને બીજાને કહેવુ (ભણાવવું). ૨૮

હિત વચનના શ્રવણથી સર્વ સાંભળનારને એકાન્તે ધર્મ ન થાય પણ અનુગ્રહ બુદ્ધિવડે બોલનારા વક્તા ( ઉપદેશક )ને તો અવશ્ય ધર્મ થાયજ. ૨૯

તે કારણ માટે પોતાના શ્રમનો વિચાર નહિ કરતાં હમેશાં મોક્ષમાર્ગનો ઉપદેશ કરનાર સ્વપરને અનુગ્રહજ કરે છે. ૩૦

આ સંપૂર્ણ સંસારમાં મોક્ષમાર્ગ શિવાય બીજો કોઇ હિતોપદેશ નથી, એ હેતુથી શ્રેષ્ઠ એવા આ મોક્ષમાર્ગનેજ હું ( ઉમાસ્વાતિવાચક ) વર્ણવીશ. ૩૧

॥ इति सम्बन्धकारिकाः समाप्ताः ॥

॥ ॐ अर्हम् ॥

# ॥ श्रीतत्त्वार्थाधिगमसूत्रम्. ॥

## प्रथमोऽध्यायः ।

### १ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. એ ત્રણે એકત્ર હોય ત્યારે મોક્ષના સાધન છે. ત્રણમાંથી કોઇપણ એકનો અભાવ હોય તો તે મોક્ષના સાધન થઇ શકે નહિ. એ માંહેના પ્રથમનાની પ્રાપ્તિ થયે છતે પાછળનાની પ્રાપ્તિની ભજના (હોય કે ન હોય) સમજવી અને પાછળનાની પ્રાપ્તિ થયે છતે પ્રથમનાની પ્રાપ્તિ નિશ્ચે હોય. [ અર્થાત્ દર્શન હોય ત્યારે જ્ઞાન, ચારિત્ર હોય કે ન હોય; જ્ઞાન હોય ત્યારે ચારિત્ર હોય કે ન હોય પણ ચારિત્ર હોય ત્યારે દર્શન, જ્ઞાન હોયજ અને જ્ઞાન હોય ત્યારે દર્શન હોયજ. ] સર્વ ઇંદ્રિય અને અનિંદ્રિયના વિષયની રૂડે પ્રકારે પ્રાપ્તિ તે સમ્યગ્ દર્શન. પ્રશસ્ત દર્શન તે સમ્યગ્ દર્શન. યુક્તિયુક્ત દર્શન તે સમ્યગ્ દર્શન.

### २ तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।

તત્ત્વભૂત પદાર્થોનું અથવા તત્ત્વવડે અર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્ દર્શન જાણવું.

## ३ तन्निसर्गादधिगमाद्वा ।

તે સમ્યગ્દર્શન નિસર્ગ [ પરના ઉપદેશ વિના સ્વાભાવિક પરિણામ–અધ્યવસાય ] થી અથવા અધિગમ [ શાસ્ત્રશ્રવણ–ઉપદેશ ] થી થાય છે.

## ४ जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ।

જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ [ સાત ] તત્ત્વ છે.

## ५ नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ।

ભાવાર્થ—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથકી તે જીવાદિ સાત તત્ત્વનો નિક્ષેપ થાય છે.

વિસ્તારથી લક્ષણ અને ભેદવડે જાણવાને માટે વ્હેંચણ કરવી તે નિક્ષેપ. જેમકે—સચેતન કે અચેતન દ્રવ્યનું જીવ એવું નામ આપીએ તે નામજીવ; કાષ્ટ, પુસ્તક ચિત્રકર્મ ઇત્યાદિને વિષે 'જીવ' એ પ્રકારે સ્થાપના કરીએ તે સ્થાપના જીવ, દેવની પ્રતિમાની પેઠે; ગુણ પર્યાય રહિત, અનાદિ પારિણામિક ભાવવાળો જીવ તે દ્રવ્યજીવ, આ ભાંગો શૂન્ય છે, કેમકે જો અજીવનું જીવપણું થાય તો દ્રવ્યજીવ કહેવાય પણ તેમ થઈ શકતું નથી; ઔપશમિકાદિ ભાવ સહિત ઉપયોગે વર્તતા જીવ તે ભાવજીવ. એ પ્રકારે અજીવાદિ સર્વ પદાર્થને વિષે જાણી લેવું.

## ६ प्रमाणनयैरधिगमः ।

એ જીવાદિ તત્ત્વોનું પ્રમાણ અને નયવડે જ્ઞાન થાય છે.

## ७ निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ।

નિર્દેશ [ વસ્તુ સ્વરૂપ ], સ્વામિત્વ [ માલિકી ], સાધન [કારણ], અધિકરણ [આધાર], સ્થિતિ [કાળ] અને વિધાન [ ભેદ સંખ્યા ] થી જીવાદિ તત્વોનું જ્ઞાન થાય છે.

જેમકે—સમ્યગ્દર્શન શું છે? દ્રવ્ય છે, સમ્યગ્દ્રષ્ટિ જીવ અરૂપી છે. કોનું સમ્યગ્દર્શન? આત્મ સંયોગે, પર સંયોગે અને ઉભય સંયોગે પ્રાપ્ત થાય માટે આત્મ સંયોગે જીવનું સમ્યગ્દર્શન; પરસંયોગે જીવ કે અજીવનું અથવા એક કરતાં વધારે જીવ કે અજીવનું સમ્યગ્દર્શન; ઉભયસંયોગે જીવ જીવનું સમ્યગ્દર્શન અને જીવ જીવોનું સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન શાથી થાય? નિસર્ગ અથવા અધિગમથી થાય. તે બંને દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે.

અધિકરણ ત્રણ પ્રકારે છે. આત્મ સન્નિધાન, પર સન્નિધાન અને ઉભય સન્નિધાન. આત્મસન્નિધાન તે અભ્યંતર સન્નિધાન, પર સન્નિધાન તે બાહ્ય સન્નિધાન અને ઉભય સન્નિધાન તે બાહ્ય અભ્યંતર સન્નિધાન જાણવું.

સમ્યગ્દર્શન કોને વિષે હોય? આત્મસન્નિધાને જીવને વિષે સમ્યગ્ દર્શન હોય.. બાહ્ય સન્નિધાને અને ઉભય સન્નિધાને સ્વામિત્વ [ કોનું સમ્યગ્ દર્શન ]ના ભાંગા લેવા.

સમ્યગ્દર્શન કેટલો કાળ રહે? સમ્યગ્દૃષ્ટિ સાદિસાંત અને સાદિ અનંત એમ બે પ્રકારે છે, સમ્યગ્દર્શન સાદિસાંતજ છે; જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમથી અધિક કાળ રહે. ક્ષાયિક સમકિતી છદ્મસ્થની સમ્યગ્દ્રષ્ટિ સાદિસાંત છે અને સયોગી અયોગી કેવળી અને સિદ્ધની સમ્યગ્દૃષ્ટિ સાદિ અનંત છે. સમ્યગ્દર્શન કેટલા પ્રકારનું છે? ક્ષયાદિ ત્રણ હેતુવડે ત્રણ પ્રકારે જાણવું. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ત્રણ પ્રકારના સમ્યકત્વ એક એકથી ઉત્તરોત્તર વિશુદ્ધ છે.

## ७ सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ।

સત્ [ સદ્ભૂતપદ પ્રરૂપણા ], સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પ બહુત્વ એ આઠ અનુયોગવડે કરીને પણ સર્વ ભાવોનું જ્ઞાન થાય છે.

તે આ પ્રમાણે—૧ સમ્યગ્ દર્શન છે કે નહિ? છે. કયાં છે? અજીવને વિષે નથી, જીવોને વિષે પણ તેની ભજના જાણવી; ગતિ, ઈંદ્રિય, કાય, યોગ, કષાય, વેદ, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આહાર અને ઉપયોગ એ ૧૩ અનુયોગદ્વારને વિષે યથાસંભવ સદ્ભૂત પ્રરૂપણા કરવી. ૨ સમ્યગ્દર્શન કેટલાં છે? સમ્યગ્ દર્શન અસંખ્યાત છે, સમ્યગ્ દ્રષ્ટિ તો અનંતા છે. ૩ સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં હોય? લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. ૪ સમ્યગ્ દર્શને કેટલું ક્ષેત્ર સ્પર્શેલું છે? લોકનો અસંખ્યાતમો ભાગ; સમ્યગ્ દ્રષ્ટિવડે તો સર્વ લોક; અહીં સમ્યગ્દ્રષ્ટિ અને સમ્યગ્ દર્શનમાં શું ફેરફાર છે તે જણાવે છે,—અપાય અને સમ્યકત્વ મોહનીયના દળીયાવડે સમ્યગ્દર્શન થાય છે, અપાય મતિજ્ઞાન સંબંધી છે અને તેના યોગે સમ્યગ્દર્શન થાય છે, તે [ મતિજ્ઞાન ] કેવળીને નથી તેથી કેવળી સમ્યગ્દર્શની નથી પણ સમ્યગ્દ્રષ્ટિ તો છે. ૫ સમ્યકત્વ કેટલા કાળ સુધી રહે? એક જીવ આશ્રયી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ સાધિક; નાના જીવો આશ્રયી સર્વ કાળ. ૬ સમ્યગ્દર્શનનો વિરહ કાળ કેટલો? એક જીવ આશ્રયી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્ધપુદ્ગલ પરાવર્ત્ત; નાના જીવો આશ્રયી અંતર નથી. ૭ સમ્યગ્ દર્શનને કયો ભાવ હોય? ઔદયિક પારિણામિક વર્જીને બાકીના ત્રણ ભાવોને વિષે સમ્યગ્દર્શન હોય. ૮ ત્રણ ભાવે વર્તતા સમ્યગ્દર્શનીનું અલ્પ બહુત્વ શી રીતે? સર્વથી થોડા ઔપશ-

મિક ભાવવાળા હોય, તેથી ક્ષાયિક અસંખ્યેય ગુણ, ક્ષાયોપશમિક તેથી પણ અસંખ્યેય ગુણ અને સમ્યગ્દ્રષ્ટિ તો અનંતા [ કેવળી અને સિદ્ધો મળીને અનંતા છે માટે ].

## ९ मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ।

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એ પાંચ જ્ઞાનના ભેદ છે, (જેનું વર્ણન આગળ કહેવામાં આવશે.)

## १० तत्प्रमाणे ।

તે [ પાંચ પ્રકારનું ] જ્ઞાન [ બે ] પ્રમાણમાં વ્હેંચાયેલું છે.

## ११ आद्ये परोक्षम् ।

પહેલાં બે મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.

આ બંને જ્ઞાનને નિમિત્તની અપેક્ષા હોવાથી પરોક્ષ છે કેમકે મતિજ્ઞાન ઇન્દ્રિય નિમિત્તક અને અનિંદ્રિય ( મન ) નિમિત્તક છે અને મતિપૂર્વક તથા પરના ઉપદેશથકી શ્રુતજ્ઞાન થાય છે.

## १२ प्रत्यक्षमन्यत् ।

પૂર્વોક્ત બે જ્ઞાનથી અન્ય ત્રણ જ્ઞાન [ અવધિ, મનઃપર્યાય અને કેવલ ] એ પ્રત્યક્ષ પ્રમાણ છે.

ઇંદ્રિયના નિમિત્તવિના આત્માને પ્રત્યક્ષ હોવાથી આ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. જેનાવડે પદાર્થો જાણી શકાય તે પ્રમાણ કહેવાય છે. અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, સંભવ અને અભાવ એ પ્રમાણો પણ કોઇ માને છે પણ અહીં તેને ગ્રહણ નહીં કરતાં ફક્ત બેજ પ્રમાણો કહ્યાં છે તેનું કારણ એ છે કે–એ સર્વ ઇંદ્રિય અને પદાર્થના નિમિત્તભૂત હોવાથી મતિ–શ્રુત જ્ઞાનરૂપ પરોક્ષ પ્રમાણમાં અંતર્ભૂત થાય છે.

## १३ मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ।

મતિ [ બુદ્ધિ ], સ્મૃતિ [ સ્મરણ—યાદદાસ્ત ], સંજ્ઞા [ ઓળખ ], ચિંતા ( તર્ક ) અને અભિનિબોધ (અનુમાન ) એ સર્વ એકજ અર્થવાચક છે.

## १४ तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ।

તે પૂર્વોક્ત મતિજ્ઞાન ઇંદ્રિય નિમિત્તક અને અનિંદ્રિય નિમિત્તક ( મનોવૃત્તિનું અને ઓઘજ્ઞાન ) છે.

## १५ अवग्रहेहापायधारणाः ।

એ મતિજ્ઞાન અવગ્રહ ( ઇંદ્રિયને સ્પર્શવડે કરીને જે સૂક્ષ્મ અવ્યક્ત જ્ઞાન થાય તે), ઈહા ( વિચારણા ), અપાય (નિશ્ચય) અને ધારણા એ ચાર ભેદવાળું છે.

## १६ बहुबहुविधक्षिप्रानिश्रितानुक्तध्रुवाणां सेतराणाम् ।

બહુ, બહુવિધ ( ઘણા પ્રકારે ), ક્ષિપ્ર (જલદીથી), અનિશ્રિત ( ચિન્હ વિના ), અનુક્ત ( કહ્યાવિના ) અને ધ્રુવ (નિશ્ચિત) એ છ અને તેના છ પ્રતિપક્ષી એટલે અબહુ ( થોડું ), અબહુવિધ ( થોડા પ્રકારે ), અક્ષિપ્ર ( લાંબાકાળે ), નિશ્રિત ( ચિન્હવડે ), ઉક્ત ( કહેલું ) અને અધ્રુવ ( અનિશ્ચિત ) એ બાર ભેદે અવગ્રહાદિક થાય છે.

## १७ अर्थस्य ।

અર્થ ( સ્પર્શનાદિ વિષય )ના અવગ્રહ આદિ મતિજ્ઞાનના ભેદ થાય છે.

## १८ व्यञ्जनस्यावग्रहः ।

વ્યંજન ( દ્રવ્ય ) નો તો અવગ્રહજ થાય છે.

એ રીતે વ્યંજનનો અને અર્થનો એમ બે પ્રકારનો અવગ્રહ જાણવો. ઇહાદિ અર્થનાંજ થાય.

## १९ न चक्षुरनिन्द्रियाभ्याम् ।

ચક્ષુ અને મનવડે વ્યંજન ( દ્રવ્ય ) નો અવગ્રહ થતો નથી પણ બાકીની ચાર ઇંદ્રિયવડેજ થાય છે.

એ પ્રકારે મતિજ્ઞાનના બે, ચાર, અઠ્ઠાવીશ, ( ૨૮ ભેદને બહુ વગેરે છએ ગુણતાં ) એકસો અડસઠ અને ( ૨૮ ને બાર ભેદ સાથે ગુણતાં ) ત્રણશેં છત્રીશ ભેદો શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના થાય છે.

## २० श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ।

શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે તે બે પ્રકારે—અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ તેમાં પહેલાના અનેક અને બીજાના બાર ભેદ છે.

સામાયિક, ચઉવિસત્થો, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખ્ખાણ (આવશ્યક), દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા (દશાશ્રુતસ્કંધ), કલ્પ ( વૃહતકલ્પ ), વ્યવહાર અને નિશીથસૂત્ર ઇત્યાદિ મહર્ષિઓએ બનાવેલા સૂત્ર તે અંગબાહ્ય શ્રુત અનેક પ્રકારે જાણવું. અંગપ્રવિષ્ટ શ્રુત બાર ભેદે છે તે આ પ્રમાણે—૧ આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ( ભગવતી ), ૬ જ્ઞાતધર્મકથા, ૭ ઉપાસક દશાંગ, ૮ અન્તકૃદ્દશાંગ, ૯ અનુત્તરોપપાતિક દશાંગ, ૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાક અને ૧૨ દ્રષ્ટિવાદસૂત્ર.

હવે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં શું ફેરફાર છે તે અહીં જણાવે

છે.—ઉત્પન્ન થઇ નાશ નહિ પામેલ એવા પદાર્થને ગ્રહણ કરનાર વર્તમાનકાળ વિયષક મતિજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન તો ત્રિકાળ વિષયક છે એટલે જે પદાર્થ ઉત્પન્ન થયેલ છે, જે ઉત્પન્ન થઇ નાશ પામેલ છે અને જે હવે પછી ઉત્પન્ન થવાનો છે તે સર્વને ગ્રહણ કરનાર છે.

હવે અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટમાં શું ભેદ છે તે જણાવે છે. વક્તાના ભેદથી આ બે ભેદ થયા છે, તે આ પ્રમાણે—સર્વજ્ઞ, સર્વદર્શી, પરમઋષિ એવા અરિહંત ભગવાનોએ પરમ શુભ અને તીર્થ પ્રવર્તાવવારૂપ ફળદાયક એવા તીર્થંકર નામકર્મના પ્રભાવથી કહેલું અને અતિશયવાળા તથા ઉત્તમ અતિશયવાળી વાણી અને બુદ્ધિવાળા એવા ભગવંતના શિષ્યો ( ગણધરો ) એ ગુંથેલું તે અંગપ્રવિષ્ટ. ગણધરો પછી થયેલા અત્યંત વિશુદ્ધ આગમના જાણનારા, પરમ પ્રકૃષ્ટ વાણી અને બુદ્ધિની શક્તિવાળા આચાર્યોએ કાળ, સંઘયણ અને આયુના દોષથી અલ્પશક્તિવાળા શિષ્યોના ઉપકારને માટે જે રચ્યું તે અંગબાહ્ય.

સર્વજ્ઞપ્રણીત હોવાથી અને જ્ઞેયપદાર્થનું અનંતપણું હોવાથી મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનનો વિષય મોટો છે. શ્રુતજ્ઞાનનો મહાવિષય હોવાથી તે તે અધિકારોને આશ્રયીને પ્રકરણની સમાપ્તિની અપેક્ષાએ અંગ ઉપાંગના ભેદ છે.

અંગોપાંગની રચના ન હોય તો સમુદ્રને તરવાની પેઠે સિદ્ધાંતનું જ્ઞાન દુઃસાધ્ય થાય, તેટલા માટે પૂર્વ, વસ્તુ, પ્રાભૃત, પ્રાભૃતપ્રાભૃત, અધ્યયન અને ઉદ્દેશા કરેલા છે.

વળી અહીં શિષ્ય શંકા કરે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો તુલ્ય વિષય છે તેથી બંને એકજ છે; તેને ગુરૂમહારાજ ઉત્તર આપે છે કે—અગાઉ કહ્યા મૂજબ મતિજ્ઞાન વર્તમાનકાળ વિષયક છે અને શ્રુતજ્ઞાન ત્રિકાળ વિષયક છે તેમજ વિશેષ શુદ્ધ છે. વળી મતિજ્ઞાન

ઇંદ્રિય અને અનિંદ્રિયનિમિત્તક છે તથા આત્માના જ્ઞસ્વભાવથી પરિણમે છે, ત્યારે શ્રુતજ્ઞાન તો મતિપૂર્વક છે અને આપ્ત પુરૂષના ઉપદેશથી ઉત્પન્નથાય છે.

## २१ द्विविधोऽवधिः ।

અવધિજ્ઞાન બે પ્રકારે છે. ૧ ભવપ્રત્યય અને ૨ ક્ષયોપશમપ્રત્યય ( નિમિત્તક ).

## २२ भवप्रत्ययो नारकदेवानाम् ।

નારકી અને દેવતાઓને ભવપ્રત્યયિક ( અવધિ ) હોય છે.

ભવ છે હેતુ જેનો તે ભવ પ્રત્યયિક. તેઓને દેવ કે નારકીના ભવની ઉત્પત્તિ એજ તે ( અવધિજ્ઞાન ) નો હેતુ છે. જેમકે પક્ષીઓનો જન્મ આકાશની ગતિ ( ઉડવું ) નું કારણ છે પણ તે માટે શિક્ષા કે તપની જરૂર નથી તેમ દેવ કે નારકીમાં ઉત્પન્ન થયો તેને અવધિ થાયજ.

## २३ यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ।

બાકીના (તિર્યંચ અને મનુષ્ય) ને ક્ષયોપશમનિમિત્તક જ્ઞાન થાય છે તે છ વિકલ્પ ( ભેદ ) વાળું છે.—૧ અનાનુગામિ ( સાથે નહિં આવવાવાળું), ૨ અનુગામિ (સાથે રહેવાવાળું), ૩ હીયમાન ( ઘટતું ), ૪ વર્દ્ધમાન ( વધતું ), ૫ અનવસ્થિત ( અનિયમિત -વધતું, ઘટતું, જતું રહે, ઉત્પન્ન થાય) અને ૬ અવસ્થિત ( નિશ્ચિત-જેટલા ક્ષેત્રમાં જે આકારે ઉત્પન્ન થયું હોય તેટલું કેવળજ્ઞાન પર્યંત કાયમ રહે અથવા મરણપર્યંત રહે અથવા અન્ય ભવમાં સાથે પણ જાય. તીર્થંકરોને મનુષ્યપણે ઉત્પન્ન થતી વખતે આ જ્ઞાન હોય છે.)

## ૨૪ ऋजुविपुलमती मनःपर्यायः।

મન:પર્યાયના ૧ ઋજુમતિ અને ૨ વિપુલમતિ એવા બે ભેદ છે.

## ૨૫ विशुद्धयप्रतिपाताभ्यां तद्विशेषः।

વિશુદ્ધિ ( શુદ્ધતા ) અને અપ્રતિપાતીપણું ( આવેલું જાય નહિં ) એ બે કારણથી તે બન્નેમાં ફેર છે. અર્થાત્ ઋજુમતિના કરતાં વિપુલમતિ વિશેષ શુદ્ધ છે અને ઋજુમતિ આવેલું જતું પણ રહે જ્યારે વિપુલમતિ આવેલું જાય નહિ.

## ૨૬ विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः।

વિશુદ્ધિ ( શુદ્ધતા ), ૨ ક્ષેત્ર ( ક્ષેત્ર પ્રમાણ ), ૩ સ્વામિ ( માલિક ) અને ૪ વિષયવડે કરીને અવધિજ્ઞાન અને મન:પર્યાયજ્ઞાનમાં વિશેષતા ( ફરક ) છે.

( અવધિ કરતાં મન:પર્યવ શુદ્ધ છે, મન:પર્યાય જ્ઞાનથી અઢીદ્વીપ અને ઉર્ધ્વાધો જ્યોતિષ્ક તથા હજાર યોજન સુધી ક્ષેત્ર દેખાય ત્યારે અવધિથી અસંખ્ય લોક દેખાય, મન:પર્યવના સ્વામી સાધુ મુનિરાજ અને અવધિજ્ઞાનના સ્વામી સંયત કે અસંયત ચારે ગતિવાળા હોઇ શકે, મન:પર્યવથી પર્યાપ્તસંજ્ઞિએ મનપણે પરિણમાવેલ દ્રવ્યો જાણે અને અવધિથી તમામ રૂપિ–રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા દ્રવ્યો દેખાય છે. વળી અવધિજ્ઞાનથી મન:પર્યાયજ્ઞાનનો વિષય નિબંધ અનંતમા ભાગે કહ્યો છે. )

અવધિજ્ઞાન કરતાં મન:પર્યવજ્ઞાન વિશેષ વિશુદ્ધ છે. જેટલારૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે તેના અનંતમા ભાગે મનપણે પરિણમેલા દ્રવ્યોને મન:પર્યવજ્ઞાની શુદ્ધ રીતે જાણે. અવધિજ્ઞાનનો વિષય અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વ લોકક્ષેત્ર પર્યંત

હોય અને મન:પર્યાય જ્ઞાનવાળાનો વિષય અઢીદ્વીપ સુધીજ હોય. અવધિજ્ઞાન સંયત કે અસંયત ચારે ગતિના જીવોને થાય અને મન:પર્યવજ્ઞાન સંયત ( ચારિત્રવાળા ) મનુષ્યનેજ થાય. સર્વરૂપી દ્રવ્ય અને તેના કેટલાક પર્યાયો જાણવાનો અવધિજ્ઞાનનો વિષય છે અને મન:પર્યવજ્ઞાનનો વિષય સર્વરૂપી દ્રવ્યના અનંતમા ભાગના દ્રવ્યને એટલે મનોદ્રવ્ય અને તેના પર્યાયને જાણવાનો છે.

## २७ मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ।

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય કેટલાક પર્યાયો સહિત સર્વ દ્રવ્યોને જાણવાનો છે. મતલબ કે તે સર્વ દ્રવ્યને જાણે પણ સર્વ પર્યાયયુક્ત જાણી ન શકે.

## २८ रूपिष्ववधेः ।

રૂપિ દ્રવ્યોને વિષેજ અવધિજ્ઞાનનો વિષય નિબંધ છે અર્થાત્ સુવિશુદ્ધ એવા પણ અવધિજ્ઞાનથી રૂપી દ્રવ્યોનેજ અને તેના કેટલાક પર્યાયોને જાણે.

## २९ तदनन्तभागे मनःपर्यायस्य ।

તે રૂપી દ્રવ્યના અનન્તમા ભાગે-મનપણે પરિણમેલા મન-દ્રવ્યોને જાણવાનો મન:પર્યાયજ્ઞાનનો વિષય છે.

## ३० सर्वद्रव्यपर्यायेषु केवलस्य ।

સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયો જાણવાનો કેવળજ્ઞાનનો વિષય છે. તે સર્વ ભાવગ્રાહક અને સમસ્ત લોકાલોક વિષયક છે. આ કરતાં બીજું કોઇ જ્ઞાન શ્રેષ્ઠ નથી.

## ३१ एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ।

એ જ્ઞાનોમાંનાં મત્યાદિ એકથી માંડીને ચાર સુધીનાં જ્ઞાનો એક સાથે એક જીવમાં હોય છે.

કોઇને એક, કોઇને બે, કોઇને ત્રણ, કોઇને ચાર, હોય; એક હોય તો [1]મતિજ્ઞાન અગર કેવળજ્ઞાન હોય. બે હોય તો મતિ અને શ્રુતજ્ઞાન હોય. કેમકે શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય માટે જ્યાં શ્રુત હોય ત્યાં મતિ હોય પણ મતિ હોય ત્યાં શ્રુતની ભજના જાણવી. ત્રણ વાળાને મતિ, શ્રુત, અવધિ અથવા મતિ, શ્રુત, મન:પર્યાય અને ચાર વાળાને મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યાય હોય. પાંચ સાથે ન હોય, કેમકે કેવળજ્ઞાન થાય ત્યારે બીજાં જ્ઞાન રહે નહિ. આ બાબત કેટલાક આચાર્ય કહે છે કે કેવળજ્ઞાન છતાં ચારે જ્ઞાન હોય પણ સૂર્યની પ્રભામાં નક્ષત્રાદિની પ્રભા સમાઈ જાય તેમ કેવળ-જ્ઞાનની પ્રભામાં બીજા જ્ઞાનની પ્રભા સમાઇ જાય છે. વળી કે-ટલાક આચાર્ય કહે છે કે એ ચાર જ્ઞાન ક્ષયોપશમ ભાવથી થાય છે અને કેવળીને તે ભાવ નથી, ક્ષાયિક ભાવ છે માટે ન હોય. વળી તે ચારે જ્ઞાનનો ક્રમે કરી ઉપયોગ થાય છે—એક સાથે થતો નથી અને કેવળજ્ઞાનનો ઉપયોગ બીજાની અપેક્ષા વિના એક સાથે થાય છે. આત્માનો તથાપ્રકારનો સ્વભાવ હોવાથી જ્ઞાનદ-ર્શનનો સમયાન્તર ઉપયોગ કેવળીને નિરંતર હોય છે.

## ૩૨ मतिश्रुतावधयो विपर्ययश्च।

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ વિપર્યય (વિપરીત) રૂપ પણ હોય છે અર્થાત્ અજ્ઞાનરૂપ પણ હોય છે.

## ૩૩ सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ।

મિથ્યાદૃષ્ટિને ઉન્મત્તની પેઠે સત્ (વિદ્યમાન), અસત્ (અ-

---

૧ અત્રે શાસ્ત્રરૂપ શ્રુતજ્ઞાન હોવાથી તે વિના પણ મતિજ્ઞાન લીધું.

વિદ્યમાન ) ની વિશેષતારહિત વિપરીત અર્થ ગ્રહણ થતું હોવાથી તે પૂર્વોક્ત ત્રણે ( નિશ્ચે ) અજ્ઞાન ગણાય છે.

## ૩૪ नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ।

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નયો છે ( સમભિરૂઢ અને એવંભૂત સાથે લઇએ તો સાત નયો થાય છે.)

## ૩૫ आद्यशब्दौ द्वित्रिभेदौ ।

પહેલો ( નૈગમ ) નય બે પ્રકારે-દેશપરિક્ષેપી અને સર્વ પરિક્ષેપી અને શબ્દનય ત્રણ પ્રકારે-સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત છે. ઉક્ત નૈગમાદિક સપ્તનયનાં લક્ષણ આ રીતે કહ્યાં છે-શાસ્ત્રોમાં કહેલ શબ્દ, અર્થ અને શબ્દાર્થનું પરિજ્ઞાન તે નૈગમનય દેશગ્રાહી અને સર્વગ્રાહી છે. અર્થોનો સર્વ દેશે કે એક દેશે સંગ્રહ તે સંગ્રહનય છે. લૌકિકરૂપ, ઔપચારિક અને વિસ્તારાર્થનો બોધક વ્યવહારનય છે. છતા-વિદ્યમાન અર્થોનું કથન અથવા જ્ઞાન તે ઋજુસૂત્રનય છે. યથાર્થ વસ્તુનું કથન તે શબ્દનય છે. શબ્દથી જે અર્થમાં પ્રત્યય-જ્ઞાન તે સામ્પ્રત શબ્દનય અને વિદ્યમાન અર્થમાં અસંક્રમ તે સમભિરૂઢ. વ્યંજન અને અર્થમાં પ્રવૃત્ત તે એવંભૂત.

દરેક વસ્તુમાં અનન્ત ધર્મો રહેલા છે, તેમાંના અભીષ્ટ ધર્મને ગ્રહણ કરનાર અને તે શિવાયના બીજા ધર્મોનો અપલાપ નહિં કરનાર જે જ્ઞાતાનો અધ્યવસાય વિશેષ તેને નય કહેવાય છે. તે નય પ્રમાણનો એક અંશ હોવાથી પ્રમાણ અને નયનો પરસ્પર ભેદ છે. જેમ સમુદ્રનો એક દેશ સમુદ્ર નથી તેમ અસમુદ્ર પણ નથી. તેવીજ રીતે નયો પ્રમાણ પણ નથી તેમ અપ્રમાણ પણ નથી, પણ પ્રમાણનો એક દેશ છે. તે નયો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે ભેદે છે. દ્રવ્ય માત્રને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિક નય કહેવાય

છે. તેમાં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયનો સમાવેશ થાય છે. અને જે પર્યાય માત્રનેજ ગ્રહણ કરે છે તે પર્યાયાર્થિક નય કહેવાય છે. તેમાં ઋજુસૂત્ર, સામ્પ્રત ( શબ્દ ), સમભિરૂઢ અને એવમ્ભૂત એ ચાર નયોનો સમાવેશ થાય છે.

સામાન્ય અને વિશેષાદિ અનેક ધર્મને જુદા જુદા ગ્રહણ કરનાર નૈગમનય છે તેમાં સર્વ પરિક્ષેપી નૈગમનય તે સામાન્ય ગ્રાહી છે અને દેશપરિક્ષેપી નૈગમનય તે વિશેષગ્રાહી છે.

સામાન્યમાત્રને ગ્રહણ કરનાર સંગ્રહનય છે, તે બે ભેદે છે-પરસંગ્રહ અને અપરસંગ્રહ. જે સમસ્ત વિશેષ તરફ ઉદાસીન રહી, સત્તારૂપ સામાન્યનેજ ગ્રહણ કરે તે પરસંગ્રહ કહેવાય છે અને જે દ્રવ્યત્વાદિ અવાન્તર સામાન્યને ગ્રહણ કરે તે અપરસંગ્રહ કહેવાય છે.

સંગ્રહનયે વિષયભૂત કરેલા પદાર્થોનું વિધાન કરીને તેઓનોજ વિભાગ કરનાર જે અધ્યવસાય વિશેષ તે વ્યવહારનય કહેવાય છે, જેમ કે જે સત્ છે તે દ્રવ્ય અથવા પર્યાય સ્વરૂપ છે.

દ્રવ્ય તે છ પ્રકારે છે અને પર્યાય તે બે પ્રકારે છે.

ઋજુસૂત્ર–ऋजु વર્તમાન ક્ષણમાં રહેલા પર્યાયમાત્રને મુખ્ય રીતે ગ્રહણ કરે તે ઋજુસૂત્રનય છે, જેમ કે "હમણા સુખ છે." અહીં ઋજુસૂત્રનય સુખરૂપ વર્તમાન પર્યાયમાત્રને ગ્રહણ કરે છે.

( કાળ, કારક, લિંગ, કાળાદિના સંખ્યા અને ઉપસર્ગના ) ભેદથી શબ્દના ભિન્ન અર્થને સ્વીકાર કરનાર શબ્દનય છે, જેમ મેરૂપર્વત હતો, છે અને હશે; અહીં શબ્દનય અતીત, વર્ત્તમાન અને ભવિષ્યકાળના ભેદથી મેરૂપર્વતને પણ ભિન્ન માને છે. પર્યાય શબ્દોમાં વ્યુત્પત્તિના ભેદથી ભિન્ન અર્થને ગ્રહણ કરનાર સમભિરૂઢ નય છે. શબ્દનય તે પર્યાયનો ભેદ છતાં અર્થને અભિન્ન માને છે, પણ સમભિરૂઢ નય તો પર્યાયના ભેદે કરી ભિન્ન અર્થનો સ્વિ-

કાર કરે છે, જેમ કે સમૃદ્ધિવાળો હોવાથી ઇન્દ્ર કહેવાય, પુરને વિદારવાથી પુરન્દર કહેવાય છે.

શબ્દોની પ્રવૃત્તિના કારણભૂત ક્રિયા સહિત અર્થને વાચ્ય તરીકે સ્વીકાર કરનાર એવમ્ભૂતનય છે. જેમકે જલધારણાદિ ચેષ્ટા સહિત ઘટને તે કાળેજ ઘટ તરીકે માને છે, પરન્તુ જે વખતે ખાલી ઘટ પડ્યો હોય તે વખતે આ નય તેને ઘટ તરીકે સ્વીકાર કરતો નથી.

આમાંના આદિના ચાર નય (પ્રાધાન્યથી) અર્થનું પ્રતિપાદન કરતા હોવાથી અર્થનય કહેવાય છે અને છેલ્લા ત્રણ નયનો તો (મુખ્ય રીતે) શબ્દવાચ્યાર્થ વિષય હોવાથી તેને શબ્દનય કહેવાય છે. બીજી પ્રકારે પણ નયોના ભેદો છે, જેમ–વિશેષગ્રાહી જે નયો છે તે અર્પિતનયો કહેવાય છે, સામાન્યગ્રાહી જે નયો છે તે અનર્પિતનય કહેવાય છે.

લોક પ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરનાર વ્યવહારનય કહેવાય છે અને તાત્ત્વિક અર્થને સ્વીકાર કરનાર નિશ્ચયનય કહેવાય છે. જેમકે વ્યવહારનય પાંચ વર્ણનો ભ્રમર છતાં શ્યામ ભ્રમર કહે છે અને તેને નિશ્ચયનય પંચવર્ણનો ભ્રમર માને છે.

જ્ઞાનને મોક્ષ સાધનપણે માનનાર જ્ઞાનનય અને ક્રિયાને તેવી રીતે સ્વીકાર કરનાર ક્રિયાનય કહેવાય છે.

હવે પ્રસંગ થકી નયાભાસનું સ્વરૂપ બતાવીએ છીએ.

અનન્ત ધર્માત્મક વસ્તુમાં અભિપ્રેત ધર્મને ગ્રહણ કરનાર અને તેથી ઇતર ધર્મોનો તિરસ્કાર કરનાર નયાભાસ કહેવાય છે.

દ્રવ્ય માત્રને ગ્રહણ કરનાર અને પર્યાયનો તિરસ્કાર કરનાર દ્રવ્યાર્થિક નયાભાસ કહેવાય છે. અને પર્યાય માત્રને ગ્રહણ કરનાર અને દ્રવ્યનો તિરસ્કાર કરનાર પર્યાયાર્થિક નયાભાસ કહેવાય છે.

ધર્મ અને ધર્મીનો એકાન્ત ભેદ માનનાર નૈગમાભાસ છે, જેમકે નૈયાયિક અને વૈશેષિક દર્શન

સત્તારૂપ મહા સામાન્યનો સ્વીકાર કરનાર અને સમસ્ત વિશેષનું ખંડન કરનાર સંગ્રહાભાસ છે, જેમકે અદ્વૈતવાદ દર્શન અને સાંખ્યદર્શન. અપારમાર્થિકપણે દ્રવ્ય પર્યાયનો વિભાગ કરનાર વ્યવહારાભાસ છે, જેમ ચાર્વાકદર્શન જીવ અને તેના દ્રવ્ય પર્યાયાદિને ચાર ભૂતથી જુદા માનતો નથી, માત્ર ભૂતની સત્તાનેજ સ્વીકાર કરે છે. વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર અને સર્વથા દ્રવ્યનો અપલાપ કરનાર ઋજુસૂત્રાભાસ છે, જેમ બૌદ્ધદર્શન.

કાળાદિના ભેદવડે વાચ્ય અર્થના ભેદનેજ માનનાર શબ્દાભાસ છે. જેમકે મેરૂપર્વત હતો, છે અને હશે, એ શબ્દો ભિન્ન અર્થનેજ કહે છે.

પર્યાય શબ્દોના ભિન્ન ભિન્ન અર્થનેજ સ્વીકાર કરનાર સમભિરૂઢાભાસ છે. જેમકે ઇન્દ્ર, શક્ર, પુરન્દર ઇત્યાદિ શબ્દો જુદા જુદા અર્થોવાળા છે એમ જે માને તે સમભિરૂઢાભાસ કહેવાય છે.

ક્રિયાસહિત વસ્તુને શબ્દ વાચ્ય નહિ માનનાર એવમ્ભૂતાભાસ છે. જેમ ચેષ્ટારહિત ઘટ તે ઘટશબ્દ વાચ્ય નથી.

# अथ द्वितीयोऽध्यायः

પહેલા અધ્યાયમાં જીવાદિ તત્ત્વો કહ્યા, હવે જીવ અને તેનું લક્ષણ શાસ્ત્રકાર બતાવે છે.—

## १ औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ।

ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ એ ત્રણ તથા ઔદયિક અને પારિણામિક એ બે મળી પાંચે ભાવો જીવના સ્વતત્ત્વ છે. ( પારિણામિક અને ઔદયિક ભાવ અજીવને પણ હોય છે કારણ કે પુદ્ગલોનું પરિણમવું અને કર્મોદયથી શરીર વગેરે થાય છે. )

## २ द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ।

પૂર્વોક્ત ઔપશમિકાદિ ભાવોના બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો અનુક્રમે છે.

પાંચ સૂત્રોથી તે ભાવોના ૫૩ ભેદ અનુક્રમે જણાવે છે.—

## ३ सम्यक्त्वचारित्रे ।

પહેલા ઔપશમિક ભાવના સમકિત અને ચારિત્ર એ બે ભેદ છે. એટલે ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર.

## ४ ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ।

[1]કેવળજ્ઞાન, કેવળદર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય તથા સમ્યકત્વ અને ચારિત્ર એ નવ ભેદ ક્ષાયિકભાવના છે.

५ ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ।

મતિ આદિ ચાર પ્રકારનું જ્ઞાન, ત્રણ પ્રકારે અજ્ઞાન, ચક્ષુ-દર્શનાદિ ત્રણ પ્રકારે દર્શન અને પાંચ પ્રકારે દાનાદિ લબ્ધિ તથા સમકિત, ચારિત્ર અને સંયમાસંયમ ( દેશવિરતિપણું ) એ અઢાર ભેદ ક્ષાયોપશમિક ભાવના છે.

६ गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धत्वलेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ।

નરકાદિ ચાર ગતિ, ક્રોધાદિ ચાર કષાય, સ્ત્રીવેદાદિ ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયતત્વ, અસિદ્ધત્વ અને કૃષ્ણાદિ છ લેશ્યા મળીને ૨૧ ભેદ ઔદયિક ભાવના થાય છે.

७ जीवभव्याभव्यत्वादीनि च ।

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ ભેદો પારિણામિક ભાવના થાય છે. આદિ શબ્દથી અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ગુણવત્ત્વ, અ-સર્વગતત્વ, અનાદિ કર્મબંધત્વ, પ્રદેશત્વ, અરૂપત્વ, નિત્યત્વ એ વિગેરે ભેદોનું ગ્રહણ કરવું.

---

૧ કેવળ જ્ઞાનદર્શન અને ક્ષાયિક જ્ઞાનદર્શન એકજ સમજવાં કેમકે કેવળ જ્ઞાનદર્શન ક્ષાયિકભાવેજ પ્રગટે છે.

## જીવનું લક્ષણ.

८ उपयोगो लक्षणम् ।

ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

९ स द्विविधोऽष्टचतुर्भेदः ।

તે ઉપયોગ બે પ્રકારે છે. તે વળી ક્રમે ૧ સાકાર-જ્ઞાન (૫ જ્ઞાન, ૩ અજ્ઞાન ) આઠ પ્રકારે છે અને અનાકાર-દર્શન (ચક્ષુ આદિ ) ચાર પ્રકારે છે.

## જીવના ભેદો.

१० संसारिणो मुक्ताश्च ।

સંસારી અને મુક્ત ( મોક્ષના ) એ બે ભેદ જીવો છે.

વળી બીજી રીતે જીવના ભેદો કહે છે.—

११ समनस्कामनस्काः ।

મનસહિત ( સંજ્ઞી ) અને મનરહિત ( અસંજ્ઞી ) એ ભેદ જીવના થાય છે.

१२ संसारिणस्त्रसस्थावराः ।

ત્રસ અને સ્થાવર એ ભેદ સંસારી જીવો છે.

१३ पृथिव्यब्वनस्पतयः स्थावराः ।

પૃથ્વીકાય, અપ્‌કાય, અને વનસ્પતિકાય એ સ્થાવર છે.

## ૧૪ तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ।

તેઉકાય, વાઉકાય એ બે અને બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય તથા પંચેંદ્રિય એ ત્રસ જીવો છે. તેઉકાય વાઉકાય સ્વતંત્ર ગતિવાળા હોવાથી ગતિત્રસ કહેવાય છે. અને દ્વીંદ્રિય વગેરે સુખદુઃખની ઇચ્છાથી ગતિવાળા હોવાથી તેઓ લબ્ધિત્રસ કહેવાય છે.

ઇંદ્રિયો જણાવે છે:—

## ૧૫ पञ्चेन्द्रियाणि ।

સ્પર્શનાદિ ઇંદ્રિયો પાંચ છે.

ઇંદ્રિ એટલે આત્મા તેનું ચિન્હ તે ઇંદ્રિય અથવા જીવની આજ્ઞાને આધિન, જીવે દેખેલ, જીવે રચેલ, જીવે સેવેલ તે ઇંદ્રિય જાણવી.

## ૧૬ द्विविधानि ।

તે બે પ્રકારે છે.

## ૧૭ निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ।

નિર્વૃત્તિ—આકાર ઇંદ્રિય અને ઉપકરણ—દ્વારની માફક સાધનપણું ઇંદ્રિય એ બે ભેદ દ્રવ્યેંદ્રિય છે. અંગોપાંગ નામકર્મના ઉદયથી ઇંદ્રિયોના અવયવ થાય છે અને નિર્માણ નામકર્મના ઉદયથી શરીરના પ્રદેશોની રચના થાય છે. દ્રવ્યેન્દ્રિયોની રચના અંગોપાંગ તથા નિર્માણકર્મને આધિન છે.

અંગોપાંગ અને નિર્માણ નામકર્મના ઉદયથી વિશિષ્ટ જે ઇન્દ્રિયનો આકાર તેને નિર્વૃત્તિ ઇન્દ્રિય કહે છે, તેના બાહ્ય અને અભ્યંતર એ બે ભેદ છે. બાહ્ય નિર્વૃત્તિ જાતિભેદથી અનેક પ્રકારની જેમકે મનુષ્યના કાન ભ્રૂસરખાં નેત્રની બન્ને બાજુએ છે અને

અશ્વના કાન તેમના ઉપરના ભાગમાં તીક્ષ્ણ અગ્રભાગવાળા છે. અભ્યન્તર નિર્વૃત્તિમાં સ્પર્શનેન્દ્રિય નાના આકારવાળી છે. રસનેન્દ્રિય ખુરપા ( અસ્ત્રા ) ના આકારે છે. ઘ્રાણેન્દ્રિય અતિમુક્તક પુષ્પના આકારે છે. ચક્ષુરિન્દ્રિય મસુર અને ચંદ્રને આકારે છે. શ્રોત્રેન્દ્રિય કદંબ પુષ્પને આકારે છે. આદિની–સ્પર્શનેન્દ્રિય અને દ્રવ્ય મન સ્વકાય પ્રમાણ છે અને બાકીની ઇન્દ્રિયો અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણવાળી છે. અને સ્વવિષય ગ્રહણ કરવાની શક્તિ સ્વરૂપ ઉપકરણેન્દ્રિય છે.

## ૧૮ लब्ध्युपयोगौ भावेन्द्रियम् ।

લબ્ધિ—ક્ષયોપશમ અને ઉપયોગ—સાવધાનતા એ બે ભેદે ભાવેન્દ્રિય છે. ગતિ અને જાત્યાદિ કર્મોથી, અને ગતિ જાત્યાદિને આવરણ કરવાવાળા કર્મના ક્ષયોપશમથી અને ઇન્દ્રિયના આશ્રયભૂત કર્મોના ઉદયથી જીવને જે શક્તિ ઉત્પન્ન થાય તે લબ્ધિ કહેવાય છે.

મતિજ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી થયેલ જે જ્ઞાનનો સદ્‌ભાવ તે લબ્ધીન્દ્રિય કહેવાય છે :અને સ્વવિષયમાં જે જ્ઞાનનો વ્યાપાર તેને ઉપયોગેન્દ્રિય કહે છે. જ્યારે લબ્ધીન્દ્રિય હોય છે ત્યારે નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ હોય છે. અને નિર્વૃત્તીન્દ્રિય હોય છે ત્યારે ઉપકરણ અને ઉપયોગ હોય છે. કારણ કે ઉપકરણનો આશ્રય નિર્વૃત્તિ છે. ઉપયોગ ઉપકરણેન્દ્રિય દ્વારાજ હોય છે.

## ૧૯ उपयोगः स्पर्शादिषु ।

સ્પર્શાદિ ( સ્પર્શ, રસ, ગંધ, ચક્ષુ અને શ્રવણ–સાંભળવું ) ને વિષે ઉપયોગ થાય છે.

## ૨૦ स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ।

સ્પર્શનેંદ્રિય (શરીર), રસનેંદ્રિય (જીભ), ઘ્રાણેંદ્રિય (નાસિકા), ચક્ષુરિંદ્રિય ( નેત્ર ) અને શ્રોત્રેંદ્રિય ( કાન ) એ પાંચ ઇંદ્રિયો જાણવી.

## २१ स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ।

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ તેઓના (ઇન્દ્રિયોના) અર્થ ( વિષય ) છે.

## २२ श्रुतमनिन्द्रियस्य ।

શ્રુતજ્ઞાન એ અનિંદ્રિય અર્થાત્ મનનો વિષય છે.

## २३ वाय्वन्तानामेकम् ।

પૃથ્વીકાયથી માંડીને વાઉકાય સુધીના જીવોને એક ઇંદ્રિય છે.

## २४ कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ।

કૃમિ આદિ, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય આદિને પહેલા કરતાં એક એક ઇંદ્રિય વધારે છે, એટલે બે, ત્રણ, ચાર અને પાંચ ઇંદ્રિયો અનુક્રમે છે.

## २५ संज्ञिनः समनस्काः ।

સંજ્ઞિ જીવો મનવાળા છે.

ઇહાપોહસહિત ગુણ દોષના વિચારાત્મક સંપ્રધારણ સંજ્ઞાવાળા જીવો તે સંજ્ઞિ જાણવા.

## २६ विग्रहगतौ कर्मयोगः ।

વિગ્રહ ગતિમાં કાર્મણ કાયયોગ હોય છે.

## २७ अनुश्रेणि गतिः ।

જીવ, પુદ્ગલોની ગતિ આકાશપ્રદેશની શ્રેણી પ્રમાણે થાય છે અર્થાત્ વિશ્રેણી પ્રમાણે ગતિ થતી નથી.

## २८ अविग्रहा जीवस्य ।

જીવની ( સિદ્ધિમાં જતાં ) અવિગ્રહ ગતિ (ઋજુગતિ) હોય છે.

## २९ विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।

સંસારી જીવોને ચાર સમયની પૂર્વે એટલે ત્રણ સમયની વિગ્રહવાળી ગતિ પણ થાય છે. અર્થાત્ અવિગ્રહ ( ઋજુ ) અને વિગ્રહ (વક્ર) એવી બે ગતિ થાય છે.

સંસારી જીવોને જાત્યંતર સંક્રાંતિ ( એક સ્થળેથી બીજે સ્થળે ઉત્પન્ન થતાં ) ને વિષે ઉપપાતક્ષેત્રની વક્રતાને લીધે વિગ્રહ ગતિ હોય છે. ઋજુગતિ, એક સમયની વિગ્રહ, બે સમયની વિગ્રહ અને ત્રણ સમયની વિગ્રહ એમ ચાર પ્રકારની ગતિ થાય છે. પ્રતિઘાતનો અને વિગ્રહના નિમિત્તનો અભાવ હોવાથી તે કરતાં વધારે સમયની વિગ્રહ ગતિ થતી નથી. પુદ્ગલોની ગતિ પણ એ પ્રમાણે જાણવી.

## ३० एकसमयोऽविग्रहः ।

અવિગ્રહગતિ એક સમયની હોય છે.

## ३१ एकं द्वौ वाऽनाहारकः

વિગ્રહગતિમાં એક અથવા બે સમય અણાહારી હોય છે (વા કહેવાથી ચાર વિગ્રહમાં ત્રણ સમય પણ થાય છે. )

## ३२ सम्मूर्छनगर्भोपपाता जन्म ।

સમૂર્છન, ગર્ભ અને ઉપપાત એ ત્રણ પ્રકારે જન્મ થાય છે.

## ३३ सचित्तशीतसंवृत्ताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ।

ત્રણ પ્રકારના જન્મવાળા જીવોની ૧ સચિત્ત, ૨ શીત અને ૩ સંવૃત્ત ( ઢાંકેલી–ગુપ્ત ) એ ત્રણ પ્રકારની તેમજ તેના ત્રણ પ્રતિપક્ષી ( અચિત્ત, ઉષ્ણ અને વિવૃત્ત–પ્રગટ ) અને મિશ્ર એટલે સચિત્તઅચિત્ત, શીતોષ્ણ, સંવૃત્તવિવૃત્ત ભેદવાળી યોનીઓ હોય છે અર્થાત્ એ રીતે નવ પ્રકારની યોનીઓ છે.

## ३४ जराय्वण्डपोतजानां गर्भः ।

જરાયુજ ( ઓરવાળા ), અંડજ ( ઇંડામાંથી થનારા ) અને પોતજ ( લુગડાની પેઠે સાફ ઉત્પન્ન થનાર ) એ ત્રણને ગર્ભથી જન્મ થાય છે.—૧ મનુષ્ય, ગાય વગેરે જરાયુજ; ૨ સર્પ, ચંદનઘો, કાચબો, પક્ષી વગેરે અંડજ અને ૩ હાથી, સસલો, નોળીયો વગેરે પોતજ.

## ३५ नारकदेवानामुपपातः ।

નારકી અને દેવતાઓને ઉપપાતજન્મ છે. ૧ નારકની ઉત્પત્તિ કુંભી અને ગોખલામાં જાણવી, ૨ દેવની ઉત્પત્તિ દેવશય્યામાં જાણવી.

## ३६ शेषाणां सम्मूर्छनम् ।

બાકી રહેલા જીવોનો જન્મ સંમૂર્છન છે. માતપિતાના સંયોગ વિના માટી, પાણી, મલિન પદાર્થો વગેરેમાં સ્વયમેવ ઉપજે તે સંમૂર્છન.

## ૩૭ औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ।

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીરો છે.

## ૩૮ परं परं सूक्ष्मम् ।

તે શરીરોમાં એક એકથી આગળ આગળનું સૂક્ષ્મ છે.

## ૩૯ प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात् ।

તૈજસ શરીરની પૂર્વનાં ત્રણ શરીરો પ્રદેશવડે એક એકથી અસંખ્યાતગુણાં છે.

## ૪૦ अनन्तगुणे परे ।

તૈજસ અને કાર્મણ પૂર્વપૂર્વથી અનંત અનંતગુણા છે.

એટલે ઔદારિકથી વૈક્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણા, વૈક્રિયથી આહારકના પ્રદેશ અસંખ્યાતગુણા અને આહારકથી તૈજસના પ્રદેશ અનંતગુણા અને તૈજસથી કાર્મણના પ્રદેશ અનંતગુણા છે.

## ૪૧ अप्रतिघाते ।

એ બે પ્રતિઘાત ( બાધા ) રહિત છે. અર્થાત્ લોકાંત સુધી જતાં આવતાં કોઇ પદાર્થ તેને રોકી શકતું નથી.

## ૪૨ अनादिसम्बन्धे च ।

વળી તે બંને શરીરો જીવને અનાદિકાળથી સંબંધવાળાં છે.

એક આચાર્ય એમ કહે છે કે કાર્મણ શરીરજ અનાદિ સં-

બંધવાળું છે. તૈજસ શરીર તો લબ્ધિની અપેક્ષાએ છે, તે લબ્ધિ બધાને હોતી નથી. ક્રોધવડે શાપ દેવાને અને પ્રસાદવડે આશીર્વાદ દેવાને માટે સૂર્યચંદ્રની પ્રભા તુલ્ય તૈજસ શરીર છે.

## ૪૩ सर्वस्य ।

એ બે શરીરો સર્વ સંસારી જીવોને હોય છે.

## ४४ तदादीनि भाज्यानि युगपदेकस्याऽचतुर्भ्यः ।

તે બે શરીરને આદિ લઇને ચાર સુધીનાં શરીરો એકી સાથે એક જીવને હોઇ શકે છે.

અર્થાત્ કોઇને તૈજસ, કાર્માણ; કોઇને તૈજસ, કાર્માણ અને ઔદારિક; કોઇને તૈજસ, કાર્માણ અને વૈક્રિય; કોઇને તૈજસ, કાર્માણ, ઔદારિક, વૈક્રિય; કોઇને તૈજસ, કાર્માણ, ઔદારિક, આહારક હોય; એક સાથે પાંચ ન હોય કેમકે આહારક વૈક્રિય એક સાથે હોય નહિ.

## ४५ निरुपभोगमन्त्यम् ।

અંતનું જે ( કાર્માણ ) શરીર તે ઉપભોગ રહિત છે. તેનાથી સુખ દુ:ખ ભોગવાતું નથી, કર્મબંધ નિર્જરા પણ તે શરીરવડે થતાં નથી. બાકીનાં ઉપભોગ સહિત છે.

## ४६ गर्भसम्मूर्छनजमाद्यम् ।

પહેલું ( ઔદારિક ) શરીર ગર્ભજ અને સમૂર્છનથી થાય છે.

## ४७ वैक्रियमौपपातिकम् ।

વૈક્રિય શરીર ઉપપાત જન્મવાળા ( દેવ, નારકી ) ને હોય છે.

## ४८ लब्धिप्रत्ययं च ।

તિર્યંચ અને મનુષ્યને લબ્ધિપ્રત્યયિક પણ વૈક્રિય શરીર હોય છે.

## ४९ शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ।

શુભ, વિશુદ્ધ, અવ્યાઘાતી ( વ્યાઘાત રહિત ) અને લબ્ધિપ્રત્યયિક એવું આહારક શરીર છે અને તે ચૌદ પૂર્વધરોનેજ હોય છે.

શુભ (સારા) પુદ્ગલ દ્રવ્ય વડે નિષ્પન્ન અને શુભ પરિણામવાળું માટે શુભ કહ્યું. વિશુદ્ધ ( નિર્મળ ) દ્રવ્યવડે નિષ્પન્ન અને નિર્વદ્ય માટે શુદ્ધ કહ્યું. કોઈક અર્થમાં અત્યંત સૂક્ષ્મ સંદેહ થયો હોય એવા પૂર્વધરો અર્થનો નિશ્ચય કરવાને માટે મહાવિદેહાદિ બીજા ક્ષેત્રમાં વિરાજમાન ભગવંત પાસે ઔદારિક શરીરે જવાનું અશક્ય હોવાથી આહારક શરીર કરીને ત્યાં જાય, જઇને ભગવંતના દર્શન કરી સંદેહ દૂર કરીને પાછા આવીને તેનો ત્યાગ કરે. અંતર્મુહૂર્ત લગી આ શરીર રહે છે.

સ્થૂલ પુદ્ગલોનું બનેલું, ઉત્પન્ન થયા પછી તરતજ સમયે સમયે વધે, ઘટે, પરિણમે એવું, ગ્રહણ છેદન ભેદન અને દહન થઇ શકે એવું ઔદારિક શરીર છે. નાનાનું મોટું-મોટાનું નાનું, એકનું અનેક-અનેકનું એક, દૃશ્યનું અદૃશ્ય-અદૃશ્યનું દૃશ્ય, ભૂચરનું ખેચર-ખેચરનું ભૂચર, પ્રતિઘાતીનું અપ્રતિઘાતી-અપ્રતિઘાતીનું પ્રતિઘાતી ઈત્યાદિ રૂપે વિક્રિયા કરે તે વૈક્રિય શરીર. થોડા કાળને માટે જે ગ્રહણ કરાય તે આહારક. તેજનો વિકાર, તેજમય, તેજપૂર્ણ અને શાપ કે અનુગ્રહના પ્રયોજનવાળું તે તૈજસ. કર્મનો વિકાર, કર્મસ્વરૂપ, કર્મમય અને પોતાનું તથા બીજા શરીરનું આદિ કારણભૂત તે કાર્મણ. કારણ, વિષય, સ્વામી, પ્રયોજન, પ્ર-

માણ, પ્રદેશ સંખ્યા, અવગાહના, સ્થિતિ અને અલ્પ બહુત્વ વડે કરીને ઉપરોક્ત પાંચ શરીરોમાં ભિન્નતા છે.

## ५० नारकसम्मूर्छिनो नपुंसकानि ।

નારકી અને સમૂર્છન જીવો નપુંસક વેદવાળાજ હોય છે. અશુભગતિ હોવાથી અહીં આ એકજ વેદ હોય છે.

## ५१ न देवाः ।

દેવતાઓ નપુંસક હોતા નથી. અર્થાત્ સ્ત્રી ( વેદ ) અને પુરૂષ ( વેદ ) હોય છે. બાકીના (મનુષ્ય ને તિર્યંચ) ત્રણ વેદવાળા હોય છે.

## ५२ औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ।

ઉપપાત જન્મવાળા—દેવ અને નારકો, ચરમ શરીરી ( તદ્ભવ મોક્ષગામી ), ઉત્તમ પુરૂષ ( તીર્થંકર ચક્રવર્ત્યાદિ શલાકા પુરૂષ ), અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ ( યુગલિક) એ સર્વ અનપવર્ત્તન ( ઉપક્રમ લાગી ઘટે નહિ તેવા ) આયુષ્યવાળા હોય છે.

દેવતા અને નારકી ઉપપાત જન્મવાળા છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો દેવકુરૂ, ઉત્તરકુરૂ, અંતરદ્વીપ વગેરે અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં અવસર્પિણીના પહેલા ત્રણ આરામાં અને ઉત્સાર્પિણીના છેલ્લા ત્રણ આરામાં ઉપજે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અઢીદ્વીપમાં અને બહારના દ્વીપ સમુદ્રમાં ઉપજે છે. ઉપપાતજન્મ અને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા નિરૂપક્રમી છે. ચરમ દેહવાળા સોપક્રમી અને નિરૂપક્રમી છે; આ

ચરમ દેહવાળાને ઉપક્રમ લાગે છે પણ તેનું આયુષ્ય ઘટતું નથી. બાકીના એટલે–ઔપપાતિક, અસંખ્યેય વર્ષવાળા, ઉત્તમ પુરૂષ અને ચરમ દેહવાળા શિવાયના તિર્યંચ અને મનુષ્યો સોપક્રમી અને નિ-રૂપક્રમી છે. જે અપવર્તન આયુષ્યવાળા છે તેનું આયુષ્ય વિષ, શસ્ત્ર, અગ્નિ, કાંટા, જળ, શૂળી વગેરેથી ઘટે છે. અપવર્તન થાય એટલે થોડા કાળમાં યાવત્ અંતર્મુહૂર્ત કાળમાં કર્મ ફળનો અ-નુભવ થાય છે. ઉપક્રમ તે અપવર્તનનું નિમિત્તકારણ છે.

જેમ છુટા વેરેલા ઘાસના તરણા અનુક્રમે બાળવાથી વધારે વખત લાગે અને એકત્ર કરી સળગાવે તો તરત સળગી જાય. અ-થવા ભીનું લુગડું ભેગું રાખ્યાથી ઘણીવારે સુકાય અને પહોળું કરે તો તુરત સૂકાય તેની પેઠે ઘણે વખતે આયુષ્ય ભોગવવાનું હતું તે ક્ષણવારમાં ભોગવી પૂરૂં કરે છે પણ ભોગવવાનું બાકી રહેતું નથી.

અનપવર્તનીય.
- ૧ સોપક્રમિ.
- ૨ નિરૂપક્રમિ.

અપવર્તનીય.
- સોપક્રમિ.

# ॥ अथ तृतीयोऽध्यायः ॥

## १ रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः ।

૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમ:પ્રભા અને મહાતમ:પ્રભા એ સાત ( નરક ) પૃથ્વીઓ નીચે નીચે ઘનોદધી (થીજ્યા ઘી સદૃશ પાણી), ઘનવાત (થીજ્યા ઘી સદૃશ વાયુ), તનુવાત ( તાવ્યા ઘી સદૃશ વાયુ) અને આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. એ સાત એક એકની નીચે અનુક્રમે અધિકતર વિસ્તારવાળી છે.

ધર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી એવાં સાત નામ તે નરક પૃથ્વીનાં છે. પહેલીની જાડાઈ એક લાખ એંશી હજાર, બીજીની એક લાખ બત્રીશ હજાર, ત્રીજીની એક લાખ અઠ્ઠાવીશ હજાર, ચોથીની એક લાખ વીશ હજાર, પાંચમીની એક લાખ અઢાર હજાર, છઠ્ઠીની એક લાખ સોળ હજાર અને સાતમીની એક લાખ આઠ હજાર યોજનની છે.

## २ तासु नरकाः

તે સાત પૃથ્વીને વિષે નરક છે.

રત્નપ્રભા આદિ પૃથ્વીઓને વિષે એક હજાર યોજન ઉંચે અને એક હજાર યોજન નીચે મૂકી દઇને બાકીના ભાગમાં નરકાવાસા છે. ત્યાં છેદન, ભેદન, આક્રંદન, ઘાતન ઈત્યાદિ અનેક દુ:ખો નારક જીવોને ભોગવવાં પડે છે. તે રત્નપ્રભા આદિમાં અનુક્રમે ૧૩-૧૧-૯-૭-૫-૩ અને ૧ એમ સર્વ મળીને ૪૯ પ્રતરો

છે અને ત્રીશ લાખ, પચ્ચીશ લાખ, પંદર લાખ, દશ લાખ, ત્રણ લાખ, પાંચ ઓછા એક લાખ અને પાંચ એમ સર્વ મળીને ૮૪ લાખ નરકાવાસા છે. ઉપરના પ્રથમ પ્રતરનું નામ સીમંતક છે અને છેલ્લાનું નામ અપ્રતિષ્ઠાન છે.

## ३ नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ।

એ સાત પૃથ્વીમાં નીચે નીચે અધિક અધિક અશુભતર લેશ્યા–પરિણામ–શરીર–વેદના અને વિક્રિયા ( વૈક્રિયપણું ) નિરંતર હોય છે. અર્થાત્ એક ક્ષણમાત્ર પણ શુભ લેશ્યાઆદિ થતું નથી.

પહેલી બે નારકીમાં કાપોત, ત્રીજીમાં કાપોત તથા નીલ, ચોથીમાં નીલ, પાંચમીમાં નીલ તથા કૃષ્ણ અને છઠ્ઠી સાતમીમાં કૃષ્ણ લેશ્યા હોય છે. આ લેશ્યાઓ અનુક્રમે નીચેની નારકીમાં અધિક અધિક સંક્લિષ્ટ અધ્યવસાયવાળી હોય છે. બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અગુરૂલઘુ અને શબ્દ એ દશ પ્રકારના અશુભ પુદ્ગલોનો અનુક્રમે અધિક અશુભતર પરિણામ નરક પૃથ્વીને વિષે હોય છે. ચોતરફ નિત્ય અંધકારમય અને શ્લેષ્મ, મૂત્ર, વિષ્ટા, લોહી, પરૂ ઇત્યાદિ અશુચિ પદાર્થોથી લેપાયેલ તે નરકભૂમિઓ છે. પીંછા ખેંચી લીધેલા પક્ષી જેવા, ક્રુર, કરૂણ, બીભત્સ અને દેખીતા ભયંકર આકૃતિવાળા દુ:ખી અને અપવિત્ર શરીરો નારક જીવોને હોય છે. પહેલી નારકીમાં નારક જીવોનું શરીર ૭ાા ધનુષ્ય અને છ આંગળનું છે, તે પછીનાનું અનુક્રમે બમણું બમણું જાણવું. ત્રણ નારકીમાં ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણ અને શીત, પાંચમીમાં શીત અને ઉષ્ણ અને છઠ્ઠી સાતમીમાં શીત વેદના જાણવી. એકેકથી અધિકતર તીવ્રતર વેદના સમજવી. ઉનાળાનો પ્રચંડ તાપ પડતો હોય ત્યારે મધ્યાન્હકાળે ચારે બાજુ મોટો જાજવલ્યમાન અગ્નિનો ભડકો કરીને વચ્ચે પિત્તના વ્યાધિ-

વાળા મનુષ્યને બેસાર્યો હોય તેને અગ્નિનું જેવું દુ:ખ લાગે તેના કરતાં નારકોને અનંતગણું દુ:ખ ઉષ્ણ વેદનાનું હોય. પોષ મહા માસની ઠંડી રાત્રે ઝાકળ પડતું હોય અને ઠંડા પવન ફુંકાતો હોય તે વખતે અગ્નિ અને વસ્ત્રની સહાય વિનાના મનુષ્યને જેવું ટાઢનું દુ:ખ થાય તેના કરતાં નારકોને અનંતગુણું દુ:ખ શીત વેદનાનું થાય છે. એ ઉષ્ણ વેદનાવાળા નારકોને ત્યાંથી ઉપાડીને અહીં અત્યંત મોટા અગ્નિના ભડકામાં નાંખ્યા હોય તો તે શીતળ છાયામાં સુતા હોય તેવી રીતે આનંદપૂર્વક નિદ્રા લે અને શીત વેદનાવાળા નારકને ત્યાંથી ઉપાડી અહીં માઘ માસની રાત્રીએ ઝાકળમાં મૂકે તો તે પણ અત્યંત આનંદથી નિદ્રા લે એવું નારક જીવોને દારૂણ દુ:ખ છે. તેઓને વિક્રિયા પણ અશુભતર છે. સારૂં કરીશ એવી ઇચ્છા કરતાં છતાં અશુભ વિક્રિયા થાય અને દુ:ખગ્રસ્ત થઈ દુ:ખનો પ્રતિકાર ( ઉપાય ) કરવા ચાહે ત્યારે ઉલટું મહાન્ દુ:ખ ઉત્પન્ન થાય.

## ૪ परस्परोदीरितदुःखाः ।

એ નરકને વિષે જીવોને પરસ્પર ઉદીરણા કરેલ દુ:ખો છે. અર્થાત્ એ જીવો અન્યોઅન્ય એક બીજાને દુ:ખ આપે છે.

તેઓને અવધિજ્ઞાન કે વિભંગ જ્ઞાન હોવાથી તે સર્વ દિશાથી આવતા દુ:ખહેતુઓને જોઈ શકે છે. અતિ વૈરવાળા જીવોની પેઠે તેઓ માંહોમાંહે લડે છે અને દુ:ખી થાય છે.

## ૫ संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ।

સંકિલષ્ટ પરિણામી અસુરો ( પરમાધામી ) એ ઉત્પન્ન કરેલ દુ:ખો ચોથી નરકથી અગાઉ એટલે ત્રીજી નરક સુધી હોય છે.

નારક જીવોને વેદના કરનારા પંદર જાતના પરમાધામી

દેવો ભવ્ય છતાં મિથ્યાદ્રષ્ટિ હોય છે. પૂર્વ જન્મમાં સંકિલષ્ટ કર્મના યોગે આસુરી ગતિને પામેલા હોવાથી તેનો તેવા પ્રકારનો આચાર હોવાથી નારકોને અનેક જાતના દુઃખો ઉત્પન્ન કરે છે.

## ६ तेष्वेक त्रि सप्त दश सप्तदश द्वाविंशति त्रयस्त्रिंशत् सागरोपमा सत्त्वानां परा स्थितिः ।

તે નરકોમાં જીવોની ઉત્કૃષ્ટી સ્થિતિ અનુક્રમે એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ અને તેત્રીશ સાગરોપમની હોય છે. એટલે પહેલી નરકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમનું હોય. બીજીનું ત્રણ સાગરોપમ, ત્રીજીનું સાત સાગરોપમ, ચોથીનું દશ સાગરોપમ, પાંચમીનું સત્તર સાગરોપમ, છઠ્ઠીનું બાવીશ સાગરોપમ અને સાતમીનું તેત્રીશ સાગરોપમ જાણવું.

અસંજ્ઞિ પહેલી નારકીમાં ઉપજે, ભુજપરિસર્પ બે નારકીમાં, પક્ષીઓ ત્રણમાં, સિંહો ચારમાં, ઉરઃપરિસર્પ પાંચમાં, સ્ત્રીઓ છમાં અને મનુષ્યો સાત નારકીમાં ઉત્પન્ન થાય છે. નારકીમાંથી નીકળીને તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય; કેટલાએક મનુષ્યપણું પામીને તીર્થંકરપણું પણ પામે છે. પહેલી નરક ભૂમિથી નીકળેલો મોક્ષ પામે, ચારથકી નીકળેલો ચારિત્ર પામે, છ થકી નીકળેલો દેશવિરતિ ચારિત્ર પામે અને સાતે નારકીથકી નીકળેલો સમ્યક્ત્વ પામે.

## ७ जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ।

જંબૂદ્વીપ આદિ શુભ નામવાળા દ્વીપો અને લવણઆદિ શુભ નામવાળા સમુદ્રો છે.

## ८ द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ।

તે દ્વીપ સમુદ્રો અનુક્રમે બમણા બમણા વિષ્કંભ (વિસ્તાર) વાળા અને પૂર્વ પૂર્વના દ્વીપસમુદ્રને ઘેરીને રહેલા વલયાકાર ( ચુડાને આકારે ગોળ) છે.

## ૯ तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ।

તે દ્વીપ સમુદ્રોના મધ્યે મેરૂ પર્વત છે નાભી જેની એવો ગોળાકારે, એક લાખ યોજનના વિસ્તારવાળો જંબૂદ્વીપ છે.

મેરૂપર્વત એક હજાર યોજન ભૂમિમાં અવગાહી રહેલ, ૯૯ હજાર યોજન ઉંચો, મૂળમાં દશ હજાર યોજન વિસ્તારવાળો અને ઉપર એક હજાર યોજન વિસ્તારવાળો છે. તેનો એક હજાર યોજનની ઉંચાઇનો પહેલો કાંડ શુદ્ધ પૃથ્વી, પત્થર, વજ્રરત્ન અને શર્કરાવડે કરીને પ્રાયઃ પૂર્ણ છે. ૬૩ હજાર યોજન ઉંચો બીજો કાંડ રૂપ્ય, સુવર્ણ, અંકરત્ન અને સ્ફટિક રત્નથી પ્રાયઃપૂર્ણ છે. ૩૬ હજાર યોજન ઉંચો. ત્રીજો કાંડ પ્રાયઃ જાંબુનદ ( લાલ સુવર્ણ ) મય છે અને મેરૂની ચૂલિકા ચાળીશ યોજન ઊંચી પ્રાયઃ વૈડૂર્ય ( નીલ ) રત્નમય છે. તે મૂળમાં બાર યોજન, મધ્યે આઠ યોજન અને ઉપર ચાર યોજન વિસ્તારે છે.

મેરૂના મૂળમાં વલયાકારે ભદ્રશાલ વન છે. ભદ્રશાલ વનથી પાંચશે યોજન ચડીએ ત્યાં તેટલા એટલે ૫૦૦ યોજનના વલયાકાર વિસ્તારવાળું નંદન વન છે. ત્યાંથી ૬૨ાા હજાર યોજન ચડીએ ત્યાં પાંચશે યોજનના વલયાકાર વિસ્તારવાળું સૌમનસ વન છે. ત્યાંથી ૩૬ હજાર યોજન ઉંચે એટલે મેરૂની ટોચે ૪૯૪ યોજનના વલયાકાર વિસ્તારવાળું પાંડક વન છે. નંદન અને સૌમનસવન થકી ઉંચે

૧૧ હજાર યોજન પછી વિષ્કંભની પ્રદેશ હાણી સમજવી. અર્થાત્ નંદન અને સૌમનસવનથી ૧૧-૧૧ હજાર યોજન સુધી મેરૂનો વિસ્તાર સરખો છે. મેરૂનો પ્રથમ કાંડ ૧ હજાર યોજન ઊંચો (ઊંડો) પૃથ્વીમાં છે ત્યાં ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ વિષ્કંભ છે ત્યાંથી ઘટતો ભદ્રશાલ વન પાસે મેરૂનો વિષ્કંભ ૧૦ હજાર યોજનનો છે. તેને એક યોજને $\frac{૧}{૧૧}$ યોજનની હાનિ થતાં ૯૯ હજાર યોજને ૯ હજાર યોજન ઘટ્યાં, તેથી ૧ હજાર યોજનનો મથાળે વિસ્તાર રહ્યો. ત્યાં વચ્ચે ૧૨ યોજનના વિસ્તારવાળી ચૂલિકા મધ્ય ભાગે હોવાથી તેની ફરતું ૪૯૪ યોજનના વલય વિસ્તારે પાંડક વન રહ્યું.

નંદન અને સૌમનસ વન ઉપર ૧૧-૧૧ હજાર યોજન સુધી પ્રદેશ હાણી થતી નથી તેનું કારણ નંદન અને સૌમનસ વન મેરૂપર્વતની ચારે દિશાએ ફરતા વલયાકારે ૫૦૦ યોજનના વિસ્તારવાળી મેખલા ઉપર રહેલા છે તેથી બંને બાજુના પાંચશેં પાંચશેં મળી ૧ હજાર યોજનની હાનિ એક સાથે થઈ; તેથી ૧૧ હજાર યોજન સુધી મેરૂ સરખા વિષ્કંભે રહ્યો. મતલબ કે ૧૧ હજાર યોજને એક હજાર યોજનની હાણી પ્રદેશે થવાની હતી તે એક સાથે થઈ, તેથી સામાન્ય ગણતરીએ પણ હિસાબ બરાબર મળી રહેછે. સમભૂતલા પૃથ્વી આગળ ૧૦ હજાર યોજન વિષ્કંભ છે. નંદનવનનો બાહ્ય વિષ્કંભ ૯૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન છે. અભ્યંતર વિષ્કંભ ૮૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન છે અને ત્યાંથી ૧૧ હજાર યોજન સુધી મેરૂનો વિષ્કંભ પણ તેટલો છે. તેમાંથી સૌમનસ વન સુધી ૫૧॥ હજાર યોજન રહ્યા તેની ૪૬૮૧$\frac{૯}{૧૧}$ યોજન હાનિ કરતાં ૪૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન સૌમનસ વનનો બાહ્ય વિષ્કંભ રહ્યો. અને બંને બાજુના પાંચશેં પાંચશેં યોજન મળી ૧ હજાર યોજન વનનો વિષ્કંભ બાદ કરતાં અભ્યંતર વિષ્કંભ સૌમનસ વનનો ૩૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન રહ્યો, એમ સર્વત્ર સમજવું.

**१० तत्र भरतहैमवतहरिविदेहरम्यक्हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ।**

તે જંબૂદ્વીપને વિષે ૧ ભરત, ૨ હૈમવત, ૩ હરિવર્ષ, ૪ મહાવિદેહ, ૫ રમ્યક્, ૬ હૈરણ્યવત અને ઐરાવત એ સાત વાસ્તક્ષેત્રો છે.

વ્યવહાર નયની અપેક્ષાએ સૂર્યની ગતિ પ્રમાણે દિશાના નિયમથી મેરૂપર્વત સર્વ ક્ષેત્રની ઊત્તર દિશાએ છે. લોકના મધ્યમાં રહેલા આઠ રૂચક પ્રદેશને દિશાનો હેતુ માનીને તો યથાસંભવ દિશા ગણાય છે.

**११ तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ।**

તે ક્ષેત્રોને જુદા પાડનાર પૂર્વ પશ્ચિમ લાંબા એવા ૧ હિમવાન્, ૨ મહાહિમવાન્, ૩ નિષધ, ૪ નીલવંત, ૫ રૂકિમ અને ૬ શિખરી એ છ વર્ષધર ( ક્ષેત્રની મર્યાદાધારક ) પર્વતો છે.

ભરતક્ષેત્રનો વિષ્કંભ ૫૨૬ ૬/૧૯ યોજન છે. તેનાથી બમણા બમણા વિસ્તારે પર્વત અને ક્ષેત્ર અનુક્રમે મહાવિદેહ પર્યંત જાણવાં. અને મહાવિદેહની ઉત્તરે અનુક્રમે અર્દ્ધ અર્દ્ધ વિસ્તારે જાણવાં. ભરત, હિમવાન્, હિમવત્, મહાહિમવાન, હરિવર્ષ, નિષધ, મહાવિદેહ, નીલવાન્, રમ્યક, રૂકિમ, હૈરણ્યવંત, શિખરિ, ઐરાવત; એમ અનુક્રમે લેવા. ભરતક્ષેત્રની જીવા ૧૪૪૭૧ ૬/૧૯ યોજન જાણવી. ઇષુ વિષ્કંભ તુલ્ય ૫૨૬ ૬/૧૯ યોજન અને ધનુઃપૃષ્ઠ ૧૪૫૨૮ ૧૧/૧૯ યોજન છે.

ભરતક્ષેત્રના મધ્યે પૂર્વ પશ્ચિમ દિશાએ સમુદ્રપર્યંત લાંબો વૈતાઢય પર્વત છે. તે ૨૫ યોજન ઉંચો છે, ને ૬। યોજન જમીનમાં અવગાઢ ( અવગાહી રહેલો ) છે. મૂળમાં ૫૦ યોજન વિસ્તારે છે. દરેક પર્વતો પોતાની ઉંચાઈના ચોથા ભાગે જમીનમાં અવગાહી રહેલ છે.

મહાવિદેહ ક્ષેત્રને વિષે નિષધ પર્વતની ઉત્તરે અને મેરૂની દક્ષિણે સો કાંચનગિરિ અને ચિત્રકૂટ અને વિચિત્રકૂટે શોભિત દેવકુરૂ નામની ભોગભૂમિ ( અકર્મભૂમિ ) છે. તેનો ૧૧૮૪૨$\frac{૨}{૧૯}$ યોજનનો વિષ્કંભ છે. એ પ્રકારે મેરૂની ઉત્તરે અને નીલવાનની દક્ષિણે ઉત્તરકુરૂ નામની ભોગભૂમિ છે. એટલું વિશેષ કે તેમાં ચિત્રકૂટ અને વિચિત્રકૂટને બદલે બે યમક પર્વતો છે. દક્ષિણ અને ઉત્તરના વૈતાઢયો લંબાઇ, વિષ્કંભ, અવગાહ અને ઉંચાઇમાં બરાબર છે; તેવી રીતે હિમવત્ અને શિખરિ, મહાહિમવત્ અને રૂકિમ, નિષધ અને નીલવાન્ પણ સમાન છે.

ધાતકીખંડ અને પુષ્કરાર્ધના ચાર નાના મેરૂપર્વતો મોટા મેરૂપર્વત કરતાં ઉંચાઇમાં ૧૫ હજાર યોજન ઓછા છે એટલે ૮૫ હજાર યોજન ઉંચા છે. પૃથ્વીતલમાં છસો યોજન ઓછા એટલે ૯૪૦૦ યોજન વિસ્તારે છે. તેનો પ્રથમ કાંડ મહામેરૂ તુલ્ય ૧૦૦૦ યોજન છે. બીજો કાંડ સાત હજાર યોજન હીન એટલે ૫૬૦૦૦ યોજન છે અને ત્રીજો કાંડ આઠ હજાર યોજન હીન એટલે ૨૮૦૦૦ યોજન ઉંચો છે. ભદ્રશાળ અને નંદન વન મહામંદર ( મેરૂ ) તુલ્ય છે. ત્યાંથી ૫૫।। હજાર યોજને સૌમનસ વન પાંચશેં યોજનના વિસ્તારવાળું છે. ત્યાંથી ૨૮ હજાર યોજને ૪૯૪ યોજનના વિસ્તારવાળું પાંડક વન છે. ઉપરનો વિષ્કંભ તથા અવગાહ મહામંદર તુલ્ય છે. ચૂલિકા પણ મહામંદરની ચૂલિકા જેવી છે.

વિષ્કંભ કૃતિને દશગુણા કરી તેનું મૂળ ( વર્ગમૂળ ) આવે તે વૃત્ત પરિક્ષેપ ( પરિધિ–પરિઘ–ઘેરાવો ) થાય છે.

તે વૃત્ત પરિક્ષેપ ( પારધિ ) ને વિષ્કંભના ચોથા ભાગવડે ગુણવાથી ગણિત ( ગણિતપદ–ક્ષેત્રફળ ) થાય છે. વિષ્કંભની ઇચ્છિત અવગાહ ( જે ક્ષેત્રની જ્યા–'જીવા' કાઢવી હોય તે ક્ષેત્રના છેડા સુધીની મૂળથી માંડીને અવગાહ એટલે જંબૂદ્વીપની દક્ષિણ જગતીથી ક્ષેત્રના ઉત્તર છેડા સુધીની અવગાહ ) અને ઊનાવગાહ ( જંબૂદ્વીપના આખા વિષ્કંભમાંથી ઇચ્છિત અવગાહ બાદ કરેલ તે ) ના ગુણાકારને ચારે ગુણી તેનું મૂળ કાઢવાથી જ્યા આવે. જ્યા–જીવા–ધનુઃપ્રત્યંચા એ પર્યાય નામ છે.

જીવા અને જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગોનો વિશ્લેષ ( મોટી રકમમાંથી નાની બાદ કરવી તે ) કરી તેનું મૂળ આવે તે વિષ્કંભમાંથી બાદ કરી શેષ રહે તેનું અર્ધ કરવું તે ઇષુ ( બાણનું માપ ) જાણવું.

ઇષુ ( અવગાહ ) ના વર્ગને છ ગુણો કરી તેમાં જીવાનો વર્ગ ઉમેરી તેનું મૂળ આવે તે ધનુઃકાષ્ઠ ( ધનુઃપૃષ્ઠ ). જીવાના વર્ગના ચોથા ભાગવડે કરીને યુક્ત જે ઇષુનો વર્ગ, તેને ઇષુવડે ભાંગવાથી વાટલા ક્ષેત્રનો વિષ્કંભ આવે. ઉત્તર ક્ષેત્રના ધનુઃકાષ્ઠમાંથી દક્ષિણ ક્ષેત્રનું ધનુઃકાષ્ઠ બાદ કરી શેષ રહે, તેનું અર્ધ કરતાં આવે, તે બાહુ ( બાહા ) જાણવી.

આ કરણરૂપ ઉપાયવડે સવ ક્ષેત્ર અને પર્વતોની લંબાઇ, પહોળાઈ, જ્યા, ઇષુ, ધનુઃકાષ્ટ વગેરેનાં પ્રમાણો જાણી લેવાં.

## १२ द्विर्धातकीखण्डे ।

તે ક્ષેત્ર તથા પર્વતો ધાતકીખંડમાં બમણા છે.

જેટલા મેરૂ, ક્ષેત્ર અને પર્વતો જંબૂદ્વીપમાં છે તેથી બમણા ઘાતકીખંડમાં ઉત્તર દક્ષિણ લાંબા બે ઇક્ષુકાર પર્વતવડે વહેંચાયેલા છે એટલે પૂર્વ પશ્ચિમના બંને ભાગમાં જંબૂદ્વીપની પેઠે ક્ષેત્ર પર્વતની વહેંચણી છે. પર્વતો પૈડાના આરા તુલ્ય અને ક્ષેત્રો આરાના વિવરતુલ્ય આકારે છે. અર્થાત્ પર્વતની પહોળાઈ સર્વત્ર સરખી છે અને ક્ષેત્રની પહોળાઈ અનુક્રમે વધતી છે.

## १३ पुष्करार्धे च ।

પુષ્કરાર્ધ દ્વીપમાં પણ ક્ષેત્રો તથા પર્વતો ધાતકીખંડની જેટલા છે. ધાતકીખંડમાં મેરૂ, ઇક્ષુકાર પર્વત, ક્ષેત્ર અને વર્ષધર પર્વતો જેટલા અને જેવી રીતે છે તેટલા અને તેવા આકારે અહીં પણ જાણવા.

પુષ્કરાર્ધ દ્વીપને છેડે ઉત્તમ કિલ્લા જેવો સુવર્ણમય માનુષોત્તર પર્વત મનુષ્ય લોકને ઘેરીને ગોળાકારે રહેલો છે. તે ૧૭૨૧ યોજન ઉંચો છે. ચારશેં ત્રીશ યોજન અને એક ગાઉ જમીનમાં અવગાહી રહેલ છે. તેનો વિસ્તાર નીચે ૧૦૨૨ યોજનનો, મધ્યે ૭૨૩ યોજનનો અને ટોચે ૪૨૪ યોજનનો છે. સિંહનિષદ્યાકાર એટલે સિંહ બેઠેલો હોય તેવા આકારે આ પર્વત છે. આ કિલ્લારૂપ પર્વતની અંદર આવેલ અઢીદ્વીપ મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે કેમકે મનુષ્યોના જન્મ મરણ ત્યાંજ થાય છે, બીજે થતાં નથી.

## १४ प्राग्मानुषोत्तरान्मनुष्याः ।

માનુષોત્તર પર્વતની પૂર્વે ( ૫૬ અંતર્દ્વીપ અને પાંત્રીશ[1] વાસક્ષેત્રમાં ) મનુષ્યો ઉત્પન્ન થાય છે.

---

૧ દેવકુરૂ અને ઉત્તરકુરૂની ગણતરી મહાવિદેહ ક્ષેત્રમાં ભેગી ગણેલ હોવાથી ૩૫ ક્ષેત્ર થાય.

## ૧૫ आर्या म्लिशश्च ।

આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારનાં મનુષ્યો હોય છે. ભરતાદિ ક્ષેત્રમાં સાડી પચ્ચીશ દેશોમાં આર્યો ઉત્પન્ન થાય છે અને મ્લેચ્છો બીજા દેશોમાં ઉત્પન્ન થાય છે.

## ૧૬ भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ।

દેવકુરૂ અને ઉત્તરકુરૂને મૂકી દઇને ભરત, ઐરાવત અને મહાવિદેહ એ કર્મભૂમિઓ છે. સાત ક્ષેત્ર પ્રથમ ગણ્યાં છે તેથી મહાવિદેહમાં દેવકુરૂ ઉત્તરકુરૂનો સમાવેશ થાય છે માટે અહીં તે બેને જુદા પાડ્યાં છે.

## ૧૭ नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।

મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

## ૧૮ तिर्यग्योनीनां च ।

તિર્યગ્ યોનીથી ઉત્પન્ન થયેલા (તિર્યંચો)ની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

પૃથ્વીકાયની ૨૨ હજાર વર્ષની, અપ્કાયની સાત હજાર વર્ષની, તેઊકાયની ત્રણ દિવસની, વાઊકાયની ત્રણ હજાર વર્ષની અને પ્રત્યેક વનસ્પતિકાયની દશ હજાર વર્ષની ઊત્કૃષ્ટ સ્થિતિ જાણવી. બેઇંદ્રિયની બાર વર્ષ, તેઇંદ્રિયની ૪૯ દિવસ અને ચો-

રિંદ્રિયની છ માસ ઊત્કૃષ્ટ સ્થિતિ છે. ગર્ભજ મત્સ્ય, ઊરપરિસર્પ અને ભૂજપરિસર્પની પૂર્વ કોડિ વર્ષની, ગર્ભજ પક્ષીઓની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ગર્ભજ ચતુષ્પદની ત્રણ પલ્યોપમ ઊત્કૃષ્ટ સ્થિતિ છે. સંમૂર્ચ્છિમ મત્સ્યની પૂર્વ કોડિ; સંમૂર્ચ્છિમ ઊરપરિ સર્પ, ભૂજપરિ સર્પ, પક્ષી અને ચતુષ્પદની ઊત્કૃષ્ટ સ્થિતિ ૫૩૦૦૦-૪૨૦૦૦-૭૨૦૦૦-૮૪૦૦૦ વર્ષની અનુક્રમે જાણવી-સર્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય.

## ॥ अथ चतुर्थोऽध्यायः ॥

१ देवाश्चतुर्निकायाः ।

દેવતાઓ ચાર નિકાયવાળા છે.

२ तृतीयः पीतलेश्यः ।

ત્રીજી નિકાય ( જ્યોતિષ્ક ) ના દેવતાઓ તેજોલેશ્યાવાળા હોય છે.

३ दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ।

તેઓ અનુક્રમે કલ્પોપપન્ન (સ્વામિ સેવક આદિ મર્યાદાવાળા–ઈન્દ્ર સામાનિકાદિ ભેદવાળા) પર્યંત દશ, આઠ, પાંચ અને બાર ભેદોવાળા છે.

એટલે ભવનપતિના દશ ભેદ, વ્યંતરના આઠ ભેદ, જ્યોતિષ્કના પાંચ ભેદ અને વૈમાનિકના બાર ભેદ છે.

## ૪ इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकशः ।

પૂર્વોક્ત નિકાયોમાં પ્રત્યેકના ૧ ઇંદ્ર, ૨ સામાનિક ( અમાત્ય, પિતા, ગુરૂ, ઉપાધ્યાય વગેરેની માફક ઈંદ્ર સમાન ઠકુરાઇવાળા), ૩ ત્રાયત્રિંશ ( ગુરૂસ્થાનીય–મંત્રિ પુરોહિત જેવા ), ૪ પારિષદ્ય (સભામાં બેસવાવાળા ), ૫ આત્મરક્ષક (અંગરક્ષક), ૬ લોકપાળ ( કોટવાળ વગેરે પોલીસ જેવા ), ૭ અનીક (સેના અને અનિકાધિપતિ એટલે સૈન્યના ઉપરી), ૮ પ્રકીર્ણક (પ્રજા–પુરજન માફક), ૯ આભિયોગ્ય ( ચાકર ) અને ૧૦ કિલ્બિષિક ( નીચ તે ચાંડાલપ્રાય ) એ દશ દશ ભેદ હોય છે.

## ૫ त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ।

વ્યંતર અને જ્યોતિષ્ક નિકાય ત્રાયસ્ત્રિંશ અને લોકપાળ વર્જિત છે. (તે જાતિમાં ત્રાયત્રિંશ અને લોકપાળ નથી).

## ૬ पूर्वयोर्द्वीन्द्राः ।

પૂર્વની બે નિકાયોમાં એટલે ભવનપતિ અને વ્યંતરમાં બે બે ઇંદ્રો છે.

તે આ પ્રમાણે—ભવનપતિને વિષે અસુરકુમારના ચમર અને

બલી, નાગકુમારના ધરણ અને ભૂતાનંદ, વિદ્યુત્કુમારના હરિ અને હરિસહ, સુપર્ણકુમારના વેણુદેવ અને વેણુદાલી, અગ્નિકુમારના અગ્નિશિખ અને અગ્નિમાણવ, વાયુકુમારના વેલંબ અને પ્રભંજન, સ્તનિતકુમારના સુઘોષ અને મહાઘોષ, ઉદધિકુમારના જલકાંત અને જલપ્રભ, દ્વીપકુમારના પૂર્ણ અને અવશિષ્ટ, દિક્કુમારના અમિત અને અમિવાહન. વ્યંતરને વિષે—કિન્નરના કિન્નર અને કિંપુરૂષ, કિંપુરૂષના સત્પુરૂષ અને મહાપુરૂષ, મહોરગના અતિકાય અને મહાકાય, ગંધર્વના ગીતરતિ અને ગીતયશ, યક્ષના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસના ભીમ અને મહાભીમ, ભૂતના પ્રતિરૂપ અને અતિરૂપ, પિશાચના કાળ અને મહાકાળ. જ્યોતિષ્કના સૂર્ય અને ચંદ્ર. વૈમાનિકમાં કલ્પોપપન્નને વિષે દેવલોકના નામ પ્રમાણે ઈંદ્રના નામ જાણવા અને કલ્પાતીતમાં ઈંદ્રાદિ નથી, સર્વે સ્વતંત્ર છે.

## ૭ पीतान्तलेश्याः ।

પ્રથમની બે નિકાયોમાં (ભુવનપતિ ને વ્યંતરમાં) તેજો સુધી ચાર (કૃષ્ણા, નીલ, કાપોત, તેજો) લેશ્યા હોય છે.

## ૮ कायप्रवीचारा आऐशानात् ।

ઇશાન દેવલોક પર્યંતના દેવો કાયસેવી (શરીરવડે મૈથુન ક્રિયા કરવાવાળા) છે.

## ૯ शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोः ।

બાકીના બબે કલ્પના દેવો અનુક્રમે સ્પર્શસેવી (સ્પર્શવડે વિષયસેવન કરવાવાળા), રૂપસેવી, શબ્દસેવી અને [1]મનસેવી છે.

---

૧ નવમા દશમાનો મળીને એક અને ૧૧–૧૨માનો મળી એક ઈંદ્ર હોવાથી તે ચારની બેમાં ગણત્રી કરી છે. આગળ ઉપર બે બેને દ્વિવચનથી એકઠા લેશે. (જુઓ સૂત્ર ૨૦)

## ૧૦ परेऽप्रवीचाराः।

બાકીના (ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના) દેવો અપ્રવીચારા (વિષય સેવના રહિત) હોય છે.

અલ્પ સંક્લેશવાળા હોવાથી તેઓ સ્વસ્થ અને શાંત હોય છે. પાંચે પ્રકારના વિષય સેવન કરતાં પણ અપરિમિત આનંદ તેમને થાય છે.

## ૧૧ भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः।

ભવનવાસિ દેવોના ૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ વિદ્યુત્કુમાર, ૪ સુપર્ણકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ વાયુકુમાર, ૭ સ્તનિતકુમાર, ૮ ઉદધિકુમાર, ૯ દ્વીપકુમાર અને ૧૦ દિક્કુમાર એ દશ ભેદ છે.

કુમારની પેઠે સુંદર દેખાવવાળા, મૃદુ મધુર અને લલિત ગતિવાળા, શૃંગાર સહિત સુંદર વૈક્રિયરૂપ વાળા, કુમારોની પેઠે ઉદ્ધત વેષ ભાષા શસ્ત્ર તથા આભૂષણ વગેરે વાળા, કુમારની પેઠે ઉત્કટ રાગવાળા અને ક્રિડામાં તત્પર હોવાથી તે કુમારો કહેવાય છે.

અસુરકુમારનો વર્ણ કાળો અને તેના મુકુટને વિષે ચૂડામણિનું ચિન્હ છે, નાગકુમારનો વર્ણ કૃષ્ણ અને તેના મસ્તકમાં સર્પનું ચિન્હ છે, વિદ્યુત્કુમારનો શુકલવર્ણ અને વજ્રનું ચિન્હ છે, સુપર્ણકુમારનો વર્ણ શ્યામ અને ગરૂડનું ચિન્હ છે, અગ્નિકુમારનો વર્ણ શુકલ અને ઘટનું ચિન્હ છે, વાયુકુમારનો શુદ્ધવર્ણ અને અશ્વનું ચિન્હ છે, સ્તનિતકુમારનો કૃષ્ણ વર્ણ અને વર્ધમાન (શરાવ સંપૂટ) નું ચિન્હ છે, ઉદધિકુમારનો વર્ણ શ્યામ અને મકરનું ચિન્હ છે, દ્વીપકુમારનો વર્ણ શ્યામ અને સિંહનું ચિન્હ છે અને

દિક્કુમારનો શ્યામવર્ણ અને હાથીનું ચિન્હ છે. બધા વિવિધ આભૂષણ અને હથીયારવાળા હોય છે.

## ૧૨ व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः ।

૧ કિન્નર, ૨ કિંપુરૂષ, ૩ મહોરગ, ૪ ગંધર્વ, ૫ યક્ષ, ૬ રાક્ષસ, ૭ ભૂત અને ૮ પિશાચ એ આઠ પ્રકારના વ્યંતરો છે.

ઉર્ધ્વ, અધો અને તિર્યગ્ એ ત્રણે લોકમાં ભવન, નગર અને આવાસોને વિષે તેઓ રહે છે. સ્વતંત્રતાથી કે પરતંત્રતાથી અનિયત ગતિવડે પ્રાયઃ તેઓ ચારે બાજુ રખડે છે. કોઈક તો મનુષ્યની પણ ચાકર માફક સેવા બજાવે છે. અનેક પ્રકારના પર્વત ગુફા અને વન વગેરેને વિષે રહે છે તેથી તે વ્યંતર કહેવાય છે.

કિન્નરનો નીલવર્ણ અને અશોકવૃક્ષનું ચિન્હ છે, કિંપુરૂષનો શ્વેતવર્ણ અને ચંપકવૃક્ષનું ચિન્હ છે, મહોરગનો શ્યામવર્ણ અને નાગવૃક્ષનું ચિન્હ છે, ગાંધર્વનો રક્તવર્ણ અને તુંબરૂવૃક્ષનું ચિન્હ છે, યક્ષનો શ્યામવર્ણ અને વટવૃક્ષનું ચિન્હ છે, રાક્ષસનો શ્વેતવર્ણ અને ખટ્વાંગનું ચિન્હ છે, ભૂતનો વર્ણ કાળો અને સુલસવૃક્ષનું ચિન્હ છે અને પિશાચનો વર્ણ શ્યામ અને કદંબવૃક્ષનું ચિન્હ છે. આ બધાં ચિન્હો ધ્વજામાં હોય છે.

## ૧૩ ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ।

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા શાસન સમ્રાટ ભવન

સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણક તારા એ પાંચ ભેદે જ્યોતિષ્ક દેવતા હોય છે.

સૂત્રમાં સમાસ કર્યો નથી અને ચંદ્ર કરતાં સૂર્ય પહેલો લીધો છે તે ઉપરથી એ સૂચવાય છે કે-સૂર્યાદિના યથાક્રમે જ્યોતિષ્કદેવો ઉંચે રહેલા છે. એટલે

સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજને સૂર્ય, ત્યાંથી ૮૦ યોજને ચંદ્ર, ત્યાંથી ૨૦ યોજને પ્રકીર્ણક તારા છે. ગ્રહ અને તારા અનિયમિત ગતિવાળા હોવાથી ચંદ્ર સૂર્યની ઉપર અને નીચે ચાલે છે. તે જ્યોતિષ્કના મુકુટોને વિષે મસ્તક અને મુકુટને ઢાંકે એવા તેજના મંડળ પોતપોતાના આકારવાળા હોય છે.

## १४ मेरुप्रदक्षिणानित्यगतयो नृलोके ।

મેરૂપર્વતને પ્રદક્ષિણા કરતા નિરંતર ગતિ કરનારા જ્યોતિષ્ક દેવો મનુષ્ય લોકમાં છે.

મેરૂપર્વતથી અગ્યારશેં ને એકવીશ યોજન ચારે બાજુ દૂર મેરૂને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્કદેવો ભમે છે. જંબુદ્વીપમાં બે સૂર્ય, લવણસમુદ્રમાં ચાર, ધાતકીખંડમાં બાર, કાલોદસમુદ્રમાં બહેંતાળીશ અને પુષ્કરાર્ધદ્વીપમાં બહોંતેર એમ સર્વ મળી ૧૩૨ સૂર્ય મનુષ્ય લોકમાં છે. ચંદ્રો પણ સૂર્યની પેઠે ૧૩૨ છે. એક ચંદ્રનો પરિવાર ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાકોડ તારા છે. (એટલે જ્યાં જેટલા ચંદ્ર હોય તેને ઉપરોક્ત નક્ષત્રાદિની સંખ્યાએ ગુણતાં તે ક્ષેત્રની સમસ્ત નક્ષત્રાદિની સંખ્યા આવે.) સૂર્ય ચંદ્ર, ગ્રહ અને નક્ષત્રો તિર્યગ્લોકમાં છે અને પ્રકીર્ણક તારા* ઉર્ધ્વલોકમાં છે. સૂર્યમંડળનો વિષ્કંભ $\frac{48}{61}$ યોજન, ચંદ્રમંડળનો $\frac{56}{61}$ યોજન, ગ્રહનો બે ગાઉ, નક્ષત્રનો એક ગાઉ અને તારાઓનો અર્ધ ગાઉ છે. સૌથી નાના તારાઓનો વિષ્કંભ પાંચશેં ધનુષ્ય

* તારાઓ સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઉંચા હોવાથી તેના વિમાનો તિર્યગ્ લોકના ઉપર ઉર્ધ્વલોકમાં આવે.

છે. વિષ્કંભ કરતાં ઉંચાઇ અર્ધી સમજવી. આ સર્વ સૂર્યાદિનું માન કહ્યું, તે મનુષ્ય લોકને વિષે રહેલા ચર જયોતિષ્કનું સમજવું; અઢીદ્વીપની બાહેર રહેલા સ્થિર જયોતિષ્કનું માન તો પૂર્વોક્ત વિષ્કંભ તથા ઉંચાઇના અર્ધાભાગે જાણવું. મનુષ્યલોકમાં રહેલા જ્યોતિષ્ક વિમાનો લોકસ્થિતિવડે નિરંતર ગતિવાળા છે તોપણ ઋદ્ધિ વિશેષને માટે અને આભિયોગિક નામકર્મના ઉદયથી નિરંતર ગતિમાં આનંદ માનનારા દેવતાઓ તે વિમાનોને વહન કરે છે. તે દેવો પૂર્વ દિશાએ સિંહને રૂપે, દક્ષિણે હાથીને રૂપે, પશ્ચિમે બળદને રૂપે અને ઉત્તરે ઘોડાને રૂપે હોય છે.

## १५ तत्कृतः कालविभागः ।

તેઓએ કાળ ( રાત્રિ દિન વગેરે ) વિભાગ કરેલ છે.

## १६ बहिरवस्थिताः ।

મનુષ્યલોકની બાહેર જયોતિષ્ક અવસ્થિત હોય છે.

## १७ वैमानिकाः ।

વૈમાનિક દેવોનો હવે અધિકાર કહે છે. વિમાનોને વિષે ઉત્પન્ન થાય તે વૈમાનિક.

## १८ कल्पोपपन्नाः कल्पातीताश्च ।

કલ્પોપપન્ન અને કલ્પાતીત ( ઇન્દ્રાદિની મર્યાદારહિત–અહમિંદ્ર ) એ બે ભેદવાળા વૈમાનિક દેવો છે.

## १९ उपर्युपरि ।

તે વૈમાનિક દેવ એક એકની ઉપર ઉપર ( ચઢતા ચઢતા ) રહેલા છે.

२० सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ।

સૌધર્મ, ઇશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર અને સહસ્રારને વિષે; આનત પ્રાણતને વિષે; આરણ અચ્યુતને વિષે; નવ ગ્રૈવેયકને વિષે; વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજીતને વિષે તથા સર્વાર્થસિદ્ધને વિષે વૈમાનિકદેવો હોય છે.

સુધર્મા નામની ઇંદ્રની સભા જેમાં છે તે સૌધર્મ કલ્પ, ઇશાન ઇંદ્રનું નિવાસસ્થાન તે ઐશાનકલ્પ, એ રીતે ઇંદ્રના નિવાસયોગ્ય સાર્થક નામવાળા કલ્પો જાણવા. લોકરૂપ પુરૂષની ગ્રીવા ( ડોક ) ને સ્થાને રહેલા અથવા ગ્રીવાના આભરણભૂત તે ગ્રૈવેયક જાણવા. અભ્યુદયમાં થવાના વિઘ્નહેતુને જેણે જીત્યા તે વિજય, વૈજયંત અને જયંત દેવો જાણવા. વિઘ્નહેતુવડે પરાજય નહિ પામેલા તે અપરાજિત. સંપૂર્ણ ઉદયના અર્થમાં સિદ્ધ થયેલા તે સર્વાર્થસિદ્ધ.

२१ स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ।

તેઓમાં પૂર્વ પૂર્વના દેવતાની અપેક્ષાએ ઉપર ઉપરના દેવતાઓ સ્થિતિ (આયુષ્ય), પ્રભાવ, સુખ, કાન્તિ, લેશ્યા, વિશુદ્ધિ, ઇંદ્રિયપટુતા અને અવધિજ્ઞાનના વિષયમાં અધિક અધિક હોય છે.

२२ गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ।

ગતિ, શરીરપ્રમાણ, પરિગ્રહસ્થાન, ( પરિવાર વગેરે ) અને અભિમાનવડે કરીને પૂર્વ કરતાં ઉપરના દેવતાઓ ઓછા ઓછા છે.

બે સાગરોપમના જઘન્ય આયુષ્યવાળા દેવોની ગતિ (ગમન) સાતમી નારકી સુધી હોય અને તિર્છી અસંખ્યાત હજાર કોડાકોડી યોજન હોય. તેથી આગળની જઘન્ય સ્થિતિવાળા દેવો એક એક ઓછી નરકભૂમિ સુધી જઇ શકે. ગમનશક્તિ છે છતાં ત્રીજી નરકથી આગળ કોઈ દેવતા ગયા નથી તેમ જશે પણ નહિ. સૌધર્મ અને ઐશાન કલ્પના દેવોના શરીરની ઉંચાઈ સાત હાથની છે. સાનત્કુમાર અને માહેંદ્રની છ હાથ, બ્રહ્મલોક તથા લાંતકની પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારની ચાર હાથ, આનતાદિ ચારની ત્રણ હાથ, ગ્રૈવેયકની બે હાથ અને અનુત્તર વિમાનવાસી દેવની શરીરની ઉંચાઇ એક હાથ છે.

## २३ पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु ।

તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા બે કલ્પના, ત્રણ કલ્પના અને બાકીના દેવોને વિષે અનુક્રમે જાણવી. એટલે પહેલા બે કલ્પમાં તેજોલેશ્યા, પછી ત્રણ કલ્પમાં પદ્મલેશ્યા અને લાંતકથી માંડીને સર્વાર્થસિદ્ધ પર્યંત શુક્લલેશ્યા હોય છે.

## २४ प्राग्ग्रैवेयकेभ्यः कल्पाः ।

ગ્રૈવેયકની પૂર્વે કલ્પો છે ( ઇન્દ્રાદિક ભેદોવાળા દેવલોકો છે).

અહીં કોઈ શંકા કરે છે કે શું? સર્વ દેવતાઓ સમ્યગ્ દ્રષ્ટિ હોય છે કે તેઓ તીર્થંકરોના જન્માદિ વખતે આનંદ પામે છે. તેનો ઉત્તર આપે છે કે—સર્વ દેવતા સમ્યગ્ દ્રષ્ટિ હોતા નથી પરંતુ જે સમ્યગ્ દ્રષ્ટિ હોય છે તેઓ સદ્ધર્મના બહુમાનથી અત્યંત આનંદ પામે છે અને જન્માદિના મહોત્સવમાં જાય છે. મિથ્યાદ્રષ્ટિ

પણ મનરંજન માટે અને ઈંદ્રિની અનુવૃત્તિએ જાય છે અને પરસ્પરના મેળાપથી હમેશની પ્રવૃત્તિને લીધે આનંદ પામે છે. લોકાન્તિક દેવો બધા વિશુદ્ધ ભાવવાળા હોય છે. તેઓ સદ્ધર્મના બહુમાનથી અને સંસારદુ:ખથી પીડિત જીવોની દયાવડે અર્હંતોના જન્માદિને વિષે વિશેષે આનંદ પામે છે અને દીક્ષા લેવાનો સંકલ્પ કરવાવાળા પૂજ્ય તીર્થંકરોની સમીપ જઇને પ્રસન્નચિત્તથી સ્તુતિ કરે છે અને તીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે છે.

## २५ ब्रह्मलोकालया लोकान्तिकाः ।

લોકાન્તિક દેવો બ્રહ્મલોકમાં રહેનારા છે.

## २६ सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाधमरुतः ( अरिष्टाश्च ) ।

૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ અરૂણ, ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ અને ૮ મરૂત એ આઠ ભેદે લોકાંતિકો છે (ઇશાનખુણાથી માંડીને પ્રત્યેક દિશામાં એક એક અનુક્રમે છે). 'અરિષ્ટ પણ નવમા લોકાન્તિક છે.'

## २७ विजयादिषु द्विचरमाः ।

વિજયાદિ ચાર અનુત્તરવિમાનવાસી દેવો દ્વિચરમ ભવવાળા છે એટલે અનુત્તરવિમાનથી ચ્યવી મનુષ્ય થઈ ફરી અનુત્તરમાં આવી, મનુષ્ય થઇ સિદ્ધ થાય; સર્વાર્થસિદ્ધ વિમાનવાસી એકાવતારી જાણવા.

## २८ औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ।

ઉપપાત યોનિવાળા ( દેવતા ને નારકી ) અને મનુષ્ય શિવાય બાકીના તિર્યગ્ યોનિવાળા જીવો ( તિર્યંચો ) જાણવા.

## २९ स्थितिः ।

હવે સ્થિતિ કહીએ છીએ.

## ३० भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ।

ભવનોને વિષે દક્ષિણાર્ધના અધિપતિની દોઢ પલ્યોપમની સ્થિતિ જાણવી, ઇંદ્રની સ્થિતિ કહી તેથી ઉપલક્ષણથી તેના વિમાનવાસી સર્વ દેવોની જાણવી.

## ३१ शेषाणां पादोने ।

બાકીના એટલે ઉત્તરાર્ધ અધિપતિની સ્થિતિ પોણાબે પલ્યોપમની છે.

## ३२ असुरेन्द्रयोः सागरोपममधिकं च ।

અસુરકુમારના દક્ષિણાર્ધાધિપતિની સાગરોપમ અને ઉત્તરાર્ધાધિપતિની સાગરોપમથી કાંઇક અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

## ३३ सौधर्मादिषु यथाक्रमम् ।

સૌધર્માદિને વિષે અનુક્રમે સ્થિતિ કહે છે.

## ३४ सागरोपमे ।

સૌધર્મ કલ્પના દેવોની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

## ३५ अधिके च ।

ઇશાન કલ્પના દેવોની બે સાગરોપમથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

## ३६ सप्त सानत्कुमारे ।

સનત્કુમાર કલ્પને વિષે સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

## ३७ विशेषत्रिसप्तदशैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि च ।

પૂર્વોક્ત સાત સાગરોપમ સાથે વિશેષથી માંડીને અનુક્રમે જાણવી, તે આ પ્રમાણે—માહેંદ્રે સાત સાગરોપમથી વિશેષ, બ્રહ્મલોકે દશ, લાન્તકે ચૌદ, મહાશુક્રે સત્તર, સહસ્રારે અઢાર, આનત પ્રાણતે વીશ અને આરણ અચ્યુતે બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

## ३८ आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ।

આરણ અચ્યુતથકી ઉપર નવ ગ્રૈવેયક અને વિજયાદિ ચાર અનુત્તર અને સર્વાર્થસિદ્ધને વિષે એક એક સાગરોપમ વધારે સ્થિતિ જાણવી.

એટલે પહેલાથી નવમા ગ્રૈવેયક સુધી ૨૩ થી ૩૧ સાગરોપમ, વિજયાદિ ચાર અનુત્તરની બત્રીશ સાગરોપમ અને સર્વાર્થસિદ્ધની તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

## ३९ अपरा पल्योपममधिकं च ।

હવે સૌધર્માદિને વિષે જઘન્ય સ્થિતિ અનુક્રમે કહે છે, સૌધર્મને વિષે પલ્યોપમ અને ઇશાનને વિષે અધિક પલ્યોપમ જઘન્ય સ્થિતિ જાણવી.

## ४० सागरोपमे ।

સાનત્કુમારની જઘન્ય સ્થિતિ બે સાગરોપમની જાણવી.

४१ अधिके च ।

માહેન્દ્રે બે સાગરોપમ અધિક જાણવી.

४२ परतः परतः पूर्वा पूर्वानन्तरा ।

પૂર્વ પૂર્વ કલ્પની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે આગળ આગળના કલ્પની જઘન્ય સ્થિતિ જાણવી, સર્વાર્થસિદ્ધની જઘન્ય સ્થિતિ નથી.

४३ नारकाणां च द्वितीयादिषु ।

નારકોની બીજી વિગેરે નરકને વિષે પૂર્વ પૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે આગળ આગળની જઘન્ય સ્થિતિ જાણવી, અનુક્રમે ૧-૩-૭-૧૦-૧૭-૨૨ સાગરોપમ બીજીથી સાતમી સુધી જાણવી.

४४ दशवर्षसहस्राणि प्रथमायाम् ।

પ્રથમ નરક ભૂમિમાં દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે.

४५ भवनेषु च ।

ભવનપતિને વિષે પણ જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

४६ व्यन्तराणां च ।

વ્યંતરદેવોની પણ જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

४७ परा पल्योपमम् ।

વ્યંતરોનો ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમની છે.

४८ ज्योतिष्काणामधिकम् ।

જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ અધિક છે.

४९ ग्रहाणामेकम् ।

ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે.

५० नक्षत्राणामर्धम् ।

નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમની છે.

५१ तारकाणां चतुर्भागः ।

તારાઓની પલ્યોપમનો ચોથો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

५२ जघन्या त्वष्टभागः ।

તારાઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ છે.

५३ चतुर्भागः शेषाणाम् ।

તારા શિવાય બાકીના જ્યોતિષ્કોની જઘન્ય સ્થિતિ પલ્યોપ-મનો ચોથો ભાગ જાણવી.

## ॥ अथ पञ्चमोऽध्यायः ॥

જીવ પદાર્થનું સ્વરૂપ બતાવી હવે અજીવ પદાર્થો જણાવે છે.

### १ अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ।

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અજીવકાય છે. પ્રદેશરૂપ અવયવનું બહુપણુ જણાવવાને અર્થે અને કાળના સમયમાં પ્રદેશપણું નથી એ જણાવવાને અર્થે "કાય"નું ગ્રહણ કર્યું છે.

### २ द्रव्याणि जीवाश्च ।

એ ધર્માદિ ચાર અને જીવો, એ પાંચ દ્રવ્યો છે.

### ३ नित्यावस्थितान्यरूपाणि ।

એ દ્રવ્યો નિત્ય ( પોતાના સ્વરૂપમાં હમેશ રહે તે ), અવસ્થિત ( વર્તમાન-છતા ) અને અરૂપી છે.

### ४ रूपिणः पुद्गलाः ।

પુદ્ગલો રૂપી છે.

### ५ आऽऽकाशादेकद्रव्याणि ।

ધર્માસ્તિકાયથી માંડીને આકાશ પર્યન્ત દ્રવ્યો એક એક છે

६ निष्क्रियाणि च ।

એ પૂર્વોક્ત ત્રણ દ્રવ્યો નિષ્ક્રિય ( ક્રિયારહિત ) છે.

७ असंख्येयाः प्रदेशा धर्माधर्मयोः ।

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યેય છે.

८ जीवस्य च ।

એક જીવના પ્રદેશો પણ અસંખ્યાતા છે.

९ आकाशस्यानन्ताः ।

લોકાલોકના આકાશના પ્રદેશો અનંતા છે પણ લોકાકાશના અસંખ્યેય પ્રદેશ છે.

१० संख्येयासंख्येयाश्च पुद्गलानाम् ।

પુદ્ગલોના પ્રદેશો સંખ્યેય, અસંખ્યેય અને અનંત હોય છે.

११ नाणोः ।

પરમાણુના પ્રદેશો હોતા નથી.

१२ लोकाकाशेऽवगाहः ।

લોકાકાશને વિષે અવગાહ હોય છે. એટલે રહેવાવાળા દ્રવ્યોની સ્થિતિ (રહેવાપણું) લોકાકાશને વિષે થાય છે. (અવગાહી દ્રવ્યોની સ્થિતિ લોકાકાશને વિષે છે.)

१३ धर्माधर्मयोः कृत्स्ने ।

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સમસ્ત લોકાકાશનેવિષે અવગાહ છે.

## १४ एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ।

પુદ્ગલોનો એકાદિ આકાશપ્રદેશને વિષે અવગાહ વિકલ્પવાળો છે. કેટલાક એક પ્રદેશમાં, કેટલાક બે પ્રદેશમાં યાવત્ અચિત્ત મહાસ્કન્ધ સમગ્ર લોકમાં અવગાહી રહે છે. અપ્રદેશ, સંખ્યેયપ્રદેશ, અસંખ્યેયપ્રદેશ અને અનંતપ્રદેશવાળા જે પુદ્ગળ સ્કંધો છે તેનો આકાશના એકાદિ પ્રદેશોમાં અવગાહ ભાજ્ય છે ( ભજનાવાળો છે). એટલે કે—એક પરમાણુ તો એક આકાશ પ્રદેશમાંજ રહે. બે પરમાણુવાળો સ્કંધ એક પ્રદેશ અગર બે પ્રદેશમાં રહે. ત્ર્યણુક ( ત્રણ પરમાણુવાળો સ્કંધ ) એક, બે, અગર ત્રણ પ્રદેશમાં રહે. ચતુરણુક એક, બે, ત્રણ અગર ચાર પ્રદેશમાં રહે. એ પ્રમાણે ચતુરણુકથી માંડી સંખ્યાતા અસંખ્યાતા પ્રદેશવાળા એકથી માંડીને સંખ્યાતા અસંખ્યાતા પ્રદેશમાં અવગાહ કરે અને અનંત પ્રદેશવાળાનો અવગાહ પણ એકથી માંડી અસંખ્યાત પ્રદેશમાંજ હોય.

## १५ असंख्येयभागादिषु जीवानाम् ।

લોકાકાશના અસંખ્યાતમા ભાગથી માંડીને સંપૂર્ણ લોકાકાશપ્રદેશમાં જીવોનો અવગાહ થાય છે.

## १६ प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् ।

દીપકના પ્રકાશની પેઠે જીવોના પ્રદેશો સંકોચ તથા વિસ્તારવાળા થવાથી અસંખ્યેય ભાગાદિમાં અવગાહ થાય છે. જેમ કે દીવો મોટો હોય છતાં તે નાના ગોખલા આદિમાં ઢાંકી રાખ્યો હોય તો તેટલી જગ્યામાં પ્રકાશ કરે છે અને મોટા મકાનમાં રાખ્યો હોય તો તે મકાનમાં સર્વ ઠેકાણે પ્રકાશિત રહે છે; તેમ જીવપ્રદેશનો સંકોચ અને વિસ્તાર થવાથી નાના અગર મોટા પાંચ

પ્રકારના શરીરસ્કંધ ને ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જી-વપ્રદેશ સમુદાય અવગાહના વડે વ્યાપ્ત કરે છે. ધર્મ, અધર્મ, આકાશ અને જીવ અરૂપિ હોવાથી માંહોમાંહે પુદ્ગલોમાં રહેતાં વિરોધ આવતો નથી.

હવે ધર્માસ્તિકાયાદિના લક્ષણો કહે છે—

## १७ गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ।

ગતિ સહાયરૂપ પ્રયોજન ધર્માસ્તિકાયનું અને સ્થિતિ સહાય-રૂપ પ્રયોજન (ગુણ) અધર્માસ્તિકાયનું છે.

## १८ आकाशस्यावगाहः ।

આકાશનું પ્રયોજન સર્વ દ્રવ્યોને અવગાહ આપવાનું છે.

## १९ शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ।

શરીર, વચન, મન, પ્રાણ (ઉચ્છ્વાસ) અને અપાન (નિઃ-શ્વાસ) એ પુદ્ગલોનું પ્રયોજન જીવને છે.

## २० सुखदुःखजीवितमरणोपग्रहाश्च ।

સુખ, દુઃખ, જીવિત અને મરણના કારણપણે પણ પુદ્ગલો-જ થાય છે.

ઇચ્છિત સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દની પ્રાપ્તિ તે સુ-ખનું કારણ, અનિષ્ટ સ્પર્શાદિની પ્રાપ્તિ તે દુઃખનું કારણ, વિધિપૂ-ર્વક સ્નાન, આચ્છાદન, વિલેપન તથા ભોજનાદિ વડે આયુષ્યનું અનપવર્તન તે જીવિતનું કારણ અને વિષ શસ્ત્ર અગ્નિ વગેરે વડે આયુષ્યનું અપવર્તન તે મરણનું કારણ છે.

## २१ परस्परोपग्रहो जीवानाम् ।

પરસ્પર હિતાહિતના ઉપદેશવડે સહાયક થવારૂપ જીવોનું પ્રયોજન છે.

## २२ वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य।

વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનું કાર્ય છે.

સર્વ પદાર્થોની કાળને આશ્રયી જે વૃત્તિ તે વર્તના જાણવી. અર્થાત્ પ્રથમ સમયાશ્રિત ઉત્પત્તિ, સ્થિતિ તે વર્તના. અનાદિ અને આદિ એમ બે પ્રકારે પરિણામ છે. ક્રિયા એટલે ગતિ તે ત્રણ પ્રકારે–પ્રયોગ ગતિ, વિશ્રસા ગતિ અને મિશ્રસા ગતિ. પરત્વાપરત્વ ત્રણ પ્રકારે છે–પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત. જેમકે–ધર્મ અને જ્ઞાન પર છે, અધર્મ અને અજ્ઞાન અપર છે, તે પ્રશંસાકૃત. એક દેશ, કાળમાં સ્થિત પદાર્થોમાં જે દૂર છે તે પર અને સમીપ છે તે અપર જાણવું તે ક્ષેત્રકૃત. સો વર્ષવાળો સોળ વર્ષવાળાની અપેક્ષાએ પર અને સોળ વર્ષવાળો સો વર્ષવાળાની અપેક્ષાએ અપર તે કાળકૃત.

## २३ स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ।

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા પુદ્ગલો છે.

સ્પર્શ આઠ પ્રકારે છે–કર્કશ, સુંવાળો, ભારે, હલકો, ટાઢો, ઉનો, સ્નિગ્ધ અને લુખો. રસ પાંચ પ્રકારે છે–કડવો, તીખો, કષાયેલ, ખાટો અને મધુર. ગંધ બે પ્રકારે છે–સુરભિ અને દુરભિ. વર્ણ પાંચ પ્રકારે છે–કાળો, લીલો, રાતો, પીળો અને શ્વેત.

## ૨૪ शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायातपोद्योतवन्तश्च ।

શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ (ભાગ થવા), અંધકાર, છાયા, આતપ (તડકો) અને ઉદ્યોતવાળા પણ પુદ્‌ગલો છે.

શબ્દ છ પ્રકારે છે–તત ( વીણાદિનો ), વિતત ( મૃદંગાદિનો ), ઘન ( કાંસી–કરતાલાદિનો ), શુષિર ( વાંસળીવગેરેનો ), ઘર્ષ ( ઘર્ષણ થવાથી ઉત્પન્ન થયેલ ) અને ભાષ ( વાણીનો ). બંધ ત્રણ પ્રકારે છે–પ્રયોગબંધ ( પુરૂષ પ્રયત્નથી થયેલ ), વિશ્રસાબંધ ( ઇન્દ્ર ધનુષ્યની પેઠે સ્વત: થયેલ ) અને મિશ્રબંધ ( સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્‌ગલનો પરસ્પર બંધ ). સૂક્ષ્મતા બે પ્રકારે છે–અન્ત્ય અને આપેક્ષિક; પરમાણુમાં અંત્ય અને દ્વયણુકાદિમાં સંઘાત પરિણામની અપેક્ષાએ આપેક્ષિક. જેમ આંબળા કરતાં બોર નાનું છે. સ્થૂળતા પણ સંઘાત પરિણામની અપેક્ષાએ બે પ્રકારે છે–સર્વ લોકવ્યાપિ મહાસ્કંધને વિષે અંત્યસ્થૂળતા અને બોર કરતાં આમળું મોટું તે આપેક્ષિક સ્થૂળતા. સંસ્થાન અનેક પ્રકારે છે. ભેદ પાંચ પ્રકારે છે–ઔતકારિક ( કાષ્ટાદિ ચિરવાથી થાય તે ), ચૌર્ણિક ( ચૂર્ણ–ભૂકો કરવાથી ), ખંડ ( ટુકડા કરવાથી ), પ્રસર ( વાદળાદિના વિખરાવાથી ) અને અનુતટ ( તપાવેલા લોઢાને ઘણવડે ટીપવાથી કણીયા નીકળે તે ).

## ૨૫ अणवः स्कन्धाश्च ।

અણુઓ અને સ્કન્ધો એ બે પ્રકારે પુદ્‌ગલો છે.

## ૨૬ संघातभेदेभ्य उत्पद्यन्ते ।

સંઘાત ( એકત્ર થવું ), ભેદ ( ભાગ પડવા ) અને સંઘાત ભેદ એ ત્રણ કારણ વડે કરીને સ્કંધો ઉત્પન્ન થાય છે.

## २७ भेदादणुः ।

ભેદવડે અણુ ઉત્પન્ન થાય છે.

## २८ भेदसंघाताभ्यां चाक्षुषाः ।

ચક્ષુવડે દેખી શકાય એવા સ્કંધો ભેદ અને સંઘાતવડે કરીને થાય છે.

### ધર્માસ્તિકાયાદિ પદાર્થો છે એમ શી રીતે જણાય ? માટે સત્નું લક્ષણ કહે છે.

## २९ उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ।

ઉત્પાદ ( ઉત્પત્તિ ), વ્યય ( નાશ ) અને ધ્રૌવ્ય ( સ્થિરતા ) વડે યુક્ત તે સત્ ( છતું-વર્તમાન ) જાણવું.

આ સંસારમાં દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય અને સ્થિતિવડે યુક્ત છે. આત્મદ્રવ્યમાં મનુષ્યત્વાદિ પર્યાયરૂપે આત્મદ્રવ્યનો વ્યય થાય છે, દેવતાદિ પર્યાયથી તેની ઉત્પત્તિ થાય છે અને આત્મત્વ સ્વરૂપથી તેની સ્થિતિ છે. પુદ્ગલ દ્રવ્યમાં નીલવર્ણાદિ પર્યાયવડે પરમાણુનો નાશ થાય છે, રક્તવર્ણાદિવડે તેની ઉત્પત્તિ થાય છે અને પુદ્ગલત્વ સ્વરૂપે તેની સ્થિતિ છે. ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિમાન્ જીવપુદ્ગલના નિમિત્તે કોઇ કોઇ પ્રદેશે ચલનસહાયત્વરૂપે ધર્માસ્તિકાયની ઉત્પત્તિ થાય છે; જ્યારે જીવ અને પુદ્ગલો બીજા પ્રદેશ તરફ જાય છે, ત્યારે તે સ્થળ અને તે પદાર્થને અંગે ચલન સહાયત્વ સ્વરૂપે ધર્માસ્તિકાય નષ્ટ થાય છે અને ધર્માસ્તિકાયત્વ

સ્વરૂપે ધર્માસ્તિકાય ધ્રુવ છે. તેવી રીતે અધર્માસ્તિકાયમાં પણ જાણી લેવું. ભેદ એટલોજ કે તે સ્થિતિનું કારણ છે.

એકાન્તથી આત્માને નિત્યજ માનવામાં આવે તો તેના એક સ્વભાવને લીધે અવસ્થાનો ભેદ ન થઈ શકે અને તેમ થાય તો સંસાર અને મોક્ષના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. જો અવસ્થાના ભેદને કલ્પિત માનીએ તો વસ્તુની અવસ્થાનો ભેદ તે વસ્તુનો સ્વભાવ નહિ હોવાથી તે યથાર્થ જ્ઞાનનો વિષય થઈ શકે નહિ, તેને વસ્તુનો સ્વભાવજ માનવામાં આવે તો વસ્તુ અનિત્ય માન્યા વિના અવસ્થાન્તરની ઉત્પત્તિજ ન થઇ શકે, તેથી એકાન્ત નિત્યતાનો અભાવ થાય. આ પ્રમાણે એકજ પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણે અંશોને ન સ્વીકારવામાં આવે તો મનુષ્યાદિ તે દેવાદિ રૂપે ન થાય. તેમ ન થાય તો યમ નિયમાદિનું પાલન કરવું તે નિરર્થક થાય. એમ થવાથી આગમવચન વચનમાત્રજ થાય. આ સર્વ ઉત્પાદ, વ્યય વ્યવહારથકી બતાવેલ છે. નિશ્ચયથકી તો દરેક પદાર્થો દરેક ક્ષણે ઉત્પાદાદિ યુક્ત છે. તેમ માનવાથીજ ભેદની સિદ્ધિ થાય છે. કહ્યું છે કે—દરેક વ્યક્તિમાં ક્ષણે ક્ષણે ભિન્નભિન્નપણું હોય છે, તેથી નરકાદિ ગતિનાં તેમજ સંસાર અને મોક્ષનાં ભેદ ઘટે છે. હિંસાદિ નરકાદિનું કારણ છે, સમ્યક્ત્વાદિ અપવર્ગનું કારણ છે, તે સર્વ ઉત્પાદાદિ યુક્ત વસ્તુનો સ્વીકાર કરવાથી ઘટે છે; જો ઉત્પાદાદિરહિત વસ્તુને માનીએ તો યુક્તિથી આ સર્વ ઘટી શકે નહિ.

### ૩૦ तद्भावाव्ययं नित्यम् ।

જે તે સ્વરૂપથી નાશ ન પામે તે નિત્ય છે.

### ૩૧ अर्पितानर्पितसिद्धेः ।

પદાર્થોની સિદ્ધિ વ્યવહાર નય અને નિશ્ચયનય વડે કરીને થાય છે.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ રૂપ સત્ અને નિત્ય એ બન્ને મુખ્ય અને ગૌણ ભેદથી સિદ્ધ છે. જેમકે—દ્રવ્યરૂપથી મુખ્ય કરીને અને પર્યાયરૂપથી ગૌણ કરીને પદાર્થ દ્રવ્યરૂપ કહેવાય છે.

## ३२ स्निग्धरूक्षत्वाद्बन्धः ।

સ્નિગ્ધતા અને રૂક્ષત્વ ( લુખાશ ) વડે કરીને બંધ થાય છે અર્થાત્ સ્નિગ્ધ પુદ્ગલોનો લુખા પુદ્ગલો સાથે બંધ થાય છે.

## ३३ न जघन्यगुणानाम् ।

એક ગુણ(અંશ)વાળા સ્નિગ્ધ રૂક્ષ પુદ્ગલોનો બંધ થતો નથી.

## ३४ गुणसाम्ये सदृशानाम् ।

ગુણની સમાનતા હોતે છતે પણ સદ્રશ ( એક જાતના ) પુદ્-ગલોનો બંધ થતો નથી. એટલે સમાન ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલો-નો સ્નિગ્ધ પુદ્ગલ સાથે અને રૂક્ષનો તેવા રૂક્ષ પુદ્ગલ સાથે બંધ થતો નથી.

## ३५ द्व्यधिकादिगुणानां तु ।

દ્વિગુણ આદિ અધિક ગુણવાળા એક જાતના પુદ્ગલોનો બંધ થાય છે.

## ३६ बन्धे समाधिकौ पारिणामिकौ ।

બંધ થયે છતે સમાન ગુણવાળાનો સમાન ગુણ પરિણામ અને હીન ગુણનો અધિક ગુણ પરિણામ થાય છે.

## ३७ गुणपर्यायवद् द्रव्यम् ।

ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. એટલે ગુણ અને પર્યાય જેને હોય તે દ્રવ્ય.

## ૩૮ कालश्चेत्येके ।

કોઇક આચાર્ય કાળને પણ દ્રવ્ય કહે છે.

## ૩૯ सोऽनन्तसमयः ।

તે કાળ અનંત સમયાત્મક છે.

વર્તમાનકાળ એક સમયાત્મક અને અતીત અનાગતકાળ અનંત સમયાત્મક છે.

## ૪૦ द्रव्याश्रया निर्गुणा गुणाः ।

જે દ્રવ્યને આશ્રીને રહે અને પોતે નિર્ગુણ હોય તે ગુણ છે.

## ૪૧ तद्भावः परिणामः ।

વસ્તુનો સ્વભાવ તે પરિણામ. પૂર્વોક્ત ધર્માદિ દ્રવ્યોનો તથા ગુણોનો સ્વભાવ તે પરિણામ જાણવો.

## ૪૨ अनादिरादिमांश्च ।

અનાદિ અને આદિ એમ બે પ્રકારનો પરિણામ છે; અરૂપને વિષે અનાદિ પરિણામ છે.

## ૪૩ रूपिष्वादिमान् ।

રૂપિને વિષે આદિ પરિણામ છે. તે આદિ પરિણામ અનેક પ્રકારનો છે.

## ૪૪ योगोपयोगौ जीवेषु ।

જીવને વિષે પણ યોગ અને ઉપયોગના પરિણામ આદિવાળા છે.

## ॥ अथ षष्ठोऽध्यायः ॥

### १ कायवाङ्मनःकर्म योगः ।

કાયસંબંધી, વચનસંબંધી અને મનસંબંધી જે કર્મ (ક્રિયા–પ્રવર્તન–વ્યાપાર) તે યોગ કહેવાય છે.

તે દરેક શુભ અને અશુભ એમ બે પ્રકારે છે. અશુભયોગ આ પ્રમાણે જાણવો—હિંસા, ચોરી અને મૈથુન વગેરે કાયિક; નિંદા, જૂઠું બોલવું, કઠોર વચન અને ચાડી વગેરે વાચિક અને કોઈના ધન હરણની ઈચ્છા, મારવાની ઇચ્છા, ઈર્ષ્યા, અસૂયા (ગુણમાં દોષારોપણ) વગેરે માનસિક. આથી વિપરીત તે શુભયોગ જાણવો.

### २ स आस्रवः ।

પૂર્વોક્ત યોગ એ આશ્રવ (કર્મ આવવાનું કારણ) છે.

### ३ शुभः पुण्यस्य ।

શુભ યોગ તે પુણ્યનો આશ્રવ છે.

### ४ अशुभः पापस्य ।

અશુભ યોગ પાપનો આશ્રવ છે

### ५ सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ।

સકષાયી (ક્રોધાદિવાળા) ને સામ્પરાયિક અને અકષાયી (કષાયરહિત) ને ઇર્યાપથિક (ચાલવા સંબંધી એક સમયની સ્થિતિનો) આશ્રવ થાય છે.

६ अव्रतकषायेन्द्रियक्रियाः* पञ्चचतुःपञ्चपञ्चविंशतिसङ्ख्याः पूर्वस्यभेदाः ।

---

* ૧ શુદ્ધ દર્શન મોહનીય ( સમ્યક્ત્વ મોહનીય ) ના દળીયાના અનુભવથી પ્રશમઆદિ લક્ષણવડે જાણી શકાય એવી જે જીવાદિ પદાર્થવિષયક શ્રદ્ધા તે રૂપ, જિન–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય-સાધુઓ યોગ્ય પુષ્પ ધૂપાદિ સામગ્રીવડે પૂજન અને અન્નપાન વસ્ત્રાદિ દેવારૂપ અનેક પ્રકારની વૈયાવચ્ચ કરવા રૂપ, શુદ્ધ સમ્યકત્વાદિ ભાવ વૃદ્ધિના હેતુભૂત દેવાદિના જન્મ મહોત્સવ કરવા વગેરે સાતાવેદનીય બંધના કારણભૂત તે સમ્યક્ત્વ ક્રિયા. ૨ સમ્યક્ત્વથી વિપરીત તે મિથ્યાત્વક્રિયા. ૩ ધાવન વલ્ગનાદિ કાય વ્યાપાર, કઠોર અને અસત્ય ભાષણ વગેરે વચન વ્યાપાર અને ઇર્ષ્યા, દ્રોહ, અભિમાન વગેરે મનોવ્યાપાર રૂપ ક્રિયા તે પ્રયોગક્રિયા. ૪ ઇંદ્રિયોની ક્રિયા અથવા આઠ પ્રકારના કર્મપુદ્ગલોનું ગ્રહણ તે સમાદાન ક્રિયા. ૫ ગમનાગમન રૂપ ક્રિયા તે ઇર્યાપથ ક્રિયા, આ ક્રિયાથી કેવળીને માત્ર કાયયોગે એક સમયનો બંધ થાય છે. ૬ કાયાનો દુષ્ટ વ્યાપાર તે કાયક્રિયા. ૭ પરને ઉપઘાત કરે તેવા ગલ, પાશ, ઘંટી વગેરે અધિકરણ એ વગેરે વડે જીવોનું હનન કરવું તે અધિકરણક્રિયા. ૮ પ્રકૃષ્ટ દોષ તે પ્રદોષ–ક્રોધાદિ, તેવડે જીવ અથવા અજીવ ઉપર દ્વેષ કરવો તે પ્રદોષ ક્રિયા. ૯ પોતાના કે પારકા હાથે પોતાને અથવા પરને પીડા કરવી તે પરિતાપન ક્રિયા. ૧૦ પોતાના કે પારકા જીવને હણવો હણાવવો તે પ્રાણાતિપાત ક્રિયા. ૧૧ રાગાદિ કૌતુકવડે અશ્વાદિ જોવાં તે દર્શન ક્રિયા. ૧૨ રાગાદિનાવશે સ્ત્રીઆદિના અંગનો સ્પર્શ કરવો તે સ્પર્શન ક્રિયા. ૧૩

એ પૂર્વોક્ત ( સામ્પરાયિક ) આશ્રવના ભેદો અવ્રત, કષાય, ઈન્દ્રિય અને ક્રિયા છે; તેના અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને પચીશ સંખ્યાવાળા ભેદો છે.

---

જીવ, અજીવ આશ્રયી જે કર્મબંધ તે પ્રત્યય ક્રિયા અથવા કર્મબંધના કારણભૂત અધિકરણ આશ્રયી ક્રિયા તે પ્રત્યય ક્રિયા. ૧૪ પોતાના ભાઇ, પુત્ર, શિષ્ય, અશ્વ વગેરેની સર્વ દિશાએથી જોવા આવેલા જનોવડે પ્રશંસા થયે છતે હર્ષ ધારણ કરવો તે સમંતાનુપાત ક્રિયા અથવા ઘી, તેલ પ્રમુખના વાસણ ઉઘાડા રાખવાથી તેમાં ત્રસાદિ જીવ પડવાથી જે ક્રિયા લાગે તે. ૧૫ ઉપયોગ રહિત શૂન્ય ચિત્તે કરવું તે અનાભોગ ક્રિયા. ૧૬ અન્યને કરવા યોગ્ય કાર્ય, અત્યંત અભિમાનવડે ગુસ્સે થવાથી પોતાના હાથે કરે તે સ્વહસ્ત ક્રિયા. ૧૭ રાજાઆદિના આદેશે યંત્ર, શસ્ત્રાદિ ઘડાવવા તે નિસર્ગ ક્રિયા. ૧૮ જીવ અજીવનું વિદારણ કરવું અથવા કોઇના અછતા દૂષણ પ્રકાશ કરી તેની માન પ્રતિષ્ઠાનો નાશ કરવો તે વિદારણ ક્રિયા. ૧૯ જીવ કે અજીવને અન્યદ્વારા બોલાવવા તે આનયન ક્રિયા. ૨૦ વીતરાગે કહેલ વિધિમાં સ્વપરના હિતને વિષે પ્રમાદવશે કરી અનાદર કરવો તે અનવકાંક્ષા ક્રિયા. ૨૧ પૃથ્વીકાયાદિ જીવોના ઉપઘાત કરનાર ખેતીઆદિનો આરંભ કરવો અથવા ઘાસ વગેરે છેદવાં તે આરંભ ક્રિયા. ૨૨ ધન ધાન્યાદિ ઉપાર્જન કરવું અને તેના રક્ષણની મૂર્છા રાખવી તે પરિગ્રહ ક્રિયા. ૨૩ કપટવડે અન્યને છેતરવું–મોક્ષના સાધન જ્ઞાનાદિને વિષે કપટપ્રવૃત્તિ તે માયા ક્રિયા. ૨૪ જિન વચનથી વિપરીત શ્રધાન કરવું તથા વિપરીત પ્રરૂપણા કરવી તે મિથ્યાદર્શન ક્રિયા. ૨૫ સંયમના વિઘાતકારિ કષાયાદિનો ત્યાગ નહિ

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ એ પાંચ અવ્રત. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય. ઈંદ્રિય પાંચ અને ૨૫ ક્રિયા. ક્રિયાઓ ૨૫ તે આ પ્રમાણે:—૧ સમ્યકત્વ, ૨ મિથ્યાત્વ, ૩ પ્રયોગ, ૪ સમાદાન, ૫ ઇર્યાપથ, ૬ કાય, ૭ અધિકરણ, ૮ પ્રદોષ, ૯ પરિતાપન, ૧૦ પ્રાણાતિપાત, ૧૧ દર્શન ( દૃષ્ટિ ), ૧૨ સ્પર્શન, ૧૩ પ્રત્યય, ૧૪ સમંતાનુપાત, ૧૫ અનાભોગ, ૧૬ સ્વહસ્ત, ૧૭ નિસર્ગ ( નૈશસ્ત્ર ), ૧૮ વિદારણ, ૧૯ આનયન, ૨૦ અનવકાંક્ષ, ૨૧ આરંભ, ૨૨ પરિગ્રહ, ૨૩ માયા, ૨૪ મિથ્યાત્વદર્શન અને ૨૫ અપ્રત્યાખ્યાન. (આ પચીશ ક્રિયા નવતત્ત્વમાં વર્ણવેલ ૨૫ ક્રિયાના જેવા ભાવવાળી છે. નવતત્ત્વમાં આપેલ પ્રેમ અને દ્વેષ એ બે ક્રિયા આમાં આપી નથી તેના બદલે સમ્યકત્વ અને મિથ્યાત્વ એ બે ક્રિયા આપી છે. )

## ७ तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्य-स्तद्विशेषः ।

એ ઓગણચાળીશ સાંપરાયિક આશ્રવના ભેદોની તીવ્ર-મંદ

---

કરવો તે અપ્રત્યાખ્યાન ક્રિયા. નવતત્ત્વાદિ પ્રકરણાદિને વિષે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે ક્રિયાને સ્થાને પ્રેમ પ્રત્યય ( માયા અને લોભના ઉદયે પરને પ્રેમ ઉપજાવવો ) અને દ્વેષ પ્રત્યય ( ક્રોધ અને માનના ઉદયે પરને દ્વેષ ઉપજાવવો ) એ બે ક્રિયા છે અને બાકીની બધી સરખી છે. સરાગી જીવ સ્વામી હોવાથી તેની મુખ્યતા લઇને સમ્યક્ત્વને બદલે પ્રેમ પ્રત્યય અને કદાગ્રહી વગેરે મિથ્યાદ્રષ્ટિ સ્વામી હોવાથી મિથ્યાત્વને બદલે દ્વેષપ્રત્યય ક્રિયા ત્યાં વર્ણવેલ છે એમ સમજવું.

અને જ્ઞાત-અજ્ઞાત ભાવ વિશેષે કરીને અને વીર્ય તથા અધિકરણ વિશેષે કરીને વિશેષતા છે.

## ૮ अधिकरणं जीवाजीवाः ।

જીવ તથા અજીવ એ બે પ્રકારે અધિકરણ છે. વળી તે બંનેના બે બે પ્રકાર છે. દ્રવ્ય અધિકરણ અને ભાવ અધિકરણ. દ્રવ્યાધિકરણ છેદનભેદનાદિ દશવિધ શસ્ત્ર અને ભાવાધિકરણ એકસો આઠ પ્રકારે છે.

## ૯ आद्यं *संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ।

પહેલું અર્થાત્ જીવાધિકરણ સંરંભ, સમારંભ અને આરંભ એમ ત્રણ ભેદ છે વળી તે દરેકના મન, વચન અને કાયા એ ત્રણ યોગવડે કરીને અકેકના ત્રણ ત્રણ ભેદ થાય છે. એટલે નવ ભેદ થયા. વળી તે દરેકના કરવું, કરાવવું, અને અનુમોદવું એ ત્રણ કરણવડે કરીને ત્રણ ત્રણ ભેદ થાય છે. એટલે ૨૭ ભેદ થયા. વળી તે દરેકના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયવડે કરીને ચાર ચાર ભેદ થાય છે એટલે કુલ ૧૦૮ ભેદ થયા.

તે આ પ્રમાણે-ક્રોધકૃત વચન સંરંભ, માનકૃત વચન સંરંભ, માયાકૃત વચન સંરંભ અને લોભકૃત વચન સંરંભ એ ચાર અને કારિત તથા અનુમતના ચાર ચાર મળીને બાર ભેદ વચન

---

* संरम्भः सकषायः, परितापनया भवेत्समारम्भः ।
आरम्भः प्राणिवधः. त्रिविधो योगस्ततो ज्ञेयः ॥

સંકલ્પ-મારવાનો વિચાર તે સંરંભ, પીડા ઉપજાવવી તે સમારંભ અને હિંસા કરવી તે આરંભ કહેવાય છે.

સંરંભના થયા. તેવીજ રીતે કાય અને મન સંરંભના બાર બાર ભેદ લેતાં છત્રીશ ભેદ સંરંભના થયા. આરંભ અને સમારંભના પણ એ રીતે છત્રીશ છત્રીશ ગણતાં ૧૦૮ ભેદ થાય.

१० निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ।

બીજા અજીવાધિકરણના-નિર્વર્તનાના બે ( મુલગુણનિર્વર્તના[1] અને ઉત્તરગુણનિર્વર્તના[2] ), નિક્ષેપાધિકરણના ચાર ( અપ્રત્યવેક્ષિત, દુષ્પ્રમાર્જિત, સહસા અને અનાભોગ-સંસ્કાર ), સંયોગાધિકરણના બે ( ભક્તપાન ને ઉપકરણ ) અને નિસર્ગાધિકરણના ત્રણ ( કાય, વચન ને મન ) ભેદ છે.

११ तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ।

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના કે દર્શન, દર્શની ને દર્શનના સાધનોના ઉપર દ્વેષ કરવો, નિહ્નવપણું (ગુરૂ ઓળવવા-ઓછા જ્ઞાનવાળા પાસે ભણેલ હોય છતાં પોતાની પ્રશંસા માટે મોટા વિદ્વાન પાસે ભણેલ છે એમ જણાવવું), માત્સર્ય ( ઇર્ષ્યાભાવ ), અંતરાય ( વિઘ્ન ), આશાતના અને ઉપઘાત ( નાશ ) કરવો એ છ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણના આશ્રવના કારણ છે.

१२ दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ।

દુ:ખ, શોક, પશ્ચાતાપ, રૂદન, વધ, અને પરિદેવન ( હૃદય-

---

૧ શરીર, વચન, મન, પ્રાણ અને અપાન એ મુલગુણનિર્વતના.

૨ કાષ્ટ, પુસ્ત, ચિત્રકર્મ તે ઉત્તરગુણનિર્વર્તના.

ફાટ રૂદન, જેનાથી નિર્દયને પણ દયા ઉત્પન્ન થાય ), એ પોતાને કરવા, પરને ઉત્પન્ન કરવા, અથવા બંનેમાં ઉત્પન્ન કરવાં, એ અશાતાવેદનીયના આશ્રવ છે.

१३ भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ।

પ્રાણિમાત્રની અને વ્રતધારીઓની વિશેષે અનુકંપા ( દયા ), દાન, સરાગસંયમ ( રાગવાળું ચારિત્ર ), દેશવિરતિ ચારિત્ર, બાલતપ, સત્ક્રિયારૂપ યોગ, ક્ષમા અને શૌચ એ પ્રકારે શાતાવેદનીયના આશ્રવો છે.

१४ केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ।

કેવળી ભગવાન્, શ્રુત, સંઘ, ધર્મ, અને ( ચાર પ્રકારના ) દેવનો અવર્ણવાદ એ દર્શનમોહનીયના આશ્રવના હેતુ છે.

१५ कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ।

કષાય ( સોળ કષાય અને નવ નોકષાય ) ના ઉદયથી થયેલ તીવ્ર આત્મપરિણામ તે ચારિત્રમોહનીયના આશ્રવ છે.

१६ बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ।

બહુ આરંભ પરિગ્રહપણું એ નારક આયુષ્યનો આશ્રવ છે.

१७ माया तैर्यग्योनस्य ।

માયા તિર્યંચ યોનિવાળાના આયુષ્યનો આશ્રવ છે.

१८ अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ।

અલ્પ આરંભ પરિગ્રહપણું, સ્વાભાવિક નમ્રતા અને સરળતા એ મનુષ્યાયુષ્યના આશ્રવ છે.

१९ निःशीलव्रतत्वं च सर्वेषाम् ।

કુશીલપણું એ સર્વ (પૂર્વોક્ત ત્રણ) આયુષ્યનો આશ્રવ છે.

२० सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि दैवस्य ।

સરાગસંયમ, સંયમાસંયમ ( દેશવિરતિપણું ), અકામનિર્જરા અને બાલતપ ( અજ્ઞાનતપ ) એ દેવાયુના આશ્રવ છે.

२१ योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ।

મન, વચન, અને કાયયોગની વક્રતા ( કુટિલતા ) તથા વિસંવાદન ( અન્યથા પ્રરૂપણા, ચિન્તનક્રિયા વગેરે ) એ અશુભ નામકર્મના આશ્રવ છે.

२२ विपरीतं शुभस्य ।

ઉપર કહ્યાથી વિપરીત એટલે મન, વચન, કાય યોગની સરળતા અને યથાયોગ્ય પ્રરૂપણા એ શુભ નામકર્મના આશ્રવ છે.

२३ दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णंज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी सङ्घसाधुसमाधिवैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिर्मार्गप्रभावनाप्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ।

ઉત્કૃષ્ટ દર્શન શુદ્ધિ, વિનયસંપન્નતા, શીલવ્રતોમાં અનતિચારપણું, નિરંતર જ્ઞાનોપયોગ તથા સંવેગ ( મોક્ષ સુખનો અભિલાષ–મોક્ષ સાધવાનો ઉદ્યમ ), યથાશક્તિ દાન અને તપ, સંઘ અને સાધુઓની સમાધિ અને વૈયાવચ્ચ કરવું, અર્હંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચનની ભક્તિ; આવશ્યક ( પ્રતિક્રમણ વગેરે જરૂરી યોગ )નું કરવું; શાસનપ્રભાવના અને પ્રવચનવત્સલતા એ તીર્થંકર નામકર્મના આશ્રવ છે.

## २४ परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ।

પરનિંદા, આત્મપ્રશંસા, પરના છતા ગુણનું આચ્છાદન અને પોતાના અછતા ગુણનું પ્રગટ કરવું, એ નીચ ગોત્રના આશ્રવ છે.

## २५ तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ।

ઉપર કહ્યાથી વિપરીત એટલે આત્મનિંદા, પર પ્રશંસા, પોતાના છતા ગુણનું આચ્છાદન અને પરના અછતા ગુણનું પ્રગટ કરવું, નમ્ર વૃત્તિનું પ્રવર્તન અને કોઇની સાથે ગર્વ નહિ કરવો, એ ઉચ્ચ ગોત્રના આશ્રવ છે.

## २६ विघ्नकरणमन्तरायस्य ।

વિઘ્ન કરવું એ અંતરાય કર્મનો આશ્રવ છે.

એ પ્રકારે સાંપરાયિકના આઠ પ્રકારના જુદા જુદા આશ્રવો જાણવા.

## ॥ अथ सप्तमोऽध्यायः ॥

### १ हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।

હિંસા, અસત્ય ભાષણ, ચોરી, મૈથુન અને પરિગ્રહથકી વિરમવું તે વ્રત છે. અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા એ પાંચ વ્રત છે.

### २ देशसर्वतोऽणुमहती ।

એ હિંસાદિની દેશથકી વિરતિ તે અણુવ્રત અને સર્વથકી વિરતિ તે મહાવ્રત કહેવાય છે.

### ३ तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ।

એ વ્રતોની સ્થિરતા માટે દરેકની પાંચ પાંચ ભાવનાઓ હોય છે.

પાંચ વ્રતની ભાવના આ પ્રમાણે:—૧ ઇર્યાસમિતિ, ૨ મનોગુપ્તિ, ૩ એષણાસમિતિ, ૪ આદાનનિક્ષેપણસમિતિ અને ૫ આલોકિત (સારા પ્રકાશવાળાં સ્થાન અને ભાજનમાં સારી રીતે તપાસ કરી જયણા સહિત ) ભાત પાણી વાપરવું, એ પાંચ અહિંસા વ્રતની; ૧ વિચારીને ભાષણ, ૨ ક્રોધત્યાગ, ૩ લોભત્યાગ, ૪ ભયત્યાગ અને ૫ હાસ્યત્યાગ, એ પાંચ સત્યવ્રતની; ૧ અનિંદ્ય પદાર્થનું ગ્રહણ તથા યાચન, ૨ નિરંતર અનિંદ્ય ગ્રહણ યાચન, ૩ જરૂર પુરતા પદાર્થનું યાચન, ૪ સાધર્મિક પાસેથી ગ્રહણ તથા યાચન અને ૫ ગુરૂની અનુજ્ઞા લઇને પાન અને ભોજન કરવું, એ પાંચ અસ્તેય વ્રતની; ૧ સ્ત્રી, પશુ, પંડક ( નપુંસક ) વાળા સ્થાને નહિ વસવું, ૨ રાગયુક્ત સ્ત્રીકથા ન કરવી,

૩ સ્ત્રીઓનાં અંગોપાંગ જોવાં નહિ, ૪ પૂર્વે કરેલા વિષયભોગ સંભારવા નહિ અને ૫ કામ ઉત્પન્ન કરે.તેવાં ભોજન વાપરવાં નહિ, એ પાંચ બ્રહ્મચર્યવ્રતની અને અકિંચન વ્રતની સ્થિરતા માટે પાંચે ઇંદ્રિયોનાં મનોજ્ઞ વિષય ઉપર રાગ–આસક્તિ કરવી નહિ અને અનિષ્ટ વિષય ઉપર દ્વેષ કરવો નહિ એ પાંચ ભાવના જાણવી.

## ४ हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ।

હિંસાદિને વિષે આ લોક અને પરલોકના અપાયદર્શન (શ્રેયોર્થના નાશની દ્રષ્ટિ ) અને અવદ્યદર્શન (નિંદનીયપણાની દ્રષ્ટિ) ભાવવાં. અર્થાત્—હિંસાદિકથી આલોક અને પરલોકનેવિષે પોતાના શ્રેયનો નાશ થાય છે અને પોતે નિંદાય છે એ વાત લક્ષ્યમાં રાખવી. મતલબ કે તેનાથી થતા અને થવાના નુકશાન ચિંતવી તેથી વિરમવું.

## ५ दुःखमेव वा ।

અથવા હિંસાદને વિષે દુ:ખજ છે એમ ભાવવું.

## ६ मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु ।

સર્વ જીવો સાથે મિત્રતા, ગુણાધિક ઉપર પ્રમોદ, દુ:ખી જીવો ઉપર કરૂણાબુદ્ધિ અને અવિનીત ( મૂઢ ) જીવો ઉપર મધ્યસ્થતા ( ઉપેક્ષા ) ધારણ કરવી.

## ७ जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ।

સંવેગ અને વૈરાગ્યને અર્થે જગત્ સ્વભાવની અને કાયસ્વભાવની ભાવના કરવી.

સર્વ દ્રવ્યોનું અનાદિ કે આદિ પરિણામે પ્રકટન, અંતર્ભાવ, સ્થિતિ, અન્યત્વ, પરસ્પર અનુગ્રહ અને વિનાશ ભાવવાં તે જગત્ સ્વભાવ. આ કાયા અનિત્ય, દુઃખના હેતુભૂત, અસાર અને અશુચિમય છે એમ ભાવવું તે કાયસ્વભાવ. સંસારભિરૂતા, આરંભ પરિગ્રહને વિષે દોષ જોવાથી અરતિ, ધર્મ અને ધર્મીમાં બહુમાન, ધર્મશ્રવણ અને સાધર્મિકના દર્શનને વિષે મનની પ્રસન્નતા અને ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિની શ્રદ્ધા તે સંવેગ. શરીર, ભોગ અને સંસારની ઉદ્વિગ્નતા ( ગ્લાની ) વડે ઉપશાંત થયેલ પુરૂષની બાહ્ય અને અભ્યંતર ઉપાધિને વિષે અનાસક્તિ તે વૈરાગ્ય.

## ૮ प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ।

પ્રમત્ત યોગ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથાના વ્યાપાર ) વડે કરીને પ્રાણનો નાશ કરવો તે હિંસા.

## ૯ असदभिधानमनृतम् ।

મિથ્યા કથન તે અનૃત ( અસત્ય ) છે.

અસત્ શબ્દે અહીં સદ્ભાવનો પ્રતિષેધ, અર્થાંતર અને ગર્હા એ ત્રણનું ગ્રહણ કરવું. આત્મા નથી, પરલોક નથી એ પ્રકારે બોલવું તે ભૂતનિન્હવ ( છતી વસ્તુનો નિષેધ કરવો ) અને ચોખાના દાણા જેવડો અથવા અંગુઠાના પર્વ જેવડો આત્મા છે, સૂર્ય જેવો તેજસ્વી અને નિષ્ક્રિય આત્મા છે, એમ કહેવું તે અભૂતોદ્ભાવન ( અસત્ પદાર્થનું પ્રતિપાદન કરવું ), એ બે ભેદે સદ્ભાવ પ્રતિષેધ છે. ગાયને અશ્વ અને અશ્વને ગાય કહેવું તે અર્થાંતર. હિંસા, કઠોરતા અને પૈશુન્ય વગેરે યુક્ત વચન તે ગર્હા, તે સત્ય છતાં પણ નિંદિત હોવાથી અસત્યજ છે.

१० अदत्तादानं स्तेयम् ।

અદત્ત ( કોઇએ નહિ આપેલ ) વસ્તુનું ગ્રહણ તે ચોરી કહેવાય છે.

११ मैथुनमब्रह्म ।

સ્ત્રી પુરૂષનું કર્મ-મૈથુન (સ્ત્રીસેવન) તે અબ્રહ્મ કહેવાય છે.

१२ मूर्च्छा परिग्रहः ।

મૂર્ચ્છા પરિગ્રહ છે.

१३ निःशल्यो व्रती ।

શલ્ય ( માયા, નિયાણું અને મિથ્યાત્વ ) રહિત હોય તે વ્રતિ કહેવાય છે.

१४ अगार्यनगारश्च ।

પૂર્વોક્ત વ્રતી અગારી ( ગૃહિ ) અને અણગારી ( સાધુ ) એ બે ભેદે હોય છે.

१५ अणुव्रतोऽगारी ।

અણુવ્રતવાળો અગારી વ્રતિ છે.

१६ दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोगातिथिसंविभागव्रतसंपन्नश्च ।

દિક્પારમાણવ્રત, દેશાવકાશિકવ્રત, અનર્થદંડવિરમણવ્રત, સામાયિકવ્રત, પૌષધોપવાસવ્રત, ઉપભોગપરિભોગપરિમાણવ્રત, અને

અતિથિસંવિભાગવ્રત એ વ્રતોથી પણ યુક્ત હોય તે અગારીવ્રતિ કહેવાય છે. અર્થાત્ પાંચ અણુવ્રત અને આ સાત (શીલ) મળી બાર વ્રત ગૃહસ્થને હોય.

દશ દિશાઓમાં જવા આવવાનું પરિમાણ કરવું તે દિગ્વ્રત. પોતાને આવરણ કરનારા ઘર, ક્ષેત્ર, ગામ આદિમાં ગમનાગમનનો યથાશક્તિ અભિગ્રહ તે દેશવ્રત. ભોગોપભોગથી વ્યતિરિક્ત પદાર્થોને માટે દંડ ( કર્મબંધ ) તે અનર્થદંડ, તેની વિરતિ તે અનર્થદંડ વિરમણવ્રત. નિયતકાળ સુધી સાવદ્ય યોગનો ત્યાગ તે સામાયિકવ્રત. પર્વ દિવસે ઉપવાસ કરી પૌષધ કરવો તે પૌષધોપવાસવ્રત. બહુ સાવદ્ય ઉપભોગપરિભોગ યોગ્ય વસ્તુનો ત્યાગ અને અલ્પ સાવદ્ય ઉપભોગપરિભોગ યોગ્ય વસ્તુનું પરિમાણ તે *ઉપભોગપરિભોગવ્રત. ન્યાયોપાર્જિત દ્રવ્યવડે તૈયાર કરેલ કલ્પનીય આહારાદિ પદાર્થો દેશ, કાળ, સત્કાર અને શ્રદ્ધાયોગે અત્યંત અનુગ્રહબુદ્ધિએ સંયમી પુરૂષોને આપવા તે અતિથિસંવિભાગવ્રત.

## १७ मारणान्तिकीं संलेखनां जोषिता ।

વળી તે વ્રતિ મારણાન્તિક સંલેખનાનો સેવનાર હોવો જોઇએ.

કાળ, સંઘયણ, દુર્બળતા અને ઉપસર્ગ દોષથકી ધર્માનુષ્ઠાનની પરિહાણિ જાણીને ઊણોદરી આદિ તપવડે આત્માને નિયમમાં લાવી ઉત્તમવ્રતસંપન્ન હોય તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી જીવન પર્યંત ભાવના અને અનુપ્રેક્ષામાં તત્પર રહી, સ્મરણ અને સમાધિમાં બહુધા પરાયણ થઇ, મરણ સમયની સંલેખના ( અનશન )ને સેવનાર મોક્ષમાર્ગનો આરાધક થાય છે.

---

* ખાનપાનાદિ એક વખત ભોગવાય તે ઉપભોગ અને વસ્ત્ર અલંકારાદિ વારંવાર ભોગવાય તે પરિભોગ.

१८ शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ।

શંકા ( સિદ્ધાંતની વાતોમાં શંકા), આકાંક્ષા (પર મતની ઈચ્છા, આલોક પરલોકના વિષયની ઇચ્છા ), વિચિકિત્સા (ધર્મના ફળની શંકા રાખવી–સાધુ સાધ્વીના મલિન ગાત્ર દેખી દુગંછા કરવી, આ પણ છે આ પણ છે એવો મતિનો ભ્રમ ), અન્યદૃષ્ટિ ( ક્રિયા, અક્રિયા, વિનય અને અજ્ઞાન મતવાળા ) ની પ્રશંસા કરવી અને અન્યદૃષ્ટિનો પરિચય કરવો ( કપટથી કે સરલપણે છતા અછતા ગુણોનું કહેવું તે સંસ્તવ), એ સમ્યગ્દૃષ્ટિના અતિચારો છે.

१९ व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ।

અહિંસાદિ પાંચ અણુવ્રત અને દિગ્વ્રતાદિ સાત શીલને વિષે અનુક્રમે (આગળ કહીશું તે મુજબ) પાંચ પાંચ અતિચારો હોય છે.

२० बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ।

બંધ ( બાંધવું ), વધ ( મારવું ), છવિછેદ ( નાક કાન વિંધવા, ડામ દેવા વિગેરે ), અતિભારારોપણ ( હદ ઉપરાંત ભાર ભરવો ) અને અન્નપાન નિરોધ ( ખાવાપીવાનો વિછોહ પાડવો ); એ પાંચ અહિંસાવ્રતના અતિચાર છે.

२१ मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमन्त्रभेदाः ।

મિથ્યા ઉપદેશ ( જુઠી સલાહ ), રહસ્યાભ્યાખ્યાન (સ્ત્રી પુ-

રૂપના ગુપ્ત ભેદ પ્રગટ કરવા ), કૂટલેખ ક્રિયા ( ખોટા દસ્તાવેજ કરવા ), ન્યાસાપહાર ( થાપણ ઓળવવી ) અને સાકારમંત્રભેદ (ચાડી કરવી, ગુપ્તઃવાત કહી દેવી); એ બીજા વ્રતના અતિચાર છે.

२२ स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहाराः ।

સ્તેનપ્રયોગ ( ચોરને સહાય આપી તેના કામને ઉત્તેજન આપવું ), તદાહૃતાદાન ( તેની લાવેલ વસ્તુ થોડા મૂલ્યે ખરીદ કરવી ), વિરૂદ્ધ રાજ્યાતિક્રમ ( રાજ્ય વિરૂદ્ધ કાર્ય કરવું–રાજાએ નિષિદ્ધ કરેલા દેશમાં ગમન કરવું ), હીનાધિક માનોન્માન (તોલ માપમાં ઓછું વત્તું આપવું લેવું ) અને પ્રતિરૂપકવ્યવહાર ( સારી ખોટી વસ્તુના ભેળ સંભેળ કરવા ), એ અસ્તેય વ્રતના અતિચાર છે.

२३ परविवाहकरणेत्वरपरिगृहीतापरिगृहीतागमनानङ्गक्रीडातीव्रकामाभिनिवेशाः ।

પરવિવાહ કરણ ( પારકા વિવાહ કરાવવા ), ઈત્વર પરિગૃહીતાગમન ( થોડા કાળ માટે કોઇએ સ્ત્રી કરીને રાખેલ સ્ત્રીની સાથે સંગ કરવો ), અપરિગૃહીતાગમન ( પરણ્યા વિનાની–વેશ્યા વગેરે સ્ત્રી સાથે સંગ કરવો ), અનંગક્રીડા ( નિયમ વિરૂદ્ધ અંગોવડે ક્રીડા કરવી ) અને તીવ્ર કામાભિનિવેશ ( કામથી અત્યંત વિહ્વળ થવું ); એ પાંચ બ્રહ્મચર્ય વ્રતના અતિચાર છે.

२४ क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमाः ।

૧ ક્ષેત્ર-વાસ્તુ, ૨ હિરણ્ય-સુવર્ણ, ૩ ધન-ધાન્ય, ૪ દાસ-દાસી અને ૫ કુપ્ય ( તાંબા પીતળ આદિ ધાતુનાં વાસણ વગેરે ) ના પરિમાણનું અતિક્રમણ કરવું; એ પાંચ અતિચાર પરિગ્રહ પરિમાણ વ્રતના જાણવા.

## ૨૫ ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ।

ઉર્ધ્વ દિગ્ વ્યતિક્રમ ( નિયમ ઉપરાંત આગળ જવું ), તિર્યગ્ દિગ્ વ્યતિક્રમ, અધો દિગ્ વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ ( એક બાજુ ઘટાડી બીજી બાજુ વધારવું ) અને સ્મૃત્યંતર્ધાન ( યાદદાસ્તનું વિસ્મરણ થવાથી નિયમ ઉપરાંતની દિશામાં ગમન કરવું ), એ પાંચ દિગ્ વિરમણ વ્રતના અતિચાર છે.

## ૨૬ आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ।

આનયન પ્રયોગ ( નિયમિત ભૂમિથકી બાહેરથી ઇચ્છિત વસ્તુ મંગાવવી ), પ્રેષ્યપ્રયોગ ( મોકલવી ), શબ્દાનુપાત (શબ્દ કરી બોલાવવો ), રૂપાનુપાત ( પોતાનું રૂપ દેખાડી બોલાવવો ) અને પુદ્ગલ પ્રક્ષેપ ( માટી પત્થર વગેરે પુદ્ગલ ફેંકવા ), એ પ્રકારે દેશાવકાશિક વ્રતના પાંચ અતિચાર જાણવા.

## ૨૭ कन्दर्पकौकुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ।

કંદર્પ ( રાગયુક્ત અસભ્ય વચન બોલવાં, હાસ્ય કરવું ), કૌકુચ્ય ( દુષ્ટ કાયપ્રચારની સાથે રાગયુક્ત અસભ્ય ભાષણ અને હાસ્ય કરવું ), મુખરતા ( અસંબદ્ધ-હદ વિનાનું બોલવું ), અસ

ભીક્ષ્યાધિકરણ (વિના વિચાર્યાં અધિકરણ એકત્ર કરવા) અને ઉ-પભોગાધિકત્વ (ઉપભોગ કરતાં વધારે વસ્તુઓ એકત્ર કરવી), એ પાંચ અનર્થદંડ વિરમણવ્રતના અતિચાર છે.

## ૨૮ योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ।

કાયદુષ્પ્રણિધાન (અજયણાથી પ્રવૃત્તિ), વાગ્દુષ્પ્રણિધાન, મનોદુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન (સામાયિક લેવું વિસાર્યું, અણપુગ્યું પાર્યું, પારવું વિસાર્યું આદિ વિસ્મરણપણું), એ પાંચ સામાયિકવ્રતના અતિચાર છે.

## ૨૯ अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ।

અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ (બરાબર રીતે નહિ જોયેલ અને નહિ પ્રમાર્જેલ ભૂમિમાં લઘુનીતિ વડીનીતિ કરવાં), અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ભૂમિમાં વસ્તુ લેવી મૂકવી, અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિતભૂમિમાં સંથારો કરવો, વ્રતને વિષે અનાદર કરવો અને સ્મૃત્યનુપસ્થાપન (ભૂલી જવું), એ પૌષધોપવાસવ્રતના પાંચ અતિચાર છે.

## ૩૦ सचित्तसंबद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ।

સચિત્ત આહાર, સચિત્ત વસ્તુના સંબંધવાળો આહાર, સચિત્ત વસ્તુથી મિશ્રિત આહાર, તુચ્છાહાર, કાચોપાકો સચિત્ત આહાર, એ પાંચ ઉપભોગપરિભોગ વિરમણ વ્રતના અતિચાર છે.

## ૩૧ सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ।

સચિત્તનિક્ષેપ (પ્રાસુક આહારાદિ સચિત્ત વસ્તુ ઉપર મૂકવાં), સચિત્તપિધાન ( પ્રાસુક આહારાદિને સચિત્ત વસ્તુવડે ઢાંકી દેવાં ), પરવ્યપદેશ કરવો ( ન આપવા માટે પોતાની વસ્તુ પરની છે એમ કહે ), માત્સર્ય ( અભિમાન લાવી દાન દેવું) અને કાલાતિક્રમ (ભોજનકાળ વિત્યાબાદ નિમંત્રણ કરવું),એ પાંચ અતિચાર અતિથિસંવિભાગ વ્રતના છે.

## ३२ जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ।

જીવિતાશંસા (જીવવાની ઇચ્છા), મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ ( નિયાણું બાંધવું), એ પાંચ સંલેખનાના અતિચાર જાણવા.

## ३३ अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।

ઉપકારબુદ્ધિએ પોતાની વસ્તુનો ત્યાગ કરવો અર્થાત્ બીજાને આપવી તે દાન કહેવાય છે.

## ३४ विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ।

વિધિ ( કલ્પનીયતા વગેરે ), દ્રવ્ય, દાતાર અને પાત્રની વિશેષતાવડે કરીને તે દાનની વિશેષતા હોય છે, એટલે ફળની તરતમતા હોય છે.

## ॥ अथ अष्टमोऽध्यायः ॥

### १ मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ।

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુઓ છે.

સમ્યગ્ દર્શનથી વિપરીત તે મિથ્યાદર્શન. તે અભિગૃહીત (જાણ્યા છતાં હઠ કદાગ્રહવડે પોતાના મંતવ્યને વળગી રહે તે, ૩૬૩ પાખંડીના મત) અને અનભિગૃહીત-એમ બે પ્રકારે મિથ્યાત્વ છે. વિરતિથી વિપરીત તે અવિરતિ. યાદદાસ્તનું અનવસ્થાન, અથવા મોક્ષના અનુષ્ઠાનમાં અનાદર અને મન વચન કાયાના યોગનું દુષ્પ્રણિધાન તે પ્રમાદ. એ મિથ્યાદર્શનાદિ બંધ હેતુઓમાંના પ્રથમના છતે પાછળના નિશ્ચે હોય અને ઉત્તરોત્તર પાછળના છતે પ્રથમનાની ભજના (અનિયમ) જાણવી.

### २ सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते ।

કષાયવાળો હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરેછે.

### ३ स बन्धः ।

જીવવડે પુદ્ગલોનું જે ગ્રહણ તે બંધ છે.

### ४ प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ।

પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એ ચાર ભેદ તે બંધના છે.

५ आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ।

પહેલો પ્રકૃતિબંધ—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ક, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ પ્રકારે છે.

६ पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ।

તે આઠ પ્રકારના પ્રકૃતિબંધના એકેકના અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, બ્હેંતાલીશ, બે અને પાંચ ભેદો હોય છે.

७ मत्यादीनाम् ।

મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન હોવાથી તેના આવરણ પણ મતિજ્ઞાનાવરણીય વગેરે પાંચ ભેદ છે.

८ चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च ।

ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, *નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિવેદનીય એ નવ દર્શનાવરણના ભેદો છે.

* જેના ઉદયથી નિદ્રાવસ્થામાંથી સુખે કરીને પ્રતિબોધ (જાગવું) થાય તે **નિદ્રા**, જેના ઉદયથી નિદ્રાવસ્થામાંથી દુઃખે કરીને જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય તે **નિદ્રાનિદ્રા**, જેના ઉદયથી ઉભા અને બેઠા થકા નિદ્રા આવે

९ सदसद्वेद्ये ।

વેદનીયકર્મ—સાતા અને અસાતા વેદનીય એમ બે પ્રકારે છે.

१० दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्या-स्त्रिद्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानिकषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसंज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः* ।

મોહનીયના—૧ દર્શનમોહનીય તથા ૨ ચારિત્રમોહનીય એ બે ભેદ છે. તે દર્શનમોહનીયના—૧ સમ્યક્ત્વમોહનીય, ૨ મિથ્યાત્વ મોહનીય અને ૩ મિશ્રમોહનીય એવા ત્રણ ભેદ છે. ચારિત્રમોહનીયના—૧ કષાયવેદનીય અને ૨ નોકષાયવેદનીય એવા બે ભેદ

---

તે **પ્રચલા**, જેના ઉદયથી ચાલતાં ચાલતાં પણ નિદ્રા આવે તે **પ્રચલાપ્રચલા** અને જેના ઉદયથી દિવસે ચિંતવેલું કાર્ય રાત્રીએ નિદ્રાવસ્થામાં જાગૃતિની પેઠે કરે તે **સત્યાનગૃદ્ધિ** (થીણદ્ધિ); આ નિદ્રા વખતે વજ્રઋષભનારાચ સંઘયણવાળાને વાસુદેવના બળ કરતાં અર્ધ બળ હોય છે. આ જીવ નરકગામી જાણવો. બીજા સંઘયણવાળાને આ નિદ્રામાં પોતાના સહજ બળથી બમણું ત્રમણું બળ હોય છે.

* આ આઠમા તથા દશમા સૂત્રની વિશેષ સમજ પહેલા કર્મગ્રંથથી જાણી લેવી.

છે. તે કષાયવેદનીયના—૧ અનંતાનુબંધી, ૨ અપ્રત્યાખ્યાની, ૩ પ્રત્યાખ્યાની અને ૪ સંજ્વલન એ ચાર ભેદ છે. વળી તે ચારના એકેકના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર ચાર ભેદ થવાથી ૧૬ ભેદ થાય છે અને નોકષાયવેદનીય—૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ શોક, ૫ ભય, ૬ દુગંછા, ૭ સ્ત્રીવેદ, ૮ પુરૂષવેદ અને ૯ નપુંસકવેદ એમ નવ ભેદ છે.

११ नारकतैर्यग्योनमानुषदैवानि ।

નારકસંબંધી, તિર્યંચસંબંધી, મનુષ્યસંબંધી અને દેવતાસંબંધી એમ ચાર પ્રકારે આયુષ્યકર્મ છે.

१२ गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ।

૧ ગતિ, ૨ જાતિ, ૩ શરીર, ૪ અંગોપાંગ, ૫ નિર્માણ, ૬ બંધન, ૭ સંઘાત, ૮ સંસ્થાન, ૯ સંહનન (સંઘયણ), ૧૦ સ્પર્શ, ૧૧ રસ, ૧૨ ગંધ, ૧૩ વર્ણ, ૧૪ આનુપૂર્વી, ૧૫ અગુરૂલઘુ, ૧૬ ઉપઘાત, ૧૭ પરાઘાત, ૧૮ આતપ, ૧૯ ઉદ્યોત, ૨૦ ઉચ્છ્વાસ, ૨૧ વિહાયોગતિ, ૨૨ પ્રત્યેકશરીર, ૨૩ ત્રસ, ૨૪ સૌભાગ્ય, ૨૫ સુસ્વર, ૨૬ શુભ, ૨૭ સૂક્ષ્મ, ૨૮ પર્યાપ્ત, ૨૯ સ્થિર, ૩૦ આદેય, ૩૧ યશ, પ્રતિપક્ષી સાથે એટલે ૩૨ સાધારણ, ૩૩ સ્થાવર, ૩૪ દુર્ભગ, ૩૫ દુઃસ્વર, ૩૬ અશુભ, ૩૭ બાદર, ૩૮ અપર્યાપ્ત, ૩૯

અસ્થિર, ૪૦ અનાદેય, ૪૧ અયશ અને ૪૨ તીર્થંકરત્વ એ ૪૨ ભેદ નામકર્મના જાણવા.

१३ उच्चैर्नीचैश्च ।

ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એવા બે ભેદ ગોત્રકર્મના છે.

१४ दानादीनाम् ।

દાનાદિના વિઘ્નકર્તા તે અંતરાય છે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાન્તરાય, ૪ ઉપભોગાન્તરાય અને ૫ વીર્યાન્તરાય એમ તેના પાંચ ભેદ થાય છે.

१५ आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ।

પ્રથમના ત્રણ કર્મ એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે.

१६ सप्ततिर्मोहनीयस्य ।

મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની પરા (ઉત્કૃષ્ટ) સ્થિતિ છે.

१७ नामगोत्रयोर्विंशतिः ।

નામકર્મ અને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

१८ त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ।

આયુષ્કકર્મની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

## १९ अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ।

વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ *બાર મુહૂર્તની છે.

## २० नामगोत्रयोरष्टौ ।

નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની છે.

## २१ शेषाणामन्तर्मुहूर्तम् ।

બીજાં કર્મની એટલે—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ક અને અંતરાયકર્મની અંતર્મુહૂર્ત જઘન્ય સ્થિતિ જાણવી.

## २२ विपाकोऽनुभावः ।

કર્મના વિપાકને અનુભાવ ( રસપણે ભોગવવું ) કહે છે.

સર્વ પ્રકૃતિઓનું ફળ એટલે વિપાકોદય તે અનુભાવ છે. વિવિધ પ્રકારે ભોગવવું તે વિપાક. તે વિપાક તથાપ્રકારે તેમજ અન્ય પ્રકારે પણ થાય છે. કર્મવિપાકને ભોગવતો જીવ મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી સર્વ ઉત્તર પ્રકૃતિને વિષે કર્મ નિમિત્તક અનાભોગ વીર્યપૂર્વક કર્મનું સંક્રમણ કરે છે. બંધવિપાકના નિમિત્તવડે અન્ય જાતિ હોવાથી મૂળ પ્રકૃતિઓને વિષે સંક્રમણ થતું નથી. ઉત્તર પ્રકૃતિઓને વિષે પણ દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, સમ્યકત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને આયુષ્ય નામકર્મનું જાત્યંતર અનુબંધ, વિપાક અને નિમિત્તવડે અન્ય જાતિ હોવાથી સંક્રમણ થતું નથી. અપવર્તન તો સર્વ પ્રકૃતિનું હોય છે.

## २३ स यथानाम ।

તે અનુભાવ ગતિ જાતિ આદિના નામ પ્રમાણે ભોગવાય છે.

## २४ ततश्च निर्जरा ।

---

*કોઇક આચાર્ય એક મુહૂર્તની કહે છે.

વિપાકથી નિર્જરા થાય છે.

અહીં સૂત્રમાં "ચ" શબ્દ મૂકયો છે તે બીજા હેતુની અપેક્ષા સૂચવે છે એટલે અનુભાવથી અને અન્ય પ્રકારે ( તપવડે ) નિર્જરા થાય છે.

## ૨૫ नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ।

નામકર્મને લીધે સર્વ આત્મપ્રદેશે કરીને મન આદિના વ્યાપારથી સૂક્ષ્મ, તેજ આકાશપ્રદેશને અવગાહીને રહેલા, સ્થિર રહેલા, અનંતાનંત પ્રદેશવાળા કર્મપુદ્ગલો સર્વ બાજુએથી બંધાય છે.

નામપ્રત્યયિક—નામકર્મને લીધે પુદ્ગલો બંધાય છે. કઈ દિશાએથી બંધાય? ઊર્ધ્વ, અધો અને તિર્યક્ સર્વ દિશાથી આવેલા પુદ્ગલો બંધાય. શાથી બંધાય? મન વચન કાયાના વ્યાપારવિશેષે કરી બંધાય. કેવા? સૂક્ષ્મ બંધાય, બાદર ન બંધાય. વળી એક ક્ષેત્રમાં અવગાહી સ્થિર રહેલા હોય તે બંધાય. આત્માના કયા પ્રદેશે બંધાય? આત્માના સર્વ પ્રદેશોમાં સર્વ કર્મ પ્રકૃતિના પુદ્ગલો બંધાય. કેવા પુદ્ગલો બંધાય? અનન્તાનન્ત પ્રદેશાત્મક કર્મના પુદ્ગલો હોય તેજ બંધાય; સંખ્યાત, અસંખ્યાત કે અનંતપ્રદેશી પુદ્ગલો બંધાય નહિ.

## ૨૬ सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ।

સાતાવેદનીય, સમ્યકત્વ, હાસ્ય, રતિ, પુરૂષવેદ, શુભ આયુષ્યો ( દેવ, મનુષ્ય ), શુભ નામકર્મની પ્રકૃતિઓ અને શુભ ગોત્ર અર્થાત્ ઉચ્ચગોત્ર તે પુણ્ય છે તેનાથી વિપરીત કર્મ તે પાપ છે.

# ॥ अथ नवमोऽध्यायः ॥

१ आस्रवनिरोधः संवरः ।

આશ્રવનો નિરોધ કરવો તે સંવર જાણવો.

२ स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ।

તે સંવર ગુપ્તિ, સમિતિ, યતિધર્મ, અનુપ્રેક્ષા (ભાવના), પરીષહજય તથા ચારિત્ર વડે કરીને થાય છે.

३ तपसा निर्जरा च ।

તપ વડે નિર્જરા તથા સંવર થાય છે.

४ सम्यग्योगनिग्रहो गुप्तिः ।

સમ્યગ્ પ્રકારે મન, વચન અને કાયાના યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ કહેવાય છે.

સમ્યગ્ એટલે ભેદપૂર્વક સમજીને સમ્યગ્ દર્શન પૂર્વક :આ-દરવું. શયન, આસન, આદાન (ગ્રહણ કરવું), નિક્ષેપ (મૂકવું) અને સ્થાન ચંક્રમણ ( એક સ્થાનથી બીજે સ્થાને જવું) ને વિષે કાયચેષ્ટાનો [1]નિયમ તે કાયગુપ્તિ. યાચન (માગવું), પ્રશ્ન અને પૂછેલાનો ઉત્તર દેવો, એને વિષે વચનનો નિયમ (જરૂર પુરતું બો-લવું અથવા મૌન ધારણ કરવું ) તે વચન ગુપ્તિ. સાવદ્ય સંકલ્પનો નિરોધ તથા કુશલ ( [2]શુભ ) સંકલ્પ કરવો અથવા શુભાશુભ સંકલ્પનો સર્વથા નિરોધ તે મનોગુપ્તિ.

---

૧ આ પ્રકારે કરવું અને આ પ્રકારે ન કરવું એવી કાયવ્યાપારની વ્યવસ્થા.

૨ મોક્ષમાર્ગને અનુકૂળ.

## ૫ ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ।

ઇર્યાસમિતિ ( જોઇને ચાલવું ), ભાષાસમિતિ ( હિતકારક[૧] બોલવું ), એષણા ( શુદ્ધ આહાર આદિની ગવેષણા ) સમિતિ, આદાન નિક્ષેપ ( પુંજી પ્રમાર્જીને લેવું મેલવું ) સમિતિ અને ઉત્સર્ગ સમિતિ ( પારિષ્ઠાપનિકાસમિતિ ), એ પાંચ સમિતિ છે.

## ૬ उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः ।

૧ ક્ષમા, ૨ નમ્રતા, ૩ સરળતા, ૪ શૌચ, ૫ સત્ય, ૬ સંયમ, ૭ તપ, ૮ નિર્લોભતા, ૯ નિષ્પરિગ્રહતા અને ૧૦ બ્રહ્મચર્ય એ દશ પ્રકારે યતિધર્મ ઉત્તમ છે.

યોગનો નિગ્રહ તે સંયમ સત્તર પ્રકારે છે–૧ પૃથ્વીકાય સંયમ, ૨ અપ્કાય સંયમ, ૩ તેઉકાય સંયમ, ૩ વાઉકાય સંયમ, ૫ વનસ્પતિકાય સંયમ, ૬ બેઇંદ્રિય સંયમ, ૭ તેઇંદ્રિય સંયમ, ૮ ચોરિંદ્રિય સંયમ, ૯ પંચેંદ્રિય સંયમ, ૧૦ પ્રેક્ષ્ય (જોવું) સંયમ, ૧૧ ઉપેક્ષ્ય સંયમ, ૧૨ અપહૃત્ય ( પરઠવવું ) સંયમ, ૧૩ પ્રમૃજ્ય ( પુંજવું ) સંયમ, ૧૪ કાય સંયમ, ૧૫ વચન સંયમ, ૧૬ મન સંયમ, અને ૧૭ ઉપકરણ સંયમ. વ્રતની પરિપાલના, જ્ઞાનની અભિવૃદ્ધિ અને કષાયની ઉપશાંતિને અર્થે ગુરૂકુળવાસ તે બ્રહ્મચર્ય અર્થાત્ ગુરૂની આજ્ઞાને આધિન રહેવું તે બ્રચહ્મર્ય. મૈથુનત્યાગ, મહાવ્રતની ભાવના અને ઇચ્છિત સ્પર્શ, રસ, રૂપ, ગંધ, શબ્દ તથા વિભૂષાને વિષે અપ્રસન્નતા એ બ્રહ્મચર્યના વિશેષ ગુણો છે.

---

૧ હિતકારક, પરિમિત, અસંદિગ્ધ, નિર્વદ્ય અને ચોકસ અર્થવાળું ભાષણ.

७ अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवर-निर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ।

૧ અનિત્ય, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિત્વ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોક સ્વરૂપ, ૧૧ બોધિ દુર્લભ અને ૧૨ ધર્મને વિષે વર્ણવેલ તત્ત્વોનું અનુચિંતન ( મનન-નિદિધ્યાસન ) તે બાર પ્રકારની અનુપ્રેક્ષા છે.

અનિત્યભાવના-આ સંસારમાં શરીર, ધન, ધાન્ય, કુટુંબ આદિ સર્વ વસ્તુઓ અનિત્ય ( ક્ષણભંગુર ) છે એવું ચિંતવવું તે.

અશરણ ભાવના-માણસોએ કરીને રહિત એવા અરણ્યમાં ક્ષુધા પામેલ બળવાન સિંહના હાથમાં પકડાયેલ મૃગલાને કોઈનું શરણ હોતું નથી તેવીજ રીતે જન્મ, મરણ આદિ વ્યાધિએ ગ્રસ્ત જીવને આ સંસારમાં ધર્મ શિવાય બીજા કોઈનું શરણ નથી એવું ચિંતવવું તે.

સંસાર ભાવના-આ અનાદિ અનંત સંસારમાં સ્વજન અને પરજનની કોઈપણ પ્રકારની વ્યવસ્થા નથી. માતા મરીને સ્ત્રી થાય, સ્ત્રી મરીને માતા થાય; પિતા મરીને પુત્ર થાય, પુત્ર મરીને પિતા થાય; એમ સંસારની વિચિત્રતા ભાવવી તે.

એકત્વ ભાવના-જીવ એકલોજ ઉત્પન્ન થાય છે અને એકલોજ મૃત્યુ પામે છે; એકલોજ કર્મ બાંધે છે અને એકલોજ કર્મ ભોગવે છે. ઈત્યાદિ ચિન્તવવું તે.

અન્યત્વ ભાવના-હું શરીર થકી ભિન્ન છું; શરીર અનિત્ય છે, હું નિત્ય છું; શરીર જડ છે, હું ચેતન છું; એ પ્રકારે ચિંતવવું તે

અશુચિ ભાવના—નિશ્ચયે કરીને આ શરીર અપવિત્ર છે. કારણ કે આ શરીરનું આદિ કારણ શુક્ર અને લોહી છે, તે ઘણા અપવિત્ર છે. પછીનું કારણ આહારાદિકનો પરિણામ તે પણ અત્યંત અપવિત્ર છે. નગરની ખાળ પેઠે પુરૂષના નવ દ્વારમાંથી અને સ્ત્રીના બાર દ્વારમાંથી નિરંતર અશુચિ વહ્યા કરે છે, એવું ચિંતવવું તે.

આશ્રવ ભાવના—મિથ્યાત્વાદિકે કરીને કર્મનું આવવું થાય છે તેથી આત્મા મલિન થાય છે. દયા, દાનાદિકે શુભકર્મ બંધાય છે, વિષય કષાયાદિકે અશુભ કર્મ બંધાય છે, એવું ચિંતવવું તે.

સંવર ભાવના—સમિતિ, ગુપ્તિ આદિ પાળવાથી આશ્રવનો રોધ થાય છે, એવું ચિંતવવું તે.

નિર્જરા ભાવના—બાર પ્રકારના તપવડે કર્મનો ક્ષય થાય છે એવું ચિંતવવું તે.

લોકસ્વભાવ ભાવના—કેડ ઉપર હાથ મૂકી પગ પહોળા કરી ઉભા રહેલ પુરૂષના આકારે ધર્માસ્તિકાયાદિ ષડ્ દ્રવ્યાત્મક ચૌદ રાજલોક ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્વભાવવાળો છે; ઈત્યાદિ સ્વરૂપ વિચારવું તે.

બોધિદુર્લભ ભાવના—આ અનાદિ સંસારને વિષે નરકાદિક ગતિમાં ભ્રમણ કરતાં અકામ નિર્જરાવડે પુણ્યના ઉદયથી મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી કાયા, ધર્મ શ્રવણની સામગ્રી ઇત્યાદિ પામી શકાય છે. પરંતુ અનંતાનુબંધી કષાય મોહનીયના ઉદયથી અભિભૂત જીવને સમ્યગ્ દર્શન પામવું અતિ દુર્લભ છે એવું ચિન્તવવું તે.

ધર્મ ભાવના—દુસ્તર સંસાર સમુદ્રમાંથી તરવાને વહાણ સમાન શ્રી વીતરાગ પ્રણીત શુદ્ધ ધર્મ પામવો અતિ દુર્લભ છે તથા ધર્મના સાધક અરિહંતાદિકનો પણ યોગ પામવો અતિ દુર્લભ છે, એવું ચિન્તવવું તે.

८ मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ।

સમ્યગ્ દર્શનાદિ મોક્ષમાર્ગમાં સ્થિત રહેવા માટે અને *નિર્જરાને અર્થે પરીસહો સહન કરવા યોગ્ય છે.

९ क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानदर्शनानि ।

૧ ક્ષુધા ( ભુખ ) પરિસહ, ૨ પિપાસા ( તૃષા ) પરિસહ, ૩ શીત ( ટાઢ ) પરિસહ, ૪ ઉષ્ણ ( ગરમી ) પરિસહ, ૫ દંશ મશક ( ડાંસ મચ્છર ) પરિસહ, ૬ નાગ્ન્ય (જુના મેલાં લુગડાં ) પરિસહ, ૭ અરતિ ( સંયમમાં ઉદ્વેગ ન થાય ) પરિસહ, ૮ સ્ત્રી પરિસહ, ૯ ચર્યા ( વિહાર ) પરિસહ, ૧૦ નિષદ્યા ( સ્વાધ્યાય માટે સ્થિરતા) પરિસહ, ૧૧ શય્યા પરિસહ, ૧૨ આક્રોશ પરિસહ, ૧૩ વધ પરિસહ, ૧૪ યાચના પરિસહ, ૧૫ અલાભ પરિસહ, ૧૬ રોગ પરિસહ, ૧૭ તૃણસ્પર્શ પરિસહ, ૧૮ મલ પરિસહ, ૧૯ સત્કાર પરિસહ, ૨૦ પ્રજ્ઞા પરિસહ, ૨૧ અજ્ઞાન પરિસહ અને ૨૨ સમ્યકત્વ પરિસહ, એ બાવીશ પ્રકારે પરિસહ જાણવા.

१० सूक्ष्मसंपरायछद्मस्थवीतरागयोश्चतुर्दश ।

સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળાને અને છદ્મસ્થવીતરાગ ચારિત્રવાળાને ચૌદ પરિસહ હોય છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ-

* દર્શન અને પ્રજ્ઞા એ બે માર્ગમાં સ્થિત રહેવાના અને બાકીના ૨૦ નિર્જરાને અર્થે જાણવા.—સમયસાર પ્રકરણે.

મશક, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એ ૧૪ હોય છે.

## ११ एकादश जिने ।

તેરમે ગુણઠાણે અગ્યાર પરિસહ હોય છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એ અગ્યાર.

## १२ बादरसंपराये सर्व्वे ।

બાદર સંપરાય ચારિત્રે (નવમા ગુણઠાણા સુધી) સર્વ એટલે બાવીશ પરિસહ હોય છે.

## १३ ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ।

જ્ઞાનાવરણના ઉદયે પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરીસહો હોય છે.

## १४ दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ।

દર્શન મોહાવરણ અને અંતરાય કર્મના ઉદયે અદર્શન (મિથ્યાત્વ) અને અલાભ પરીસહ અનુક્રમે હોય છે.

## १५ चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्काराः ।

ચારિત્રમોહના ઉદયે નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર એ સાત પરીસહ હોય છે.

## १६ वेदनीये शेषाः ।

વેદનીયના ઉદયે બાકીના અગ્યાર પરીસહ હોય છે. જિનને જે અગ્યાર હોય તે અહીં જાણવા. એટલે જ્ઞાનાવરણ,

દર્શનમોહ, અન્તરાય અને ચારિત્રમોહના ઉદયે જે ૧૧ પરીસહો હોય છે તે શિવાયના ૧૧ વેદનીયના ઉદયે હોય છે.

## १७ एकादयो भाज्या युगपदेकोनविंशतेः ।

એ બાવીશ પરીસહમાંથી એકથી માંડીને ૧૯ પરીસહ સુધી એક સાથે એક પુરૂષને હોઈ શકે છે. કેમકે શીત અને ઉષ્ણમાંથી એક હોય અને ચર્યા, નિષદ્યા તથા શય્યા એ ત્રણમાંથી એક સંભવે કેમકે એક બીજાથી વિરોધી છે માટે એક સાથે ૧૯ હોય.

## १८ सामायिकछेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसंपराययथाख्यातानि चारित्रम् ।

૧ સામાયિક સંયમ, ૨ છેદોપસ્થાપ્ય સંયમ, ૩ પરિહાર વિશુદ્ધિ સંયમ, ૪ સૂક્ષ્મ સંપરાય સંયમ અને ૫ યથાખ્યાત સંયમ, એ પાંચ ચારિત્રના ભેદ છે.*

---

*સમ એટલે સરખું છે મોક્ષ સાધન પ્રત્યે સામર્થ્ય જેનું એવા જ્ઞાન દર્શન ચારિત્રનો આય એટલે લાભ છે જેમાં તે અથવા સમ એટલે મધ્યસ્થભાવ ( રાગ દ્વેષ રહિતપણું ) તેનો લાભ જેમાં થાય છે તે **સામાયિક ચારિત્ર.**

પૂર્વના સદોષ કે નિર્દોષ પર્યાયને છેદીને ગણાધિપે ફરીથી આપેલું પંચ મહાવ્રતરૂપ ચારિત્ર તે **છેદોપસ્થાપ્ય ચારિત્ર.**

પરિહાર નામના તપ વિશેષે શુદ્ધિ જેમાં છે તે **પરિહાર વિશુદ્ધિ ચારિત્ર,** તે આ પ્રમાણે—નવ સાધુનો ગચ્છ નિકળે તેમાંથી ચાર જણ તપસ્યા કરે, ચાર જણ વૈયાવચ્ચ કરે અને એકને આચાર્ય સ્થાપે; એ પ્રમાણે ૭ માસ સુધી તપસ્યા કરે પછી વૈયાવચ્ચ કરનારા તપસ્યા કરે

१९ अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः ।

અનશન ( આહારનો ત્યાગ ), અવમૌદર્ય ( ઉણોદરી—બે ચાર કવળ ઉણા રહેવું ), વૃત્તિપરિસંખ્યાન ( આજીવિકાનો નિયમ, ભોજ્ય ઉપભોગ્ય પદાર્થની ગણતરી રાખવી ), રસપરિત્યાગ ( છ વિગયનો ત્યાગ—લોલુપતાનો ત્યાગ ), વિવિક્ત શય્યાસનતા ( અન્ય સંસર્ગ વિનાના શય્યા અને આસન ) અને કાયકલેશ ( લોચ, આતાપના આદિ કષ્ટ ), એ છ પ્રકારના બાહ્યતપ જાણવા.

२० प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ।

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ ( કાયો-

---

અને તપસ્યા કરનારા વૈયાવચ્ચ કરે તે પણ પૂર્વોક્ત રીતે છ માસ સુધી કરે. પછી આચાર્ય છ માસ સુધી તપસ્યા કરે, સાત જણ વૈયાવચ્ચ કરે અને એકને આચાર્ય સ્થાપે. એ પ્રકારે અઢાર માસ સુધી તપ કરે.

જ્યાં સૂક્ષ્મ કષાયનો ઉદય હોય તે **સૂક્ષ્મ સંપરાય ચારિત્ર**, આ ચારિત્ર દશમે ગુણસ્થાને વર્તતા જીવોને હોય.

જ્યાં સર્વથા કષાયનો અભાવ હોય તે **યથાખ્યાત ચારિત્ર**. તેના બે પ્રકાર છે.—છાદ્મસ્થિક અને કૈવલિક. છાદ્મસ્થિકના બે પ્રકાર—ક્ષાયિક અને ઔપશમિક; ક્ષાયિક બારમે ગુણઠાણે અને ઔપશમિક ૧૧ મે ગુણઠાણે હોય. કૈવલિક બે પ્રકારે—સયોગી અને અયોગી; સયોગી તેરમે અને અયોગી ચૌદમે ગુણઠાણે હોય.

આ પાંચ માંહેનાં પ્રથમનાં બે ચારિત્ર હાલ વિદ્યમાન છે. છેલ્લા ત્રણ વિચ્છેદ થયાં છે.

त्सर्ग ) अने ध्यान ( धर्म ध्यान अने शुकलध्यान ), ए अभ्यंतर तपना छ भेद छे.

२१ नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् ।

એ અભ્યંતર તપના અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદ ધ્યાનની અગાઉના ( પ્રાયશ્ચિત્તાદિ ) ના છે.

२२ आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ।

આલોચણ ( ગુરૂ આગળ પ્રકાશવું ), પડિક્કમણ ( મિચ્છામિદુક્કડં ), તે બંને, વિવેક ( ત્યાગ પરિણામ ), કાયોત્સર્ગ, તપ, ચારિત્ર–પર્યાયછેદ, પરિહાર ( ત્યાગ–ગચ્છ બહાર ) અને ઉપસ્થાપન ( ફરી ચારિત્ર આપવું ), એ નવ ભેદ ( પ્રાયશ્ચિત્તના ) છે.

२३ ज्ञानदर्शनचारित्रोपचाराः ।

જ્ઞાન, દર્શન, ચારિત્રનો વિનય અને ઉપચાર ( જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પોતાના કરતાં અધિક ગુણવાળાનો ઉચિત વિનય કરવો ), એમ વિનય ચાર પ્રકારે છે.

२४ आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञानाम् ।

૧ આચાર્ય, ૨ ઉપાધ્યાય, ૩ તપસ્વિ, ૪ નવીન દીક્ષિત, ૫ ગ્લાન ( રોગી ), ૬ ગણ ( સ્થવિરની સંતતિ–જુદા જુદા આચાર્યના શિષ્યો છતાં એક આચાર્ય પાસે વાચના લેતા હોય તેવો સમુદાય ), ૭ કુલ ( એક આચાર્યની સંતતિ ), ૮ સંઘ, ૯ સાધુ

અને ૧૦ મનોહર ચારિત્રને પાલન કરનાર મુનિ, એ દશનો વૈયાવચ્ચ અન્ન પાન આસન શયન ઇત્યાદિ આપવા વડે કરીને કરવો.

## २५ वाचनाप्रछनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ।

૧ વાચના ( પાઠ લેવો ), ૨ પ્રચ્છના (પૂછવું ), ૩ અનુપ્રેક્ષા ( મૂળ તથા અર્થનો મનથી અભ્યાસ કરવો ), ૪ આમ્નાય ( પરાવર્ત્તના–ભણેલું સંભારી જવું ) અને ૫ ધર્મોપદેશ કરવો એ પાંચ પ્રકારે સ્વાધ્યાય જાણવો.

## २६ बाह्याभ्यन्तरोपध्योः ।

વ્યુત્સર્ગ બે પ્રકારે છે—બાહ્ય અને અભ્યંતર. બાહ્ય વ્યુત્સર્ગ બાર પ્રકારની ઉપધીનો જાણવો અને અભ્યંતર વ્યુત્સર્ગ શરીર અને કષાયનો જાણવો.

## २७ उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ।

ઉત્તમ સંહનન ( વજ્રર્ષભનારાચ, વજ્રનારાચ, નારાચ અને અર્ધનારાચ એ ચાર સંઘયણ ) વાળા જીવોને એકાગ્રપણે ચિંતાનો રોધ તે ધ્યાન જાણવું.

## २८ आमुहूर्तात् ।

તે ધ્યાન એક મુહૂર્ત પર્યંત રહે છે.

## २९ आर्त्तरौद्रधर्म्मशुक्लानि ।

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એમ ધ્યાન ચાર પ્રકારે છે.

## ३० परे मोक्षहेतू ।

પાછલાં બે ધ્યાન મોક્ષના હેતુ છે.

३१ आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ।

અનિષ્ટ વસ્તુઓનો યોગ થયે છતે તે અનિષ્ટ વસ્તુનો વિયોગ કરવા માટે સ્મૃતિ સમન્વાહાર ( ચિંતા કરવી ) કરવો તે આર્ત-ધ્યાન જાણવું.

३२ वेदनायाश्च ।

વેદના પ્રાપ્ત થયે છતે તે દૂર કરવા ચિંતા કરવી તે આર્તધ્યાન છે.

३३ विपरीतं मनोज्ञानाम् ।

મનોજ્ઞ વેદનાનું વિપરીત ધ્યાન સમજવું અર્થાત્ મનોજ્ઞ વિષયનો વિયોગ થયે છતે તેની પ્રાપ્તિને અર્થે ચિંતા કરવી તે આર્તધ્યાન જાણવું.

३४ निदानं च ।

કામ વડે કરી ઉપહત છે ચિત્ત જેનું એવા જીવો પુનર્જન્મમાં તેવા વિષયો મેળવવા માટે 'જે નિયાણુ કરે તે' આર્તધ્યાન છે.

३५ तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ।

તે આર્તધ્યાન અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત સંયતોને હોય છે. ( માર્ગપ્રાપ્તિ પછીની અપેક્ષાએ આ વાત સમજવી. )

३६ हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ।

હિંસા, અનૃત ( અસત્ય), ચોરીને અર્થે અને વિષય (પદાર્થ)

-ની રક્ષાને અર્થે સંકલ્પ વિકલ્પ કરવા તે રૌદ્રધ્યાન જાણવું. તે અવિરતિ અને દેશવિરતિને હોય છે.

## ३७ आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्ममप्रमत्तसंयतस्य ।

૧ આજ્ઞાવિચય ( જીનાજ્ઞાનો વિવેક), અપાય વિચય (સન્માર્ગથી પડવાવડે થતી પીડાનો વિવેક), ૩ વિપાક વિચય (કર્મફળના અનુભવનો વિવેક ) અને સંસ્થાન વિચય ( લોકની આકૃતિનો વિવેક )ને અર્થે જે વિચારણા તે ધર્મધ્યાન કહેવાય છે; તે અપ્રમત્ત સંયતને હોય છે.

## ३८ उपशान्तक्षीणकषाययोश्च ।

ઉપશાંતકષાય અને ક્ષીણકષાય ગુણઠાણાવાળાને ધર્મધ્યાન હોય છે.

## ३९ शुक्ले चाद्ये ।

શુકલધ્યાનના બે પહેલા ભેદ ઉપશાંતકષાયી અને ક્ષીણકષાયીને હોય છે.

## ४० परे केवलिनः ।

શુકલધ્યાનના પાછલા બે ભેદ કેવળિનેજ હોય છે.

## ४१ पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाऽप्रतिपातिव्युपरतक्रियानिवृत्तीनि ।

૧ પૃથકત્વ વિતર્ક, ૨ એકત્વ વિતર્ક, ૩ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને ૪ વ્યુપરતક્રિયા નિવૃત્તી; એમ ચાર પ્રકારે શુકલધ્યાન જાણવું.

४२ तत्त्र्येककाययोगायोगानाम् ।

તે શુકલધ્યાન ત્રણ યોગવાળાને, ત્રણમાંથી એક યોગવાળાને, કાય યોગવાળાને અને અયોગીને અનુક્રમે હોય છે. અર્થાત્ ત્રણ યોગ વાળાને પૃથકત્વ વિતર્ક, ત્રણમાંથી એક યોગ વાળાને એકત્વ વિતર્ક, કેવલ કાયયોગવાળાને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને અયોગીને વ્યુપરતક્રિયા નિવૃત્તિ નામનું ધ્યાન હોય છે.

४३ एकाश्रये सवितर्के पूर्वे ।

પૂર્વના બે શુકલધ્યાન એક દ્રવ્યાશ્રયી વિતર્ક સહિત હોય છે. ( પ્રથમ પૃથકૃત્વવિતર્ક વિચાર સહિત છે. )

४४ अविचारं द्वितीयम् ।

વિચાર રહિત અને વિતર્ક સહિત બીજું શુકલધ્યાન હોય છે.

४५ वितर्कः श्रुतम् ।

યથાયોગ્ય શ્રુતજ્ઞાન તે વિતર્ક જાણવો.

४६ विचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्तिः ।

અર્થ, વ્યંજન અને યોગનું જે સંક્રમણ તે વિચાર.

આ અભ્યંતર તપ સંવર હોવાથી નવીન કર્મ સંચયને નિષેધક છે, નિર્જરારૂપ ફળ આપનાર હોવાથી કર્મની નિર્જરા કરવાવાળો છે. અને નવીન કર્મને પ્રતિષેધક તથા પૂર્વોપાર્જિત કર્મને નાશક હોવાથી મોક્ષમાર્ગને પ્રાપ્ત કરાવનાર છે.

४७ सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः

क्रमशोऽसंख्येयगुणनिर्जराः ।

સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક, વિરત ( સાધુ ), અનન્તાનુબંધિનો નાશ કરનાર, દર્શનમોહક્ષપક, મોહને શમાવતો, ઉપશાંતમોહ, મોહને ક્ષીણ કરતો, ક્ષીણમોહ અને કેવળિમહારાજ એ ઉત્તરોત્તર એક એકથી અસંખ્ય ગુણ અધિક નિર્જરા કરવાવાળા છે

४८ पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ।

પુલાક ( જિનકથિત આગમથી પતિત નહિ થાય તે ), બકુશ ( શીથીલાચારી પણ નિર્ગ્રંથ શાસન ઉપર પ્રીતિ રાખનાર ), કુશીલ ( સંયમ પાળવામાં પ્રવૃત્ત પણ પોતાની ઇંદ્રિયો સ્વાધીન નહિ રહેવાથી ઉત્તર ગુણોને પાળી શકે નહિ અને કારણ મળયે જેને કષાય ઉત્પન્ન થાય તે ), નિર્ગ્રંથ ( વિચરતા વીતરાગ છદ્મસ્થ), સ્નાતક ( સયોગી કેવળી, શૈલેશી પ્રતિપન્ન કેવળી ), એ પાંચ પ્રકારના નિર્ગ્રંથ હોય છે.

४९ संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थान-विकल्पतः साध्याः ।

એ પાંચ નિર્ગ્રંથો સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, વેષ, લેશ્યા, ઉપપાત અને સ્થાન, એ વિકલ્પ વડે કરીને સાધ્ય છે. અર્થાત્ સંયમ, શ્રુત આદિ બાબતોમાં કેટલા પ્રકારના નિર્ગ્રંથો લાભે તે ઘટાવવું.

તે આ પ્રમાણે-સામાયિક અને છેદોપસ્થાપ્ય ચારિત્રે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણ પ્રકારના સાધુ હોય. પરિહાર વિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્રે કષાય કુશીલ હોય. યથાખ્યાત ચારિત્રે નિર્ગ્રંથ અને સ્નાતક હોય. પુલાક, બકુશ અને

પ્રતિસેવના કુશીલ એ ત્રણ પ્રકારના સાધુઓ ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર હોય. કષાય કુશીલ અને નિર્ગ્રન્થ ચૌદ પૂર્વધર હોય. પુલાક જઘન્યથી આચાર વસ્તુ (નવમા પૂર્વનો અમુક ભાગ) સુધી શ્રુત જાણે. બકુશ, કુશીલ અને નિર્ગ્રંથોને જઘન્યથી આઠ પ્રવચન માતા જેટલું શ્રુત હોય. સ્નાતક–કેવળજ્ઞાની શ્રુતરહિત હોય (શ્રુતજ્ઞાન ક્ષયોપશમ ભાવથી થાય છે, કેવળીને તે ભાવ નથી પણ ક્ષાયિક ભાવ છે માટે શ્રુતજ્ઞાન કેવળીને ન હોય).

પાંચ મૂળ ગુણ (પાંચ મહાવ્રત) અને રાત્રિભોજન વિરમણ એ છ માંહેલા કોઇ પણ વ્રતને પરની પ્રેરણા અને આગ્રહથી દૂષિત કરવાવાળા પુલાક હોય. કેટલાક આચાર્ય કહે છે કે ફક્ત મૈથુન વિરમણને પુલાક દૂષિત કરે છે. બકુશ બે પ્રકારના છે. ઉપકરણમાં મમતા રાખનારા એટલે ઘણા મૂલ્યવાળા ઉપકરણો એકઠા કરીને વિશેષ એકત્ર કરવાની ઇચ્છાવાળા હોય તે ઉપકરણ બકુશ અને શરીર શોભામાં જેનું મન તત્પર છે એવા હમેશા વિભૂષા કરનારા શરીરબકુશ કહેવાય છે. પ્રતિસેવનાકુશીળ હોય તે મૂળ ગુણને પાળે અને ઉત્તર ગુણમાં કાંઇ કાંઈ વિરાધના કરે છે. કષાયકુશીળ, નિર્ગ્રંથ અને સ્નાતક એ ત્રણ નિર્ગ્રંથોને, કોઇ જાતની પ્રતિસેવના (દૂષણ) નથી.

સર્વ તીર્થંકરોના તીર્થમાં પાંચે પ્રકારના સાધુઓ હોય. એક આચાર્ય માને છે કે–પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ એ તીર્થમાં નિત્ય હોય, બાકીના સાધુઓ તીર્થની હયાતીમાં અગર તીર્થ હયાતી ન હોય ત્યારે હોય.

લિંગ બે પ્રકારે છે [1]દ્રવ્ય અને [2]ભાવ; સર્વ સાધુઓ ભાવલિંગે હોયજ, દ્રવ્યલિંગે ભજના જાણવી. (એટલે હોય અથવા

૧ રજોહરણ મુહપત્તિ વગેરે.

૨ જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

ર્ન પણ હોય ) ટુંકા કાળવાળાને હોય અથવા ન હોય અને દીર્ઘકાળવાળાને અવશ્ય હોય.

પુલાકને છેલ્લી ત્રણ લેશ્યા હોય. બકુશ અને પ્રતિસેવના કુશીલને છએ લેશ્યા હોય. પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા કષાયકુશીલને છેલ્લી ત્રણ લેશ્યા હોય. સૂક્ષ્મસંપરાયવાળા કષાયકુશીલને તથા નિર્ગ્રંથ અને સ્નાતકને ફક્ત શુકલ લેશ્યા હોય. અયોગી શૈલેશીપ્રાપ્ત તો અલેશી હોય.

પુલાક ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવપણે સહસ્રાર દેવલોકે ઉપજે. બકુશ અને પ્રતિસેવનાકુશીલ બાવીશ સાગરોપમ સ્થિતિ સુધીના દેવપણે આરણ અચ્યુત દેવલોકમાં ઉપજે. કષાયકુશીલ અને નિર્ગ્રંથ સર્વાર્થસિદ્ધિમાં ઉપજે. સર્વે સાધુઓ જઘન્યથી પલ્યોપમ પૃથકત્વના આયુવાળા સૌધર્મ કલ્પમાં ઉપજે. સ્નાતક નિર્વાણ પદને પામે.

હવે સ્થાન આશ્રયી કહે છે—કષાયનિમિત્તક સંયમસ્થાનો અસંખ્યાતા છે. તેમાં સર્વથી જઘન્ય લબ્ધિસ્થાનકો પુલાક અને કષાયકુશીલને હોય. તે બંને એક સાથે અસંખ્યાતા સ્થાને લાભે. પછી પુલાક વિચ્છેદ પામે અને કષાયકુશીલ અસંખ્યાતા સ્થાને એકલો લાભે. પછી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ કુશીલ એક સાથે અસંખ્યાતા સ્થાને લાભે. પછી બકુશ વિચ્છેદ પામે. પછી અસંખ્યાતા સ્થાને જતાં પ્રતિસેવના કુશીલ વિચ્છેદ પામે. અહીંથી ઉપર અકષાય સ્થાનો છે. ત્યાં નિર્ગ્રન્થજ જાય. તે પણ અસંખ્યાતા સ્થાન જઇને વિચ્છેદ પામે. આથી ઉપર એકજ સ્થાને જઇને નિર્ગ્રંથ સ્નાતક નિર્વાણ પામે. એઓની સંયમલબ્ધિ અનંતાનંત ગુણી હોય છે.

---

૧ મરૂદેવી વગેરેની પેઠે.

## ॥ अथ दशमोऽध्यायः ॥

### १ मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।

મોહનીયનો ક્ષય થવાથી અને જ્ઞાન–દર્શનાવરણના તથા અંતરાયના ક્ષય થકી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આ ચાર કર્મપ્રકૃતિનો ક્ષય કેવળજ્ઞાનનો હેતુ છે. સૂત્રમાં 'મોહના ક્ષય થકી' એમ જુદું ગ્રહણ કર્યું છે તે ક્રમ દર્શાવવાને માટે જાણવું, તેથી એમ સૂચવાય છે કે મોહનીય કર્મ પ્રથમ સર્વથા ક્ષય પામે તે પછી અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મનો એક સાથે ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

### २ बन्धहेत्वभावनिर्जराभ्याम् ।

મિથ્યા દર્શનના કારણે થતા બંધનો અભાવ અને બાંધેલાં કર્મની નિર્જરાથી સમ્યગ્ દર્શનાદિની યાવત્ કેવલ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

### ३ कृत्स्नकर्मक्षयो मोक्षः ।

સકલ કર્મનો ક્ષય તે મોક્ષ કહેવાય છે.

### ४ औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ।

કેવળ ( ક્ષાયિક ) સમ્યકત્વ, કેવળ જ્ઞાન, કેવળ દર્શન અને સિદ્ધત્વ (આ ક્ષાયિક ભાવો સિદ્ધને નિરંતર* હોય માટે ) શિવાય બાકીના ઔપશમિકાદિ ભાવ અને ભવ્યત્વ તેનો અભાવ થવાથી મોક્ષ થાય છે.

---

*દર્શનસપ્તકના ક્ષયે કેવળ સમ્યકત્વ, જ્ઞાનાવરણના ક્ષયે કેવળજ્ઞાન, દર્શનાવરણના ક્ષયે કેવળદર્શન અને સમસ્ત કર્મના ક્ષયે સિદ્ધત્વ પ્રાપ્ત થાય છે.

## ५ तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ।

તે (સકલ કર્મના ક્ષય) પછી જીવ ઉંચે લોકાન્ત સુધી જાય છે.

કર્મનો ક્ષય થયે છતે દેહવિયોગ, સિધ્યમાન ગતિ અને લોકાન્તની પ્રાપ્તિ એ ત્રણે આ મુક્ત જીવને એક સમયે એક સાથે થાય છે. પ્રયોગ (વીર્યાંતરાયના ક્ષય અથવા ક્ષયોપશમ દ્વારા ચેષ્ટા રૂપ) પરિણામે અથવા સ્વાભાવિક ઉત્પન્ન થયેલ ગતિ ક્રિયા વિશેષનો કાર્ય દ્વારા ઉત્પત્તિ કાળ, કાર્યારંભ અને કારણનો વિનાશ જેમ એક સાથે થાય છે તેમ અહીં પણ સમજવું.

## ६ पूर्वप्रयोगादसङ्गत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च तद्गतिः ।

પૂર્વના પ્રયોગ થકી, અસંગપણા થકી, બંધ છેદ થકી અને સિદ્ધની ગતિનો સ્વભાવ તેવો હોવાથી તે મુક્ત જીવોની ગતિ (ગમન) થાય છે.

## ७ क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याल्पबहुत्वतः साध्याः ।

ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધબોધિત (પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધ બોધિત), જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પ બહુત્વ વડે કરીને સાધવા જોઇએ. એટલે એટલા અનુયોગ વડે સિદ્ધની વિચારણા કરવી.

તે આ પ્રમાણે—અહીં પૂર્વભાવ પ્રજ્ઞાપનીય—પહેલાની અવસ્થાએ પ્રરૂપણા કરવી અને પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનીય-વર્ત્તમાન અવસ્થાએ જણાવવું એમ બે નયની વિવક્ષા છે.

૧ ક્ષેત્ર—પ્રત્યુપન્ન ભાવે સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ થાય. પૂર્વભાવે

જન્મ આશ્રયી પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ સિદ્ધ થાય અને સં-હરણ આશ્રયી આખા મનુષ્ય ક્ષેત્રમાં સિદ્ધ થાય. પ્રમત્તસંયત અને દેશવિરતનું સંહરણ થાય છે. સાધ્વી, વેદરહિત, પરિહારવિશુદ્ધિ-સંયત, પુલાક, અપ્રમત્ત, ચૌદ પૂર્વી અને આહારક શરીરીનું સંહરણ થતું નથી. ઋજુસૂત્ર અને શબ્દાદિ ત્રણ નય પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીય જાણવા અને બાકીના નયો બંને ભાવને જણાવે છે.

૨ કાળ—પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીય ભાવે [૧]અકાળે સિદ્ધિ પામે. પૂર્વભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ જન્મથી ઉત્સર્પિણી—અવસર્પિણી અને નોઉત્સર્પિણી—અવસર્પિણી ( મહાવિદેહનો અવસ્થિત કાળ ), તેમાં ઉત્પન્ન થયેલ સિદ્ધ થાય. સંહરણ થકી પણ એજ કાળમાં ઉત્પન્ન થયેલ સિદ્ધ થાય. એટલું વિશેષ છે કે અવસર્પિણીમાં ત્રીજા આરાના સંખ્યાતા વર્ષ બાકી રહે છતે જન્મેલ અને ચોથા આરામાં ઉત્પન્ન થયેલા સિદ્ધ થાય. ચોથામાં જન્મેલ હોય તે પાંચમા આરામાં સિદ્ધ થાય પણ પાંચમામાં ઉત્પન્ન થયેલ સિદ્ધ ન થાય. બાકીના આરામાં સિદ્ધ ન થાય. સંહરણ આશ્રયી સર્વ કાળે સિદ્ધ થાય. ઉત્સ-ર્પિણીનું એ ( અવસર્પિણી ) થી ઉલટું જાણવું.

૩ ગતિ—પ્રત્યુપન્ન પ્રજ્ઞાપનીય ભાવે સિદ્ધિ ગતિમાં સિદ્ધ થાય. બાકીના નયો અનન્તર પશ્ચાત્કૃત ગતિવાળા અને એકાન્તર પશ્ચાત્કૃત ગતિ વાળા એમ બે ભેદથી છે. અનન્તર પશ્ચાત્કૃત ગતિવાળા મનુષ્ય ગતિમાં સિદ્ધ થાય. એકાન્તર પશ્ચાત્કૃત ગતિ-વાળા સામાન્ય થકી સર્વ ગતિમાંથી આવેલા સિદ્ધ થાય.

૪ લિંગ—પ્રત્યુપન્ન ભાવ પ્રજ્ઞાપનીયે વેદવિનાના સિદ્ધ થાય. પૂર્વ ભાવ પ્રજ્ઞાપનીયે ત્રણે લિંગ (વેદ) વાળા અને ત્રણે લિંગથી આવેલા સિદ્ધ થાય.

---

૧ સિદ્ધના જીવો રહે છે તે ક્ષેત્રમાં (સિદ્ધ શિલા ઉપર) કાળની ગ-ણતરી નથી માટે.

૫ તીર્થ—તીર્થંકરના તીર્થમાં જિન [ તીર્થંકર ] સિદ્ધ, અજિન [પ્રત્યેક બુદ્ધ, ગણધર ] સિદ્ધ અને સ્વલિંગ [ સાધુ ] સિદ્ધ થાય છે. એજ પ્રમાણે તીર્થંકરી [સ્ત્રી તીર્થંકર] ના તીર્થમાં પણ પૂર્વોક્ત ભેદવાળા સિદ્ધ થાય છે.

૬ લિંગ—પ્રત્યુપન્ન ભાવ પ્રજ્ઞાપનીયે અલિંગી સિદ્ધ થાય, પૂર્વ પ્રજ્ઞાપનીયભાવે સ્વલિંગે [ સાધુવેષે ] ભાવલિંગી સિદ્ધ થાય. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે છે.—સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થલિંગ; એ ત્રણે લિંગમાં ભજના જાણવી. તે સર્વે ભાવલિંગને પ્રાપ્ત થયેલા હોય તો સિદ્ધ થાય, અહીં લિંગ એટલે વેષ સમજવો.

૭ ચારિત્ર—પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીયભાવે નોચારિત્રીનોઅચારિત્રી સિદ્ધ થાય. પૂર્વભાવ પ્રજ્ઞાપનીય અનંતર પશ્ચાત્કૃતિક અને પરંપરપશ્ચાત્કૃતિક એમ બે ભેદે છે. અનંતર પશ્ચાત્કૃતિવાળા યથાખ્યાત ચારિત્રવાળા મોક્ષે જાય. પરંપર પશ્ચાતકૃતિવાળા વ્યંજિત ( નામોદ્ગારાએ સ્પષ્ટ કરેલ ) અને અવ્યંજિત—પૂર્વોક્તથી વિપરીત અર્થાત્ સામાન્ય સંખ્યાથી જણાવેલ એમ બે ભેદવાળા છે. અવ્યંજિતમાં ત્રણ ચારિત્રવાળા, ચાર ચારિત્રવાળા, પાંચ ચારિત્રવાળા સિદ્ધ થાય. વ્યંજિતમાં સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્રવાળાસિદ્ધ થાય; છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય; સામાયિક, છે૦ દોપસ્થાપ્ય, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય; છેદોપસ્થાપ્ય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય; સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય.

૮—પ્રત્યેક બુદ્ધબોધિત સિદ્ધ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—સ્વયંબુદ્ધ સિદ્ધ તેના બે ભેદ તીર્થંકર, અને પ્રત્યેકબુદ્ધ. બીજાના ઊપદેશથી બોધ પામેલા હોય તે બુદ્ધબોધિત સિદ્ધ તે બે પ્રકારે છે—

એક પરને બોધ કરનારા અને બીજા પોતાનું ઈચ્છિત કરવાવાળા.

૯ જ્ઞાન—પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીય ભાવે કેવળજ્ઞાનવાળા સિદ્ધ થાય. પૂર્વભાવ પ્રજ્ઞાપનીય ભાવ અનંતર પશ્ચાત્ કૃતિક અને પરંપર પશ્ચાત્ કૃતિક એમ બે ભેદવાળો છે. તે વળી અવ્યંજિત અને વ્યંજિત ભેદવાળો છે. અવ્યંજિતમાં બે, ત્રણ, ચાર જ્ઞાન વડે સિદ્ધ થાય. વ્યંજિતમાં પણ મતિશ્રુત વગેરે બે, ત્રણ, ચાર જ્ઞાનવડે સિદ્ધ થાય.

૧૦ અવગાહના—પૂર્વપ્રજ્ઞાપનીય ભાવે ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યથી ધનુષ્ય પૃથકત્વ અધિક અવગાહનાવાળા સિદ્ધ થાય. જઘન્યથી અંગુલ પૃથકત્વ હીન સાત હાથની અવગાહનાવાળા સિદ્ધ થાય [ તીર્થંકર મહારાજની અપેક્ષાએ આ કહેલું છે અન્યથા સામાન્ય તો બે હાથની અવગાહનાવાળા પણ સિદ્ધ થાય ]. પ્રત્યુત્પન્ન પ્રજ્ઞાપનીય ભાવે પોતાની અવગાહનાથી ત્રીજે ભાગે ન્યૂન અવગાહનાએ સિદ્ધ થાય. એટલે સિદ્ધ થાય ત્યાં પોતાના છેલ્લા શરીરનો ત્રીજો ભાગ ન્યૂન એટલી અવગાહના રહે.

૧૧ અંતર—અનંતર દશામાં સિદ્ધ થનાર સિદ્ધો જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિદ્ધિ જાય અને સાંતર દશામાં સિદ્ધ થતા સિદ્ધનું જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ છ માસનું અંતર જાણવું.

૧૨ સંખ્યા—એક સમયમાં જઘન્યથી એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય.

# ઉપસંહાર.

એ પ્રકારે નિસર્ગ ( સ્વાભાવિક ] અગર અધિગમ [ ગુરૂ ઉપદેશ ] થી ઉત્પન્ન થયેલ, તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ, શંકાદિ અતિચાર રહિત, પ્રશમ [ સમતા]-સંવેગ [મોક્ષ સુખની અભિલાષા]-નિર્વેદ [ સંસારથી ઉદ્વેગ ]-અનુકંપા [ દયા ] અને આસ્તિકતા [ વીતરાગ ભાષિત વચનમાં દ્રઢ શ્રદ્ધાન ] ના પ્રગટ થવા રૂપ અને વિશુદ્ધ એવું સમ્યગ્ દર્શન પામીને અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થકી વિશુદ્ધ જ્ઞાન મેળવીને નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ, સત્સંખ્યા વગેરે ઉપાયોવડે જીવાદિ તત્ત્વોના અને પારિણામિક, ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોના યથાર્થ તત્ત્વને જાણીને પારિણામિક અને ઔદયિક ભાવની ઉત્પત્તિ, સ્થિતિ, અન્યતાનુગ્રહ [ રૂપાંતર પરિણામ ] અને નાશના તત્ત્વને જાણનાર, વિરક્ત, નિઃસ્પૃહ, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, પાંચ સમિતિએ સમિત ( યુક્ત ], દશવિધ યતિધર્મના અનુષ્ઠાન થકી અને તેનું ફળ દેખવાથી મોક્ષ પ્રાપ્તિના પ્રવર્તનવડે અત્યંત વૃદ્ધિ પામેલ શ્રદ્ધા અને સંવેગવાળો; ભાવના [ મૈત્રી વિગેરે ચાર ] વડે ભાવિતાત્મા, દ્વાદશ અનુપ્રેક્ષાઓવડે સ્થિર કર્યો છે આત્મા જેણે એવો; અનાસક્ત; સંવર કરવાથી અર્થાત્ નિરાશ્રવપણું હોવાથી અને વિરક્ત અર્થાત્ નિઃસ્પૃહ હોવાથી નવીન કર્મ સંચયથી રહિત; પરિષહના જય થકી અને બાહ્ય અભ્યન્તર તપના અનુષ્ઠાન અને અનુભાવ થકી સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિથી માંડી જિન પર્યંતના પરિણામ-અધ્યવસાય અને વિશુદ્ધિરૂપ સ્થાનાન્તરોની ઉત્તરોત્તર અસંખ્યગુણ ઉત્કર્ષતાની પ્રાપ્તિવડે પૂર્વોપાર્જિત કર્મને નિર્જરતો, સામાયિકથી માંડી સૂક્ષ્મસંપરાય પર્યંતના સંયમ સંબંધિ વિશુદ્ધિ

સ્થાનોની ઉત્તરોત્તર પ્રાપ્તિ થકી, પુલાક વગેરે નિર્ગ્રંથોના સંયમ પાળવાના વિશુદ્ધિ સ્થાન વિશેષોની ઉત્તરોત્તર પ્રાપ્તિવડે યુક્ત, અત્યંત ક્ષય કર્યા છે આર્ત્ત અને રૌદ્ર ધ્યાન જેણે એવો; ધર્મ ધ્યાનની દૃઢતાથી પ્રાપ્ત કર્યું છે સમાધિબળ જેણે એવો, પૃથકત્વ વિતર્ક અને એકત્વ વિતર્કમાંના એક શુકલ ધ્યાનમાં વર્તતો જીવ અનેક પ્રકારની ઋદ્ધિઓને પ્રાપ્ત કરે છે. તે આ પ્રમાણે–આમર્શ ઓષધી [ સ્પર્શ માત્ર ઓષધીરૂપ–હાથના સ્પર્શ માત્રે પોતાના તેમજ પારકા રોગને નાશ કરે તેવી શક્તિ ], વિપ્રુડ્ ઓષધિ [વડી નીતિ, લઘુ નીતિના અવયવે વ્યાધિ નાશ કરે તેવી શક્તિ ], સર્વ ઓષધિ ( દંત, નખ, કેશ, રોમ ઇત્યાદિ અવયવો જેના ઓષધિ રૂપ હોય, તેનું સ્પર્શ કરેલ પાણી અનેક રોગને હણે, તેને સ્પર્શ કરેલ પવન બીજાના વિષાદિ હરે તેવી શક્તિ ], શ્રાપ અને આશીર્વાદના સામર્થ્યને ઉત્પન્ન કરે તેવી વચન સિદ્ધિ, ઈશિત્વ [ સ્થાવર પણ આજ્ઞા માને એવી શક્તિ, તીર્થંકર ચક્રવર્તિ વગેરેની ઋદ્ધિને વિસ્તારી શકે એવી પ્રભુતા ], વશિત્વ [ જીવ અજીવ સર્વ પદાર્થ વશ થાય એવી શક્તિ ], અવધિજ્ઞાન, વૈક્રિયપણું, અણિમા, લઘિમા, મહિમા, અણુત્વ, ઇત્યાદિ. કમલની નાળ [ સૂત્ર ] ના છિદ્રમાં પણ પ્રવેશ કરવાની શક્તિ તે અણિમા. હલકાપણું તે લઘિમા, જેમકે વાયુ કરતાં પણ હલકા થઇ શકાય. મહોટાપણું તે મહિમા, જેમકે મેરૂ થકી પણ મહોટું શરીર કરી શકાય. ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગવડે મેરૂ પર્વતની ટોચ અને સૂર્યાદિકને સ્પર્શે તે પ્રાપ્તિ. પાણીમાં પૃથ્વીની જેમ પગે ચાલે અને પૃથ્વી ઉપર પાણીની પેઠે ડુબી જાય ને બહાર નિકળે એવી શક્તિ તે પ્રાકામ્ય. જેવડે અગ્નિની જયોત, ધૂમ્ર, ઝાકળ, વરસાદ, પાણીની ધારા, કરોળીયાની જાળ, જયોતિષ્કવિમાનોના કિરણ અને વાયુ એમાંના કોઇ પણ એકને ગ્રહણ કરીને આકાશમાં ચાલે

તેવી શક્તિ તે જંઘાચારણ. જેનાથી આકાશને વિષે ભૂમિની જેમ ચાલે, પક્ષીની પેઠે ઉંચે ઉડવું, નીચે ઉડવું વગેરે કરે તેવી શક્તિ તે આકાશ ગતિ ચારણ. આકાશ [ ખાલી જગ્યા ]ની પેઠે પર્વત મધ્યેથી પણ ચાલી શકે તેવી શક્તિ તે અપ્રતિઘાતિ. અદૃશ્ય થવું તે અંતર્ધાન શક્તિ. જુદા જુદા પ્રકારના અનેક રૂપોને એક સાથે કરી શકે તથા વિશેષ તેજ ઉત્પન્ન કરી શકે તેવી શક્તિ તે કામરૂપી અર્થાત્ મરજી માફક રૂપ ધારણ કરી શકાય તે. ઈત્યાદિ ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી ઇન્દ્રિયોને વિષે મતિજ્ઞાનની વિશુદ્ધિ વધારે હોવાથી સ્પર્શન, આસ્વાદન, સુંઘવું, જોવું, સાંભળવું એ વિષયોનો દૂર થકી પણ અનુભવ કરે છે. એક સાથે અનેક વિષયનું શ્રવણ જ્ઞાન થાય તેવી શક્તિ તે સંભિન્ન જ્ઞાન, એ વગેરે. કોષ્ઠબુદ્ધિ; [ જેમ કોઠામાં અનાજ વગેરે ભંડારેલું રહે તેની પેઠે ભણેલ સૂત્ર વગેરે વિસ્મરણ થયા વિના યાદ રહે ]; બીજબુદ્ધિ [ એક અર્થ રૂપ બીજને સાંભળવે કરી ઘણા અર્થને નીપજાવી કાઢે, જેમ એક અનાજનું બીજ વાવવાથી ઘણું નીપજે, તેમ ]; પદ, પ્રકરણ, ઉદ્દેશ, અધ્યાય, પ્રાભૃત, વસ્તુ, પૂર્વ અને અંગ એનું અનુસારીપણું અર્થાત્ પદાદિ થોડા જાણ્યાં સાંભળ્યાં હોય તોપણ સંપૂર્ણ મેળવી શકે; ઋજુમતિ, વિપુલમતિ, પરચિત્ત ( અભિપ્રાય ) જ્ઞાન, ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુની અપ્રાપ્તિ વગેરે મન સંબંધિ ઋદ્ધિઓ જાણવી. ક્ષીરાશ્રવ ( દુધના પ્રવાહના ઝરવા તુલ્ય વચનની મિષ્ટતા ), મધ્વાશ્રવ ( મધુના પ્રવાહ જેવા વચનની મિષ્ટતા ), વાદિપણું ( વાદ વિવાદમાં કુશળતા ), સર્વ રૂતજ્ઞ ( સર્વ પશુ પક્ષી આદિના શબ્દને જાણે ) અને સર્વ સત્ત્વાવબોધન ( સર્વ પ્રાણીને બોધ કરી શકે તેવી શક્તિ ) વગેરે વચન સંબંધિ ઋદ્ધિ જાણવી. તથા વિદ્યાધરપણું, આશીવિષપણું (દાઢાની અંદર ઝેર ઉત્પન્ન થાય, શાપે કરી બીજાને મારી શકે તે ) અને ભિન્ના-

ક્ષર ( ન્યૂન ) ચૌદ પૂર્વધરપણું અને સંપૂર્ણ (અભિન્નાક્ષરં) પૂર્વધરપણું વગેરે પણ ઋદ્ધિઓ જાણવી.

તે વાર પછી નિઃસ્પૃહ હોવાથી તે ઋદ્ધિઓમાં આસક્તિ રહિત અને મોહનીય કર્મના ક્ષપક પરિણામમાં સ્થિત રહેલા એવા તે જીવનું અઠ્ઠાવીશ પ્રકારવાળું મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે. તે વાર પછી છદ્મસ્થ વીતરાગપણું પ્રાપ્ત થયેલા તે જીવના અંતર્મુહૂર્તવડે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મ સમકાળે સર્વથા નાશ પામે છે. તે પછી સંસારના બીજ ( ઉત્પત્તિ ) રૂપી બંધનથી સર્વથા મુક્ત, ફળરૂપ બંધનથી મોક્ષની અભિલાષાવાળા, યથાખ્યાત ચારિત્રવાળા, જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધ, બુદ્ધ, કૃતકૃત્ય, સ્નાતક થાય છે. તે વાર પછી વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મના ક્ષય થકી ફલબંધનથી રહિત, પૂર્વે ગ્રહણ કરેલ ઈંધનને બાળી નાંખ્યા છે જેણે અને ( નવા ) ઇંધનરૂપ ઉપાદાન કારણ રહિત એવા અગ્નિની પેઠે પૂર્વે ઉપાર્જન કરેલ ભવનો નાશ થવાથી અને હેતુના અભાવથી હવે પછી ( નવા ) જન્મોની ઉત્પત્તિ નહિ હોવાથી શાંત, સંસાર સુખથી વિલક્ષણ, આત્યંતિક ( અનંત ), એકાંતિક, ઉપમારહિત, નિરતિશય ( શ્રેષ્ઠ ), નિત્ય એવા નિર્વાણ ( મોક્ષ ) સુખને પામે છે.

---

एवं तत्त्वपरिज्ञाना–द्विरक्तस्यात्मनो भृशम् ;
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ. ॥ १ ॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ;
संसारबीजं कार्त्स्न्येन, मोहनीयं प्रहीयते. ॥ २ ॥
ततोऽन्तरायज्ञानघ्न–दर्शनघ्नान्यनन्तरम् ;
प्रहीयन्तेऽस्य युगपद्, त्रीणि कर्माण्यशेषतः ॥ ३ ॥

गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति;
तथा कर्मक्षयं याति, मोहनीये क्षयं गते. ॥ ४ ॥

ततः क्षीणचतुष्कर्मा, प्राप्तोऽथाख्यातसंयमम् ;
बीजबन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः. ॥ ५ ॥

शेषकर्मफलापेक्षः, शुद्धो बुद्धो निरामयः;
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली. ॥ ६ ॥

कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति;
यथा दग्धेन्धनो वह्नि,-र्निरुपादानसन्ततिः. ॥ ७ ॥

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः,
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः. ॥ ८ ॥

तदनन्तरमेवोर्ध्व-मालोकान्तात् स गच्छति;
पूर्वप्रयोगासङ्गत्व-बन्धच्छेदोर्ध्वगौरवैः. ॥ ९ ॥

कुलालचक्रे दोलाया-मिषौ चापि यथेष्यते;
पूर्वप्रयोगात्कर्मेह, तथा सिद्धिगतिः स्मृता. ॥१०॥

मृल्लेपसङ्गनिर्मोक्षा-द्यथा दृष्टाप्स्वलाबुनः
कर्मसङ्गविनिर्मोक्षा-त्तथा सिद्धिगतिः स्मृताः. ॥११॥

એ પ્રકારના તત્ત્વોને સારી રીતે જાણવા થકી સર્વથા વિરક્ત થયેલ અને પૂર્વોપાર્જિત કર્મને શાસ્ત્રોક્ત ક્ષય કરવાના હેતુઓવડે ખપાવનાર આત્મા ( જીવ )નું, નિરાશ્રવપણું હોવાથી નવીન કર્મ સંતતિ ( પરંપરા ) છેદ થયે છતે સંસારના બીજરૂપ મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે. ૧-૨.

તે વાર પછી તરતજ તે જીવના અંતરાય, જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એ ત્રણે કર્મો એક સાથે સર્વથા નાશ પામે છે. ૩.

જેવી રીતે ગર્ભસૂચિ ( વચ્ચેનો અંકુરો–તંતુ ) નાશ થયે છતે તાડવૃક્ષ નાશ પામે છે તેવી રીતે મોહનીય કર્મ ક્ષય થયે છતે બીજા કર્મ ક્ષય પામે છે. ૪.

તે વાર પછી ખપાવ્યાં છે ચાર કર્મ જેણે એવો અને પ્રાપ્ત કર્યું છે યથાખ્યાત ચારિત્ર જેણે એવો આત્મા બીજ બંધનથી રહિત, સ્નાતક, પરમેશ્વર થાય છે. ૫.

બાકીના કર્મ હોવાથી મોક્ષ ફળની અપેક્ષાવાળો શુદ્ધ, બુદ્ધ, નિરામય ( રોગ રહિત ), સર્વજ્ઞ, સર્વદર્શી, જિન એવો કેવળી થાય છે. ૬.

સમસ્ત કર્મના ક્ષય થવા પછી તે નિર્વાણને પામે છે. જેમ બાળ્યાં છે પૂર્વના ઇંધન જેણે અને નવીન ઇંધનરૂપ ઉપાદાન સંતતિ રહિત એવો અગ્નિ શુદ્ધ દેદીપ્યમાન રહે છે તેમ જીવ શુદ્ધતાને પામે છે. ૭.

જેમ બીજ બળી ગયે છતે અંકુરો બિલકુલ ઉત્પન્ન થતો નથી તેમ સંસાર બીજ બળી ગયે છતે ભવરૂપ અંકુર પેદા થતો નથી. ૮.

તે વાર પછી તરતજ પૂર્વ પ્રયોગ, અસંગત્વ, બંધ છેદ અને ઉર્ધ્વ ગૌરવ વડે કરીને તે લોકાંત સુધી જાય છે. ૯.

કુંભારનો ચાક, હિંડોલા અને બાણને વિષે જેમ પૂર્વ પ્રયોગથી ભ્રમણ, ગમનાદિ ક્રિયા થાય છે તેવી રીતે અહિં પૂર્વ પ્રયોગથી સિદ્ધની ગતિરૂપ ક્રિયા કહેલ છે–થાય છે. ૧૦.

જેવી રીતે માટીના લેપ રૂપ સંગથી સર્વથા મુક્ત થવાથી તુંબડાની પાણીમાં ઉર્ધ્વગતિ દેખાય છે તેવીજ રીતે કર્મરૂપ સંગથી સર્વથા નિર્મુક્ત થવાથી સિદ્ધની ઉર્ધ્વ ગતિ કહેલી છે. ૧૧.

एरण्डयन्त्रपेडासु, बन्धच्छेदाद्यथा गतिः;
कर्मबन्धनविच्छेदा–त्सिद्धस्यापि तथेष्यते. ॥१२॥
ऊर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः;
अधोगौरवधर्माणः, पुद्गला इति चोदितम्. ॥१३॥
यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्टवाय्वग्निवीतयः;
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम्. ॥१४॥
अतस्तु गतिवैकृत्य–मेषां यदुपलभ्यते;
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते. ॥१५॥
अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः;
ऊर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीणकर्मणाम्. ॥१६॥
द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्यारम्भवीतयः;
समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ॥१७॥
उत्पत्तिश्च विनाशश्च, प्रकाशतमसोरिह,
युगपद्भवतो यद्वत्, तथा निर्वाणकर्मणोः ॥१८॥
तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमभास्वरा;
प्राग्भारानामवसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता. ॥१९॥
नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा;
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ॥२०॥
तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञानदर्शनैः;
सम्यक्त्वसिद्धतावस्था–हेत्वभावाच्च निष्क्रियाः. ॥२१॥

तत्तोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ;
धर्मास्तिकायस्याभावात्स हि हेतुर्गतेः परः. ॥२२॥

એરંડના ગુચ્છાના બંધના છેદન થકી જેમ એરંડ બીજની ગતિ થાય છે તેવી રીતે કર્મરૂપ બંધના છેદન થકી સિદ્ધની પણ ઉર્ધ્વગતિ ગણાય છે. ૧૨.

ઉર્ધ્વ ગમનના ગૌરવ ધર્મવાળા જીવો છે અને અધોગમનના ગૌરવ ધર્મવાળા પુદ્‌ગલો છે, એમ જિન–કેવલી માંહે ઉત્તમ એવા તીર્થંકરોએ કહેલું છે. ૧૩.

જેવી રીતે પાષાણ, વાયુ અને અગ્નિની ગતિઓ સ્વભાવેજ અનુક્રમે અધો, તિર્ચ્છી અને ઉર્ધ્વ પ્રવર્તે છે તેવી રીતે આત્માની ગતિ પણ સ્વભાવે ઉર્ધ્વ થાય છે. ૧૪.

ઉપર કહેલ કરતાં જુદી રીતે એ જીવ પુદ્‌ગલાદિની ગતિ જે થાય છે તે કર્મથી, પ્રતિઘાતથી અને પ્રયોગથી થાય છે. ૧૫.

જીવોની કર્મવડે અધો, તિર્યક્ અને ઉર્ધ્વગતિ થાય છે પરંતુ ક્ષીણ થયાં છે કર્મ જેનાં એવા જીવોની તો ઉર્ધ્વગતિજ થાય છે. કેમકે જીવ સ્વભાવે ઉર્ધ્વગતિ ધર્મવાળો છે. ૧૬.

જેવી રીતે દ્રવ્યમાં ક્રિયાની ઉત્પત્તિ, આરંભ અને નાશ એક સાથે થાય છે તેવીજ રીતે સિદ્ધની ગતિ, મોક્ષ અને ભવનો ક્ષય સાથે થાય છે. ૧૭.

અહીં જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ સાથે થાય છે તેવી રીતે નિર્વાણ ( મોક્ષ )ની ઉત્પત્તિ અને કર્મનો નાશ સાથે થાય છે ૧૮.

સૂક્ષ્મ, મનોહર, સુગંધી, પવિત્ર અને પરમ પ્રકાશમય પ્રાગ્ભારા નામની પૃથ્વી લોકક્ષેત્રના માથે રહેલ છે. ૧૯.

તે મનુષ્યલોક તુલ્ય (૪૫ લાખ યોજન) વિસ્તારવાળી, શ્વેત છત્ર તુલ્ય વર્ણ વાળી શુભ છે. તે પ્રાગ્ભારા પૃથ્વી ઉપર ઉંચે (એક યોજન પ્રદેશમાં છેવટના યોજનના ૨૪ મા ભાગમાં) લોકના અંતે સિદ્ધો રૂડે પ્રકારે રહેલા છે. ૨૦.

તેઓ તાદાત્મ્ય સંબંધથી કેવળજ્ઞાન અને કેવળ દર્શને કરી સહિત (કેવળજ્ઞાન દર્શનના ઉપયોગવાળા) છે. સમ્યકત્વ સિદ્ધતા અવસ્થા સહિત છે અને હેતુના અભાવે નિષ્ક્રિય છે. ૨૧.

જો કદાચ એવી બુદ્ધિ (શંકા) થાય કે તેઓની તેનાથી પણ ઉંચે ગતિ શા માટે ન થાય? તો એ આશંકાનો ઉત્તર કહે છે. ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી (સિદ્ધોની) ઉંચે ગતિ ન થાય કેમકે ધર્માસ્તિકાય (જ) ગતિનો પરમ હેતુ છે. ૨૨.

संसारविषयातीतं, मुक्तानामव्ययं सुखम्;
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः; ॥२३॥

स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाष्टकर्मणः;
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु. ॥२४॥

लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते;
विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च. ॥२५॥

सुखो वह्निः सुखो वायु-र्विषयेष्विह कथ्यते;
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते. ॥२६॥

पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम्;
कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम्. ॥२७॥

सुखप्रसुप्तवत्केचि-दिच्छन्ति परिनिर्वृतिम्;
तदयुक्तं क्रियावत्त्वा-त्सुखानुशयतस्तथा ॥२८॥

श्रमक्लमसदव्याधि-मदनेभ्यश्च सम्भवात्;
मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः. ॥२९॥

लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते;
उपमीयेत तद्येन, तस्मान्निरुपमं सुखम् ॥३०॥

लिङ्गप्रसिद्धेः प्रामाण्या-दनुमानोपमानयोः ;
अत्यन्तं चाप्रसिद्धम्, तद्यत्तेनानुपम् स्मृतम्. ॥३१॥

प्रत्यक्षं तद्भगवता-मर्हतां तैश्च भाषितम्.
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै-र्न च्छद्मस्थ-परीक्षया. ॥३२॥

સંસારના વિષય થકી વિલક્ષણ, અવ્યય ( નાશ ન થાય તેવું ) અને અવ્યાબાધ ( પીડા રહિત ) એવું ઉત્કૃષ્ટ સુખ મુક્ત જીવોને પરમ ઋષિઓએ કહેલું છે. ૨૩.

નાશ કર્યા છે અષ્ટ કર્મ જેણે એવા અશરીરી મુક્ત જીવોને એ સુખ કેવી રીતે થાય? એ પ્રકારે શંકા થયે છતે મારો ઉત્તર અહિં સાંભળો. ૨૪.

અહીં લોકમાં ચાર પ્રકારના પદાર્થમાં સુખ શબ્દ જોડેલ છે અર્થાત્ ચાર પ્રકારે સુખ ગણ્યું છે. વિષયમાં, વેદના ( પીડા ) ના અભાવમાં, પરિણામમાં અને મોક્ષમાં. ૨૫.

ઉદાહરણ આપે છે—અગ્નિ સુખ, વાયુ સુખ, વિષયમાં સુખ એમ અહીં કહેવાય છે તેમજ દુઃખના અભાવે પણ 'હું સુખી છું' એમ મનુષ્ય માને છે ૨૬.

અને પુણ્યકર્મના વિપાકથકી ઇચ્છિત ઇંદ્રિયના વિષયથી ઉત્પન્ન થયેલ સુખ કહેવાય છે. અને કર્મ તથા કષાયના સર્વથા મોક્ષ ( છૂટકારા ) થકી મોક્ષમાં સર્વોત્તમ સુખ ગણેલું-રહેલું છે. ૨૭.

એ મોક્ષ સુખને કેટલાએક સુખપૂર્વક નિદ્રા લેનાર જેમ ઉત્તમ શાંતિ ઇચ્છે છે તે રૂપ માને છે, તે પ્રકારનું સુખ માનવું અયુક્ત છે કેમકે ( તેમ માનવાથી ) ત્યાં ક્રિયાપણું થાય તેમજ સુખનું ઓછાવત્તાપણું થાય. ૨૮.

વળી શ્રમ, ( ખેદ ), ગ્લાનિ, મદ ( મદ્યપાનાદિ જનિત ), વ્યાધિ અને મૈથુન થકી તથા મોહના ઉત્પત્તિ[૧]સ્થાનથી અને દર્શનાવરણ કર્મના વિપાકથી તે( નિદ્રા)ની ઉત્પત્તિ છે. તેથી મોક્ષ સુખને નિદ્રા માનવી તે અયુક્ત છે કેમકે તે મુક્ત જીવો શ્રમાદિથી રહિત છે. ૨૯.

આખા લોકમાં તેના સદૃશ બીજો કોઈ પણ પદાર્થજ નથી કે જેની સાથ તેની ઉપમા દેવાય, તે માટે તે સુખ નિરૂપમ (ઉપમા રહિત ) છે. ૩૦.

અનુમાન અને ઉપમાનનું પ્રમાણ, હેતુની પ્રસિદ્ધિથી થાય છે, તે આ બાબતમાં અત્યંત અપ્રસિદ્ધ છે, તે કારણ માટે તે અનુપમ સુખ કહેવાય છે. ૩૧

તે ( મોક્ષસુખ ) અરિહંત ભગવંતોને પ્રત્યક્ષ છે તેથી તેઓએ ભાષિત તે સુખ પંડિતોવડે ( આગમ પ્રમાણથી ) ગ્રહણ કરવા યોગ્ય છે, ( આગમ વિના ) છદ્મસ્થની પરીક્ષાવડે ગ્રહણ થાય તેવું નથી. ૩૨

---

૧ રતિ, અરતિ, ભય અને શોક વગેરે.

વળી એ દર્શન, જ્ઞાન અને ચારિત્રે કરી સહિત સાધુ મોક્ષને માટે યત્ન કરે છે પણ કાળ, સંઘયણ અને આયુના દોષ થકી અલ્પશક્તિવાળો હોવાથી અને કર્મનું અત્યંત ભારીપણું હોવાથી મોક્ષપ્રાપ્તિને માટે અકૃતાર્થ થયો છતો ઉપશમભાવને પામે છે, તે સૌધર્મથી માંડીને સર્વાર્થસિદ્ધ પર્યંત કલ્પના વિમાનો માંહેના કોઈપણ એકને વિષે દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં પુણ્યકર્મના ફળને ભોગવીને આયુષ્યનો ક્ષય થવાથી ચ્યવીને દેશ, જાતિ, કુળ, શીળ, વિદ્યા, વિનય, વિભવ, સુખ અને વિસ્તારવાળી વિભૂતિએ યુક્ત મનુષ્યભવને વિષે જન્મ પામીને ફરીથી સમ્યગ્ દર્શનાદિવડે વિશુદ્ધ જ્ઞાન પામે છે. આ સુખપરંપરાવડે પુણ્યાનુબંધિ પુણ્યના અનુબંધના ક્રમે કરીને ત્રણ વાર જન્મ લઈ ( ત્રણ ભવ કરી ) ને પછી મોક્ષ પામે છે.

## ॥ प्रशस्तिः ॥

वाचकमुख्यस्य शिवश्रियः, प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दिक्षमण–स्यैकादशाङ्गविदः ॥ १ ॥

वाचनया च महावाचक–क्षमणमुण्डपादशिष्यस्य ।
शिष्येण वाचकाचार्य–मूलनाम्नः प्रथितकीर्तेः ॥ २ ॥

न्यग्रोधिकाप्रसूतेन, विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ॥ ३ ॥

अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्त्तं च दुरागमविहतमतिं लोकमवलोक्य ॥ ४ ॥

इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥ ५ ॥

यस्तत्त्वाधिगमाख्यं, ज्ञास्यति करिष्यते च तत्रोक्तम् ।
सोऽव्याबाधसुखाख्यं, प्राप्स्यत्यचिरेण परमार्थम् ॥ ६ ॥

જગતપ્રકાશક યશયુક્ત શિવશ્રી નામના વાચકમૂખ્યના પ્રશિષ્ય અને અગ્યાર અંગના જાણ શ્રી ઘોષનંદિમુનિના શિષ્યે. ૧

તથા વાચના લેવાવડે કરીને ( ભણાવનારની અપેક્ષાએ ) મુનિમાંહે પવિત્ર મહાવાચકક્ષમણ મુંડપાદના શિષ્ય, પ્રસિદ્ધ છે કીર્તિ જેની અને વાચકાચાર્ય મૂળ છે નામ જેનું તેના શિષ્યે, અર્થાત્ મુંડપાદના શિષ્યના શિષ્યે. ૨

સ્વાતિ નામના પિતા અને વાત્સી છે ગોત્ર જેનું એવી ઉમા નામની માતાના પુત્ર, કોભીષણી ગોત્રવાળા, ન્યગ્રોધિકા ગામમાં ઉત્પન્ન થયેલા અને કુસુમપુર ( પાટલીપુત્ર ) નામના શ્રેષ્ઠ નગરને વિષે વિચરતા, રૂડે પ્રકારે ગુરૂ પરંપરાએ આવેલ અમૂલ્ય અર્હત્પ્રવચનને રૂડે પ્રકારે ધારણ કરીને દુઃખી અને દુરાગમ ( એહિક સુખોપદેશવાળા વચનો )થી નષ્ટબુદ્ધિવાળા લોકોને દેખીને. ૩-૪

જીવોની અનુકંપાવડે કરીને ઉચ્ચ નાગરશાખાના વાચક ઉમાસ્વાતિજીએ આ તત્ત્વાર્થાધિગમ નામનું શાસ્ત્ર સ્પષ્ટ રીતે રચ્યું. ૫

જે તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રને જાણશે અને તેમાં કહ્યા મુજબ કરશે, તે અવ્યાબાધ સુખ ( મોક્ષ ) નામના પરમાર્થને થોડા વખતમાં પામશે. ૬



લક્ષ્મી પ્રેસ બાઇન્ડર—યશવંતરાવ દોલતરાવ. અમદાવાદ.